Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

FRIDAY, 01 DECEMBER, 2023 Vol. 20, No. 46 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# 5 રાજ્યોમાં ચૂંટણી જંગ : 3જી ડિસેમ્બરે પરિણામ

## રાજસ્થાનમાં 74.13 ટકા, મિઝોરમમાં 80.86, મધ્યપ્રદેશમાં 76, છત્તીસગઢમાં 75 ટકા અને તેલંગણામાં 65 ટકા મતદાન નોંધાયું

### એક્ઝિટ પોલ : વિધાનસભા ચૂંટણી-2023

| રાજસ્થાન | | મધ્યપ્રદેશ | | તેલંગણા | | છત્તીસગઢ | | મિઝોરમ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| બેઠકો | 200 | બેઠકો | 230 | બેઠક | 119 | બેઠકો | 90 | બેઠક | 40 |
| ભાજપ | 104 | ભાજપ | 124 | કોંગ્રેસ | 62 | કોંગ્રેસ | 49 | ZPM | 17 |
| કોંગ્રેસ | 85 | કોંગ્રેસ | 102 | BRS | 44 | ભાજપ | 38 | MNF | 14 |
| અપક્ષ | 10 | અપક્ષ | 04 | ભાજપ | 07 | અપક્ષ | 03 | કોંગ્રેસ | 07 |

નોંધ : વિવિધ મીડિયા હાઉસ અને એજન્સી દ્વારા હાથ ધરાયેલા મતદાન બાદના સરેરાશ અંદાજિત આંકડાઓ

**જયપુર**

ભારતના 5 રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, તેલંગણા, છત્તીસગઢ અને મિઝોરમમાં વિધાનસભા માટે છેલ્લા અઠવાડિયામાં મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. રાજસ્થાનમાં સૌથી વધુ મતદાન જૈસલમેર, હનુમાનગઢ અને ધોલપુર જિલ્લામાં થયું હતું. આ દરમિયાન હિંસાની સામાન્ય ઘટનાઓ પણ સામે આવી હતી. રાજસ્થાનમાં કુલ ૨૦૦ બેઠકો છે, જોકે કોંગ્રેસના એક ઉમેદવારના નિધનને પગલે એક બેઠક શ્રીગંગાનગર પર મતદાન મુલતવી રખાયું હતું અને ૧૯૯ બેઠકો માટે સરેરાશ 74.13 ટકા મતદાન થયું હતું. મતદાન સમયે ઉદયપુર અને પાલીમાં ભાજપના ઉમેદવારના પોલિંગ એજન્ટ શાંતિલાલ અને ૬૨ વર્ષીય મતદાર સત્યેંદ્ર અરોરાનું હાર્ટ એટેકને કારણે મોત નિપજ્યું હતું. ડીગ જિલ્લાના કમણના એક ગામમાં પથ્થરમારો થયો હતો. આ દરમિયાન બે પોલીસ જવાનો ઘાયલ થઈ ગયા હતા. ટોળાને વિખેરવા માટે પોલીસે હવામાં ૧૨ રાઉન્ડ ફાયર કર્યા હતા. સિકરના ફતેહપુરમાં બે જુથ વચ્ચે હિંસા થઈ હતી, દરમિયાન જવાન ઘાયલ થઈ ગયો હતો. જ્યારે ધોલપુરમાં હિંસામાં બે વાહનોને નુકસાન થયું હતું. જે બાદ ૩૦મીએ તેલંગણામાં 65 ટકા મતદાન થયુ હતું. આ પહેલાં મિઝોરમમાં 80 ટકા, મધ્યપ્રદેશમાં 76 ટકા અને છત્તીસગઢમાં 75 ટકા મતદાન નોંધાયું હતું. મતદાન પૂર્ણ થયા બાદ ગુરુવારે સર્વે એજન્સીઓ દ્વારા જાહેર કરાયેલા એક્ઝિટ પોલમાં મોટાભાગની સર્વે એજન્સીઓએ મધ્યપ્રદેશમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ટક્કરનાર સંકેત આપ્યા છે. મોટાભાગના એક્ઝિટ પોલમાં છત્તીસગઢ અને તેલંગણમાં કોંગ્રેસની સરકાર બનવાની આગાહી કરવામાં આવી છે. 230 સભ્યોની મધ્યપ્રદેશ વિધાનસભામાં ભાજપ સત્તામાં છે, જ્યારે કોંગ્રેસ રાજસ્થાન (22) અને છત્તીસગઢ (90)માં શાસન કરી રહી છે. તેલંગાણામાં કે ચંદ્રશેખર રાવની આગેવાની હેઠળની ભારત રાષ્ટ્ર સમિતિ (બીઆરએસ) 10 વર્ષની સત્તામાં અને મિઝોરમમાં MNF સરકારમાં છે.

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

# ભારતમાં US એમ્બેસીએ રેકોર્ડ તોડયો વર્ષમાં 1.40 લાખ સ્ટુડન્ટ વિઝા આપ્યા

## વ્યાપાર-પર્યટન માટે લગભગ 80 લાખ વિઝિટર વિઝા ઇશ્યૂ કર્યા

**વોશિંગ્ટન**

ભારતમાં અમેરિકન દૂતાવાસ અને તેના વાણિજ્ય દૂતાવાસે ઓક્ટોબર 2022 અને સપ્ટેમ્બર 2023 વચ્ચે 1.40 લાખથી વધારે સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કર્યા છે. અમેરિકન વિદેશ વિભાગે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે આ એક રેકોર્ડ હતો. તેણે જણાવ્યું હતું કે આ સમય દરમિયાન સ્ટેટ ડિપાર્ટમેન્ટ દ્વારા વૈશ્વિક સ્તર પર એક કરોડથી વધારે બિન-અપ્રવાસી વિઝા ઈશ્યૂ કર્યા હતા તે પણ લગભગ એક રેકોર્ડ છે.

વિશ્વના અડધા અમેરિકન દૂતાવાસોએ અને વાણિજ્ય દૂતાવાસોએ પહેલેથી જ વધારે બિન-અપ્રવાસી વિઝા પર ફેંસલો આપ્યો છે. એક નિવેદનમાં જણાવાયું હતું કે આ ઉપરાંત અમેરિકન દૂતાવાસે વ્યાપાર અને પર્યટન માટે લગભગ 80 લાખ વિઝિટર વિઝા ઈશ્યૂ કર્યા હતાં કે જે 2015 બાદ કોઈપણ નાણાકીય વર્ષની તુલનાએ વધારે છે. આ ઉપરાંત અમેરિકન દૂતાવાસ અને વાણિજ્ય દૂતાવાસોએ છ લાખથી વધારે સ્ટુડન્ટ વિઝા ઈશ્યૂ કર્યા હતા કે જે નાણાકીય વર્ષ 2017 પછી કોઈપણ વર્ષ કરતા સૌથી વધારે સંખ્યા છે.

## અમેરિકી વિઝા ટૂંક સમયમાં પેપરલેસ થઈ જશે

અમેરિકી વિઝા કાગળરહીત એટલે કે પેપરલેસ થઈ જશે. માહિતી અનુસાર આગામી વર્ષથી અમેરિકી પાસપોર્ટ પર કોઈ સ્ટેમ્પ કે મોહર નહીં લગાવવી પડે. તેનાથી સ્ટેમ્પ ચોંટાડવાની પરંપરાગત પ્રથાનો સંપૂર્ણપણે અંત આવી જશે. તાજેતરમાં જ બાયડેન સરકારે ડબલિનમાં અમેરિકી રાજદ્વારી મિશનમાં પેપરલેસ વિઝા માટે એક સફળ પાયલટ પ્રોજેક્ટના સમાપનની જાહેરાત કરી હતી.

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Royal Rajasthan
16 days 13 nights
All-inclusive price starts at
Cad 3587 pp occ dbl.
Including: Flights (from Toronto or Montreal) Hotels 4 and 5 stars all meals, guide and monuments fees
Visit: Delhi, Agra, Ranthambore, Jaipur, Deogarh, Udaipur, Ranakpur and Jodhpur.
Serving Canadians for over 22-years
Airline Tickets (worldwide) & Travel insurance, Indian passport renewal, OCI, Indian Visa, Surrender Certificate
VOYAGES InterSky TRAVELS
Montréal, Québec
Permis du Québec
Divyesh (Dev) Patel
514 -513-9191
514 389 7070-toll free: 1855 389 7070

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# મેયરના ભંડોળના માપદંડમાં ફેરફારની વિનંતીને મંત્રીએ ફગાવી

## ઓન્ટેરિયા પ્રાંત વર્તમાન અંદાજ અનુસાર દર વર્ષે 100,000 નવા ઘર બાંધવા પણ મુશ્કેલ બનશે

**ઓન્ટેરિયો**

ઑન્ટેરિયોના હાઉસિંગ મિનિસ્ટરે મોટા શહેરના મેયરોની ભંડોળના માપદંડમાં ફેરફાર માટેની વિનંતીને ફગાવી દીધી છે, જે નવા ઘરો માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે નાણાં માટે લાયક બનવામાં મદદ કરશે.

પ્રાંતે સોમવારે તેના પ્રથમ વાર્ષિક હાઉસિંગ ફોરમ તરીકે જે બિલ આપ્યું હતું તે હોસ્ટ કર્યું હતું. નવા આવાસને કેવી રીતે ઉત્તેજન આપવું તે અંગેના વિચારો મેળવવા માટે વિશાળ શ્રેણીના લોકો અને સંસ્થાઓને એકસાથે લવાયા હતા.

પ્રતિભાગીઓમાં મ્યુનિસિપાલિટી, ડેવલપર્સ, સિટી પ્લાનર્સ, કોન્ડોમિનિયમ, નોન-પ્રોફિટ અને રેન્ટલ સંસ્થાઓ, પોસ્ટ-સેકન્ડરી સંસ્થાઓ, આર્કિટેક્ટ્સ, લાંબા ગાળાના કેર હોમ્સ, રિયલ્ટર્સ, પ્લાનિંગ ટૂલ્સ ધરાવતી ટેક કંપનીઓ અને એક મનોચિકિત્સકનો પણ સમાવેશ થાય છે, જેમને સરકારી પ્રવક્તાએ જણાવ્યું હતું કે, તેમને જમીન માલિકોના જૂથ દ્વારા આમંત્રિત કરવામાં આવ્યા હતા.

મ્યુનિસિપલ અફેર્સ અને હાઉસિંગ મિનિસ્ટર પૉલ કેલેન્ડ્રાએ ફોરમની શરૂઆત કરતા કહ્યું હતુ કે તેઓ એવાં પગલાંઓ અંગે સૂચનો સાંભળવા માંગે છે, જેનાથી વધુ ઝડપથી વધુ આવાસ બનાવવામાં આવશે. અમે 1.5 મિલિયન ઘરો બાંધવા માંગીએ છીએ અને હું જાણું છું કે તે તમારા બધાની ખૂબ જ આક્રમક માંગ છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતુ.

તેમણે કહ્યું કે, હું જાણું છું કે આપણે ત્યાં કેવી રીતે પહોંચીશું તેના પર મતભેદ હશે, પરંતુ આજે હું આશા રાખું છું કે તે પૂર્ણ કરવા માટે આપણે શું કરવાનું છે તે જોઈશું. પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ સરકારે 2031 સુધીમાં 10 વર્ષની અંદર 1.5 મિલિયન ઘરો બાંધવાનું વચન આપ્યું છે, પરંતુ આગામી કેટલાંક વર્ષોમાં પ્રાંત વર્તમાન અંદાજ અનુસાર દર વર્ષે 100,000 નવા ઘર બાંધવાની પણ આશા રાખી શકે એમ નથી.

પ્રાંતે 50 નગરપાલિકાઓને હાઉસિંગ લક્ષ્યાંકો સોંપ્યા છે અને તે લક્ષ્યોને પૂર્ણ કરવા માટે હાઉસિંગ-સક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર - જેમ કે રસ્તાઓ અને પાણીની લાઈનો, જે નવા ઘરો બાંધવા માટે મહત્વપૂર્ણ છે, એનાં માટે નાણાંની જોગવાઈ મેયરોની અટકાવાયેલી ગ્રાન્ટની રકમમાંથી થઈ શકે છે.

# ઓન્ટેરિયો પ્લેસના પુન:વિકાસને ઝડપી બનાવવા માટે સરકાર હવે કાયદો ઘડશે

**ઓન્ટેરિયો**

ડગ ફોર્ડ સરકારે કાયદો રજૂ કર્યો છે જે મુજબ ઓન્ટેરિયોને પ્લેસના પુન:વિકાસ સાથે આગળ વધવા માટે સક્ષમ બનાવશે. બિલ 154માં પ્રાંતન પુન:વિકાસ અને ઓન્ટેરિયો પ્લેસ પર વિશાળ સ્પાનનું બાંધકામ શરૂ થાય તે નક્કી કરવા હાલના કાયદાઓમાંથી મુક્તિ આપવા માટે ચોક્કસ સત્તા આપવામાં આવી છે.

નાણાંપ્રધાન પીટર બેથલેનફાલ્વીએ સોમવારે આ બિલ રજૂ કર્યું હતું. તે પ્રથમ વાંચનમાં પસાર થયો છે. ક્રિસ ગ્લોવરે જણાવ્યું હતું કે NDP કાયદાનો વિરોધ કરે છે અને ઓન્ટેરિયોના રહેવાસીઓને એ જાણવાનો અધિકાર છે કે પ્રાંતીય સરકાર તેના ઓન્ટેરિયો પ્લેસ પ્રોજેક્ટ માટે કાયદેસર રીતે કેવી રીતે માર્ગ મોકળો કરી રહી છે. ઓન્ટેરિ્યો પ્લેસ માટેની લડાઈ હંમેશા ક્વિન્સ પાર્કમાં રહી છે, અને અમે લગભગ સદી-લાંબી લીઝથી સંદિગ્ધ શરતો હેઠળ ખાનગી લક્ઝરી સ્પા કંપનીને કિંમતી જાહેર પાર્કની જમીન વેચવાની સરકારની આ યોજના સામે પીછેહઠ કરતાં રહીશું.

આ ખરડો ફોર્ડના કન્ઝર્વેટિવ્સ પોતાને પ્રાંતીય કાયદાઓમાંથી મુક્તિ આપવા અને કાનૂની જવાબદારીને ટાળવા માટે ક્યાં સુધી જશે તે માટે એક ખતરનાક દાખલો બેસાડે છે. નવું બિલ સોમવારે ઑન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડ અને ટોરોન્ટોના મેયર ઓલિવિયા ચાઉ દ્વારા નવા સોદાની કરાયેલી જાહેરાતને અનુસંધાને હતુ.

# ભજનસંધ્યા કલચરલ ગ્રુપનો સ્નેહ મિલન સમારોહ : મનોરંજક કાર્યક્રમની ભરમાર







### દિવાળી તથા વિવિધ પ્રકારના સામાજિક વિષયો પર નાટક, ડાન્સ, ગીતો, સંવાદ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા

**ટોરોન્ટો**

દિવાળીના પવિત્ર તહેવાર નિમિત્તે ભજનસંધ્યા કલચરલ ગ્રુપ ઓફ કેનેડા (BCGC) દ્વારા શનિવાર તારીખ ૧૮ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સ્નેહ મિલનનું આયોજન શ્રી દુર્ગા મંદિર સ્કારબોરો ખાતે કરાયું હતુ. કાર્યક્રમની શરૂઆત ગણેશ વંદના અને કેનેડા તથા ભારતના રાષ્ટ્રગીતના ગાનથી કરવામાં આવી હતી. આ પ્રસંગે BCGCના કેનેડાવાસી ગુજરાતી સભ્યોના બાળકો અને પરિવારજનો દ્વારા દિવાળી તથા વિવિધ પ્રકારના સામાજિક વિષયક થીમ પર નાટક, ડાન્સ, ગીતો, સંવાદ વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા હતા. BCGCના દિનેશ પટેલ અને રચના દવેના મધુર અવાજમાં સૌએ ગરબાનો આનંદ માણ્યો હતો. પારંપરિક વેશભૂષામાં સજ્જ થઈ બાળકોથી માંડી મોટેરાઓ દ્વારા દિવાળીની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. અવનવી સ્ટાઈલમાં ફોટા અને સેલ્ફી પડાવવા અને હસી-મજાક, મોજ-મસ્તીનો માહોલ દરેક જણા માટે યાદગાર બની રહ્યો હતો.

તમામ સભ્યો, મહેમાનો, કલાકરો તથા મિત્રોનો આભાર વ્યક્ત કરતા વિપુલ ઠક્કરે જણાવ્યું હતું કે, ધાર્મિક તહેવારો અને ઉત્સવો ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. આપણી સંસ્કૃતિ આપણે સાચવવી જોઈએ. દિવાળી એ એવો ઉત્સવ છે કે જેની ઉજવણી માણસને આખા વર્ષના જોમ અને ઉત્સાહનું ભાથું બાંધી આપે છે. આ પ્રસંગે પ્રોગ્રામ સંચાલન ધ્રુવી શાહ તથા ધ્રુવી કાપડિયા, સાઉન્ડ અને મ્યુઝિક વ્યવસ્થા દિનેશ પટેલ અને, ફોટો બૂથ તથા ઈવેન્ટ ફોટોગ્રાફી મેહુલ શાહ / દીપેશ ગાંધી અને વીડિયોગ્રાફી હર્ષ ઠક્કર, સ્ટેજ સેટઅપ અને ફોટોબૂથ ડેકોરેશન Pink Mangolia Events દ્વારા કરવામાં આવ્યુ હતું.

SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યું હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865

Financial Hut Ltd.

Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com


રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992 Email :- info@swadesh.news


# ખડાયતા સમાજ ઓફ ટોરોન્ટો દ્વારા બ્રામ્પ્ટન ખાતે બારસની ઉજવણી





## કપ ગેમ, સંગીત ખુરશી, રંગોળી કોમ્પિટીશનમાં ભાગ લઈ સભ્યોએ મજા માણી

**ટોરોન્ટો**

ગત શનિવાર તારીખ ૨૫ નવેમ્બરે ખડાયતા સમાજ ઓફ ટોરોન્ટો દ્વારા બારસની ઉજવણી સાથે ગુજરાતી નવા વર્ષનો અને દિવાળીનો સ્નેહમિલન કાર્યક્રમ ભવાની શંકર બેન્કવેટ હોલ બ્રામ્પ્ટન ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૨૫૦થી વધારે ખડાયતા મેમ્બર્સએ હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં કમિટીના સભ્યોએ કોટયર્ક પ્રભુની આરતી કરી હતી. જે બાદ ગેમ્સ રમાડવામાં આવી હતી. જેમાં કપ ગેમ, સંગીત ખુરશી, રંગોળી કોમ્પીટીશનમાં ભાગ લઈ સભ્યોએ મજા માણી હતી. જે બાદ ખડાયતા વિશે યોજાયેલી ક્વિઝ સ્પર્ધાએ બધાને મહુડી કોટયાર્કની યાદો તાજી કરાવી હતી. કાર્યક્રમમાં ખડાયતા સમાજ ઓફ ટોરોન્ટોના કમિટી મેમ્બરે સાથે ભેગા મળીને નાસ્તાની સાથક Complete ડિનર બેન્કવેટ હોલના કિચનમાં જાતે જ તૈયાર કર્યું જે બધા જ મેમ્બર્સ એ ખૂબજ વખાણ્યું હતુ. જે બાદ ગરબાની ધૂમ મચી હતી. બધા જ વિનર્સને ગિફ્ટ આપી એમનું સન્માન કરાયું હતુ. અંતે જાહેરાત કરાઈ હતી કે ખડાયતા કમિટી વધારે પ્રોગ્રામ કરવા વિચારણા કરી રહી છે. જેથી વધુ માહિતી મેળવવા માંગતા હોવ તો Khadayatatatoronto@gmail.com ઉપર મોકલી આપવું.

# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ: ગીત સંગીતની મહેફિલ જામી

## બહેનોએ મા અંબાની આરતી કરી, બોલીવુડના ગીત પર નૃત્ય રજૂ થયા

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર્સ ક્લબ બ્રામ્પટનનો નવેમ્બર ૨૦૨૩ માસનો અને દીવાળીનો પ્રોગ્રામ પ્રખ્યાત ગાયક કલાકારો કીરીટભાઈ મીસ્ત્રી અને પારૂલબેન વર્માના ગીત-સંગીતની મહેફિલની સથવારે ૧૨મી નવેમ્બરે યોજાયો હતો. સમૂહ પ્રાર્થના અને વૈષ્ણવજન ભજનથી શરૂ થયેલા કાર્યક્રમમાં હસમુખભાઈએ સભ્યોને આવકારી નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી. ત્યારબાદ ચેરમેન નગીનભાઈએ તથા કુસુમબેન પટેલે પ્રવચનમાં બધા સભ્યોને દીવાળીની શુભેચ્છાઓ પાઠવી હતી.



રાજેશ્વરીબેન શુક્લ અને પદમાબેન કંસારા અને અન્ય સભ્ય બહેનોએ બધા સભ્યો સાથે અંબા માતાની આરતી કરી હતી અને “દિયે જલાયે પ્યાર કે” ના બૉલીવુડ ગીત પર હાથમાં દીવા ધરી સુંદર નૃત્યની રજૂઆત કરી હતી. કીરીટાભાઈ મીસ્ત્રી અને પારૂલબેને બૉલીવુડના ગીત-સંગીતની સુંદર રજૂઆત કરતા બધા સભ્યોએ બે કલાક સુધી ભરપૂર મજા માણી હતી.

રાજેશ્વરીબેન શુક્લએ પારૂલબેનના ગીત પર સુંદર નૃત્યની રજૂઆત કરી હતી. ગાયક કલાકાર કીરીટભાઈ મીસ્ત્રી અને સભ્ય ઈશ્વરભાઈ પટેલના ગરબાની રજૂઆતમાં બધી સભ્ય બહેનોએ ગરબે ઘુમવાની પણ ભરપૂર મજા માણી હતી. ત્યારબાદ ચંદ્રકાંતભાઈ શુક્લએ દીવાળી નિમિત્તે માહિતીસભાર સુંદર પ્રવચન કર્યું હતું. ત્યારબાદ સભ્યોના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાંતિભાઈ મીસ્ત્રીએ ડોનેશન આપનાર સભ્યોના નામની જાહેરાત કરી હતી. અંતે ભોજનની મજા માણી બધા છૂટા પડયા હતા









તંત્રી સ્થાનેથી

# ટનલમાં ફસાયેલી 41 જીંદગીનો 17 દિવસ સુધી મોત સામે જંગ



તંત્રી - સ્વદેશ

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાના પ્રોજેક્ટમાં સિલ્ક્યારા-દાંડલગાંવ ટનલ ૧૨ નવેમ્બરે વહેલી સવારે તૂટી પડતાં તેમાં કામ કરતા 41 મજૂરો ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં જ એનડીઆરએફ, એસડીઆરએફ, ભારતીય સૈન્ય, વિદેશી ટનલ નિષ્ણાતો સહિત અનેક એજન્સીઓ 17 દિવસ સુધી કામે લાગી અને આખરે 400 કલાકની જહેમત પછી મજૂરોને હેમખેમ કાઢવામાં સફળતા મળી.

હકીકતમાં 12 નવેમ્બરે બ્રહ્મખાલ-યમુનોત્રી હાઈવે ઉપર બાંધકામ હેઠળની સિલ્ક્યારા-દાંડલગાંવ ટનલનો એક ભાગ વહેલી સવારે તૂટી પડતાં ૪૧ મજૂરો ફસાયા હતા. ઘટના બાદ એનડીએલએફ, એસડીઆરએફ, બીઆરઓ સહિતની એજન્સીઓએને પણ તાબડતોબ કામે લગાડીને મજૂરોને માટે સૌપ્રથમ એર-કોમ્પ્રેસ્ડ પાઈપ મારફત ઓક્સિજન, ઈલેક્ટ્રિસીટી અને ભોજનની વ્યવસ્થા કરવામાં સફળતા મળી હતી. જો કે, આમ છતાં મજૂરો અને બચાવ ટીમ વચ્ચે લગભગ ૬૦ મીટરનું અંતર હતું, જ્યાં કાટમાળ અવરોધરૂપ હતો. ઘટનાની જાણ થતાં જ કેન્દ્ર સરકારે આઈએએસ અધિકારી નીરજ ખૈરવાલની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરી હતી. ઘટનાને બીજા જ દિવસે ૧૩ નવેમ્બરે ફસાયેલા મજૂરો સાથે પાઈપ મારફતે સંપર્ક થયા બાદ તરત જ ૧૪મીથી આડા ખોદકામ મારફતે ઑગર મશીનની મદદથી ૮૦૦ મીમીનો સ્ટીલનો પાઈપ નાંખવાનું શરૂ થયું હતુ. પરંતુ ડ્રિલિંગ મશીને બરાબર કામ નહીં કરતાં દિલ્હીથી અત્યાધુનિક ઑગર મશીન મંગાવાયું. જેને કારણે કામગીરી લંબાઈ અને પછી ૧૬મીથી મોડી રાતે કામ શરૃ કરાયું.

૧૭મીની બપોર સુધીમાં મશીને ૫૭ મીટરના કાટમાળમાં ૨૪ મીટર સુધીનું ડ્રિલિંગ કરી નાંખ્યા, જેમાં ચાર પાઈપ નાંખવામાં આવ્યા, પરંતુ પાંચમો પાઈપ નાંખવા જતા અવરોધો ઉભો થતાં નિષ્ણાતોએ ઑગર મશીનથી ટનલ તૂટી પડવાની આશંકા વ્યક્ત કરતાં કામ શરૂ થઈ શક્યું નહીં. આખરે નિષ્ણાતોએ એક સાથે પાંચ બાજુથી ડ્રિલિંગ કરવાનો નિર્ણય કર્યો. જે પછી બે દિવસના વિરામ બાદ ૨૧મીએ મજૂરોનો પહેલો વીડિયો આવતા જ બધા હેમખેમ હોવાની પૃષ્ટિ થઈ. જેને કારણે તે પછી ઓગર મશીનથી આખી રાત આડુ ડ્રિલિંગ કરાયું. પરંતુ તેના એક જ દિવસમાં ૪૮ મી.ના ડ્રિલિંગ પછી પ્લેટફોર્મમાં તીરાડો પડવા માંડતાં કામને ફરી થંભાવી દેવાની ફરજ પડી. આટલા વિઘ્નો પછી ૨૫મીએ સળીયાના કાટમાળથી ઑગર મશીનની બ્લેડો તૂટી જતાં ઓપરેશન ફરી થંભી ગયુ. આખરે પર્વતની ઊપરથી ૮૬ મી. નીચેની તરફ અને ૧૨ મી.નું મેન્યુઅલ ડ્રિલિંગ કરવાનો નિર્ણય લેવાયો અને ૨૬મીએ ઉપરથી ડ્રિલિંગ કરી ૧૯.૨ મી.નો વૈકલ્પિક એસ્કેપ રૂટ તૈયાર કરાયો. આખરે ૨૭મીએ ૧૦ મી. મેન્યુઅલ ડ્રિલિંગ માટે રેટ હોલ માઈનિંગ નિષ્ણાતોએ શરૃ કરેલી કામગીરીને સફળતા સાંપડી. મંગળવારે મોડી સાંજે એનડીઆરએફના માણસોએ ટનલમાં ૬૦ મીટરના કાટમાળમાં નાંખેલી ૮૦૦ મીમીની પાઈપમાંથી મજૂરોને બહાર કાઢતા જ દિવાળી જેવો માહોલ સર્જાયો. આ સાથે જ ભારતના ઈતિહાસનું સૌથી વધુ લાંબું ચાલેલા રેસ્કયૂ ઓપરેશનને સફળતાની મહોર લાગી. આ ઓપરશનની આજે સમગ્ર વિશ્વમાં ચર્ચા ચાલી રહી છે.

આ ઓપરેશનમાં માઈક્રો ટનલિંગ નિષ્ણાત તરીકે કામ કરી રહેલા ક્રિસ કૂપરને બચાવ અભિયાન માટે બોલાવાયા હતા. તેઓ ૧૮ નવેમ્બરથી ટનલમાં બચાવ કામગીરીમાં જોડાયા હતા. તેમનો અનુભવ મજૂરોને બચાવવા માટે ઘણો જ અસરકારક સાબિત થયો છે. આ ઉપરાંત ભારતીય સૈન્યના નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ અને એનડીઆરએફ ટીમના સભ્ય સૈયદ અતા હસનૈન ઉત્તરાખંડ સુરંગ દુર્ઘટનામાં એનડીઆરએફની ભૂમિકા પર દેખરેખ રાખી રહ્યા હતા. આ બચાવ અભિયાનમાં તેમના નેતૃત્વમાં એનડીઆરએફની ભૂમિકા પણ મહત્વપૂર્ણ રહી હતી. આ ઉપરાંત આર્નોલ્ડ જીનિવાના ઈન્ટરનેશનલ ટનલીંગ એન્ડ અંડરગ્રાઉન્ડ સ્પેસ એસોસિયેશનના વડા અને ઓસ્ટ્રેલિયાના સંશોધક આર્નોલ્ડની મોટી ભૂમિકા રહી હતી.

આર્નોલ્ડ એક એન્જિનિયર, વકીલ અને ભૂસ્તરશાસ્ત્રી પણ છે. આર્નોલ્ડ 20 નવેમ્બરના રોજ આ બચાવ કામગીરી સાથે જોડાયા હતા. તેઓ અંડરગ્રાઉન્ડ અને ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નિષ્ણાત છે. માઈક્રો ટનલિંગ, મેન્યુઅલ ડ્રિલિંગ અને ફસાયેલા મજૂરોને બહાર કાઢવા માટે મધ્ય પ્રદેશથી છ રેટ હોલ ખનન નિષ્ણાતોને પણ બોલાવાયા હતા. મજૂરોને બહાર કાઢવા માટે ઑગર મશીનથી ડ્રિલિંગનું કામ શરૂ કરાયું હતું. જો કે, ઑગર મશીનથી ૪૮ મીટરે ડ્રિલિંગનું કામ અટક્યા પછી રેટ માઈનર્સે ૨૧ કલાક કામ કરીને બાકીના ૧૦થી ૧૨ મીટરનું ખોદકામ હાથથી સાધનો મારફત પાર પાડયું હતું. આમ, જ્યાં મશીન ફેઈલ ગયું ત્યાં માણસની તાકાત કામે લાગી હતી. ટનલની બહાર બાબા બૌખનાગનું એક નાનું મંદિર બનાવાયું હતુ જયાં પૂજા અર્ચના કર્યા પછી જ મજૂરો કામે જતા હતા. તેથી ઓપરેશન દરમિયાન મંદિરે પૂજા અર્ચનાની પરંપરા જાળવવા સાથે મજૂરોના હેમખમ પરત આવવા માટે પણ સતત પ્રાર્થના કરાતી રહી.

આખા ઓપરેશનમાં સૌથી મહત્વની બાબત એવી પણ રહી કે, રેટ માઈનિંગનો ઉપયોગ પણ કરાયો. જેના પર નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે કેટલાક વર્ષોથી પ્રતિબંધ મૂક્યો છે. આ પદ્ધતિ ખૂબ જ જોખમી અને ખતરનાક છે. મેઘાલયમાં ૬ મિલિયન ટન કોલસાનું ઉત્પાદન થતું હતું જેમાં રેટ માઈનિંગનો મોટો હિસ્સો હતો. પરંતુ પૂર્વી જંતિયા હિલ્સ જિલ્લામાં એક રેટ હોલ કોલસા ખાણ ધસી પડતા ૧૫ લોકોના મોત થયા હતા. આ ઘટના પછી આ પદ્ધિતના ઉપયોગ પર પ્રતિબંધ લદાયો હતો. આ ઓપરેશનમાં દિલ્હીના નિઝામુદ્દીનન રહેવાસી સુરેન્દ્ર રાજપૂતે પણ નિઃસ્વાર્થપણે સેવા આપી હતી. ઘટનાની જાણ થતાં જ સ્થળ પર પહોંચેલા રાજપૂત વહીવટી અધિકારીઓને મળ્યા અને પોતાના અનુભવ વિશે જાણકારી આપી હતી. જ્યારે પ્રશાસને સુરેન્દ્ર વિશે તપાસ કરી તો સામે આવ્યું કે, 2006માં હરિયાણાના કુરુક્ષેત્ર અને અંબાલા વચ્ચેના એક ગામમાં બોરવેલમાં પડી ગયેલા બાળ પ્રિન્સને બચાવવા માટે સુરેન્દ્ર રાજપૂતે અથાક મહેનત કરી હતી. તેણે 57 મીટર ઊંડા કૂવાને બીજા કૂવા સાથે જોડવા માટે 10 ફૂટ લાંબી ટનલ બનાવી હતી. જેના કારણે પ્રિન્સને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો.

હવે આ સિલ્ક્યારા ટનલ એક્સિડેન્ટ દેશ માટે 'કેસ સ્ટડી' બનનાર છે. આ અંગે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (NIDM)ના કાર્યકારી નિર્દેશક રાજેન્દ્ર રતનું કહ્યું હતું કે ઉત્તરકાશીમાં સિલ્ક્યારા ટનલ એક્સિડેન્ટ પર દેશ માટે કેસ સ્ટડી તૈયાર કરાશે. ભવિષ્યમાં ટનલ નિર્માણ વખતે આપણે કઈ કઈ સાવચેતીઓ રાખવી? કેવી રીતે ખામીઓ દૂર કરવી? તેના પર NIDM દ્વારા સંપૂર્ણ ચેપ્ટર તૈયાર કરાશે.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca






# સુરતની ફેક્ટરીમાં આગ બાદ વિસ્ફોટ, 24 દાઝ્યાં, 7 ભડથું

## એથર ઈન્ડસ્ટ્રીઝમાં લાગેલી ભયંકર આગનું કારણ એક મોટું રહસ્ય : ઘટનામાં લગભગ 24 જેટલાં કર્મચારીઓ દાઝી ગયા

**સુરત**

સુરતના સચિન GIDC વિસ્તારમાં આવેલી કેમિકલ બનાવતી એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં ગઈકાલે મોડી રાત્રે 2 વાગ્યે ભયંકર આગ લાગી ગઈ હતી. સ્ટોરેજ ટેન્કમાં લિકેઝ બાદ આગ લાગતાં જ બ્લાસ્ટ થયો હતો. જેથી આસપાસમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં 10થી વધુ ફાયરબ્રિગેડની ગાડીઓએ ઘટના સ્થળે પહોંચી હતી અને 7 કલાકના અંતે આગ પર કાબુ મેળવાયો હતો. તમામની શોધખોળ ચાલુ હતી ત્યારે હવે આજે તમામ 7ના મૃતદેહ મળી આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ વહેલી સવારના 2 વાગ્યાની આસપાસ સચિનની એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ કંપનીમાં ભીષણ આગ લાગી હતી. જેના પગલે 7 કલાકથી સતત પાણીનો મારો કરાયા બાદ આગને કાબુમાં લેવામાં આવી હતી. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ હોવાનું સામે આવ્યું નથી. નાની મોટી રીતે દાઝેલા 24 કામદારો પૈકી 3ની હાલત ગંભીર હોવાથી તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જેનું નામ ચિતરંજન અર્જુન યાદવ (ઉ.વ.19) છે.જ્યારે અન્યને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

ફાયર ઓફિસર ઓમપ્રકાશ મિશ્રાએ જણાવ્યું હતું કે, ઘટના લગભગ મોડી રાતે 2 વાગ્યાની હોવાનું કહી શકાય છે. કોલ મળતા જ માન દરવાજા, મજુરા, ભેસ્તાન સહિતના ઘણા વિસ્તારની ફાયર ફાઈટર ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. આગ બેકાબુ બની ભડ ભડ બહાર નીકળી રહી હતી. કેમિકલ કંપનીને કારણે આગ ઉગ્ર બની રહી હતી. જેથી પાણીનો મારો સતત ચલાવતા ચલાવતા ફાયર ફાઈટરોએ કંપનીની અંદર પ્રવેશ કર્યો હતો. તેમજ તમામ મજૂરોને બહાર કાઢવામાં સફળ રહ્યા હતા. આગ લગભગ 500 મીટરના વિસ્તારમાં પસરી ગઈ હતી. કેમિકલ ટેન્કમાં બ્લાસ્ટ થયા બાદ આગ લાગી હોવાનું સામે આવ્યું હતું. જોરદાર ધડાકા બાદ કામદારોમાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટના સુરત શહેરની બહાર બની હોવાથી પ્રથમ સચિન GIDC ફાયર સ્ટેશનને કોલ મળ્યો હતો. જોકે આગ કાબુમાં ન આવતા મેજર કોલ બન્યો હતો જેના પગલે સુરત ફાયરની મદદ માગવામાં આવી હતી.



# ભરી માતાના મંદિરે પાણી ભરેલો માટીનો ઘડો અર્પણ કરવાની પરંપરા

**સુરત**

કારતક મહિનામાં ભરી માતા મંદિર સુરતીઓની આસ્થાનું કેન્દ્ર બની જાય છે અને મૂળ સુરતીઓ ગણાતી જ્ઞાતિના લોકો આ મંદિરે કાતરક મહિનામાં માતાજીની આરાધના કરવા પહોંચી જાય છે. આજના આધુનિક યુગમાં પણ ભરી માતાના મંદિરે પાણી ભરેલો માટીનો ઘડો અને સવા રૂપિયો માતાજીને અર્પણ કરવાની પરંપરા યથાવત જોવા મળી રહી છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ માતાજીના મંદિરે પાણી ભરેલો ઘડો લઈ પ્રદક્ષિણા કરી મૂકે છે પાણીનો ઘડો ભરેલો હોય તેમ પરિવાર કાયમ હર્યોભર્યો રહે છે તેવી માન્યતા છે તેથી લોકો હજારોની સંખ્યામાં આ જગ્યાએ ઘડો મુકી માતાજીની આરાધના કરે છે.

સુરતના ભરીમાતા વિસ્તારમાં 450 વર્ષ કરતાં પણ પુરાણા એવા ભરીમાતા- પુરી માતાના મંદિરે કાતરક માસમાં સુરતીઓના આસ્થાનું કેન્દ્ર બની જાય છે. આ મંદિરે વર્ષોથી કારતક સુદ બીજ થી કારતક વદ અમાસ સુધી પાણી ભરેલા ઘડા મુકવાની પરંપરા ચાલી આવી છે. જેના કારણે હાલ ચાલી રહેલા કાતરક માસમાં આ મંદિર શ્રધ્ધાળુ સુરતીઓથી ઉભરાઈ રહ્યું છે.

# પ્રથમ બૂલેટ ટ્રેન સેક્શન બિલિમોરા-સુરત વચ્ચે ઑગસ્ટ-26માં શરૂ થશે: રેલવે મંત્રી

## અકસ્માત અટકાવવા ગજરાજ સિસ્ટમને કાર્યરત કરાશે, રેલ સેવાઓમાં સુધારાની જાહેરાત

**સુરત**

ભારતમાં થોડા વર્ષોમાં જ બૂલેટ ટ્રેન દોડવા લાગશે. તેના માટે બૂલેટ ટ્રેનના ગુજરાતના બિલિમોરાથી સુરત વચ્ચેના 50 કિલોમીટરના સેક્શનનું કામ સૌથી પહેલાં પૂર્ણ થશે. આ સેક્શન ઓગસ્ટ 2026 સુધીમાં તૈયાર થઈ જશે તેમ બુધવારે રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે એક ટ્વિટ કરીને જણાવ્યું હતું, સાથે તેમણે દેશમાં રેલ નેટવર્ક અને સેવાઓમાં સુધારા માટે ઘણી યોજનાઓની જાહેરાત કરી હતી. વૈષ્ણવે કવચ યોજના અંગે પણ વાત કરી હતી જેમાં બે ટ્રેનને એક ટ્રેક પર ટકરાવથી બચાવવા માટે એક સ્વદેશી રૂપથી વિકસિત ચેતવણી પ્રણાલી અંગે જણાવ્યું હતું.

નોંધનીય છે કે જૂનમાં ઓડિશાના બાલાસોરમાં એક ભયાનક દુર્ઘટના બાદ આ મુદ્દો ચર્ચામાં આવ્યો હતો કેમ કે આ દુર્ઘટનામાં 300 લોકો માર્યા ગયાં હતાં. રેલમંત્રીએ હાથીઓ અને ટ્રેન વચ્ચેના ટકરાવને રોકવા માટે અને દેશના વિભિન્ન હિસ્સાને વધારે સારી રીતે જોડવા માટે તથા વધુ ટ્રેક બનાવવા માટેની ટેકનોલોજી-ગજરાજ સિસ્ટમ-પર પણ અપડેટ આપ્યો હતો.

રેલમંત્રીએ બુધવારે એક્સ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં વડાપ્રધાનના ગૃહરાજ્યના વલસાડ, નવસારી, સુરત, વડોદરા તથા આણંદ જિલ્લામાં પૂર્ણ કરવામાં આવેલા પુલને દેખાડવામાં આવ્યા છે. રેલમંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે ભારતમાં નવી ટ્રેનોની સંખ્યા કોરોના રોગચાળાના પહેલાંની તુલનાએ વધારો થયો છે.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited (with sweet & Farsan) $10.00 +Tax
Limited (without sweet & Farsan) $8.50 +Tax

CATERING SPECIAL
$ 14.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$15.99 (M-T) / $17.99 (F-S)
Call us for details

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

SCARBOROUGH 840 Markham Road 416-438-0544
BRAMPTON 90 Eastern Ave Unit 20B 905-799-0013
THORNHILL 1470 Centre Street Unit 13 905-597-5777
PICKERING 512 KINGSTON RD. UNIT 2, 905-839-3277

# ખેડામાં શંકાસ્પદ પીણું પીધા બાદ 6 યુવકોના ટપોટપ મોતથી ચકચાર, લઠ્ઠાકાંડની આશંકા

## લોકોના મોતનું ચોક્કસ કારણ શોધવા માટે પોલીસ, SOG, LCBના પ્રયાસો

**નડિયાદ**

નડિયાદના બિલોદરામાં અને બગડુ ગામમાં થયેલા શંકાસ્પદ મૃત્યુ મામલે મોટા સમાચાર આવ્યા છે. ખેડામાં નડીયાદના બિલોદરા ગામે વધુ એક વ્યક્તિનું શંકાસ્પદ પરિસ્થિતિમાં મોત થયું છે. જેમાં મૃત્યુઆંક 6 પર પહોંચ્યો છે. છેલ્લાં બે દિવસમાં બિલોદરા અને બગડુ ગામમાં 6 લોકોના શંકાસ્પદ મોત થયા છે. ત્યારે એકસાથે યુવકોના મોત બાદ SOG, LCB અને નડીયાદ ગ્રામ્ય પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ત્રણ ઈસમોની પૂછપરછ કરી રહી છે. પોલીસને શંકા છે કે, આયુર્વેદિક સીરપ પીવાના કારણે જ છ લોકોના મૃત્યુ થયા છે. પોલીસ જેમની પૂછપરછ કરી રહી છે તેમાંથી ત્રણ ઈસમોમાંથી એક બિલોદરા ગામનો છે જેની કરિયાણાની દુકાન છે. એક વ્યક્તિ અમદાવાદનો છે જે આ સીરપ સપ્લાય કરતો હતો. અને એક વ્યક્તિ નડિયાદનો છે જે વચેટિયાઓ હોવાનું સૂત્રોથી જાણવા મળી રહ્યુ છે. મળતી માહિતી પ્રમાણે દેવ દિવાળીના દિવસે માતાજીની માંડવીનો કાર્યક્રમ હતા. જેમાં કેટલાક લોકોએ કેફી પીણું પીધું હોવાની શક્યતા છે. આ બાદ કરિયાણાની દુકાનની પાછળ મોટી માત્રામાં સીરપની બોટલ મળી આવી હતી. જે અમદાવાદના જુહાપુરામાં બનતું હોવાની માહિતી મળી છે. મહત્વનું છે કે, બુધવારે ખેડાના નડિયાદના બિલોદરા અને બગડુ ગામમાં પાંચ લોકોના શંકાસ્પદ મૃત્યુ થયા હતા. જ્યારે આજે સારવાર દરમિયાન વધુ એકનું મૃત્યુ થતા અરેરાટી વ્યાપી ગઈ છે. તમામ લોકોના મોતના કારણ શોધવા માટે પોલીસ, SOG, LCB પ્રયાસો કરી રહી છે.

# વડોદરામાં સાસરિયાના ત્રાસથી કંટાળીને યુવાનનો આપઘાત

**વડોદરા**

પંજાબના મોહાલી ખાતે રહેતા હરિરામ શ્રીબનવારીલાલ વાલ્મિકે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, મારા દીકરા અંશુલકુમાર સિંઘના લગ્ન જુલાઈ - ૨૦૧૬માં પૂનમ જગદીશભાઈ લિંબાચીયા (રહે. ભરૂચ) સાથે થયા હતા. મારો દીકરો તેની પત્ની અને દીકરી સાથે વડોદરામાં સૂર્ય દર્શન ટાઉનશિપની પાછળ મેપલ એવન્યુમાં રહેતો હતો અને શેર ટ્રેડિંગની કંપનીમાં નોકરી કરતો હતો.

ગત તા.૨૬મી એ રાતે પોણા બાર વાગ્યે મારા દીકરા અંશુલકુમારની પત્ની પૂનમે મને કોલ કરીને જણાવ્યું હતું કે, અંશુલની તબિયત ખરાબ થઈ ગઈ છે. તેને ઝાડા ઉલટી થતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યો છે. પરંતુ, અમે ત્યાં ગયા તે પહેલા તેનું મૃત્યુ થઈ ગયું હતું. મારા દીકરાએ એપ્રિલ - ૨૦૨૩માં સાસરીવાળા વિશે વિગતો લખી હતી. પત્ની, સાસુ,સસરા, સાળી મીરાબેન અને સાઢુભાઈએ મારા દીકરાને અવાર - નવાર હેરાન પરેશાન કરી મારા દીકરાને તેની દીકરી સાથે મળવા દેતા નહતા. તેમજ મારા દીકરાને અન્ય મહિલા સાથે અનૈતિક સંબંધ હોવાના ખોટા આક્ષેપો કરી માનસિક ત્રાસ આપતા હતા.

# બાલકૃષ્ણલાલજી તેમજ ગિરિરાજજીના ચરણારવિંદની વડોદરા પુનઃ પધરામણી

**વડોદરા**

વડોદરામાં માંજલપુર વિસ્તારમાં આવેલા વ્રજધામ આધ્યાત્મિક સંકુલમાં ગુંસાઈજીના નિધિ શ્રી બાલકૃષ્ણલાલજી અને અને વ્રજમાં હજારો વર્ષ પ્રાચીન શ્રી ગિરિરાજજી પ્રભુના ચરણારવિંદની શિલા બિરાજે છે. આ બન્ને ભગવદ્ સ્વરૂપ સાત દિવસ ભગવાન શ્રીકૃષ્ણની લીલાભૂમિ વ્રજમાં આયોજિત વ્રજાનંદ મહોત્સવમાં પધાર્યા હતા. વ્રજાનંદ મહોત્સવની સાત દિવસની દિવ્ય યાત્રા પૂર્ણ કરીને બન્ને ભગવદ્ સ્વરૂપોની આજે વડોદરામાં પુનઃ પધરામણી થઈ હતી, જે અનુસંધાને વડોદરા રેલવે સ્ટેશનથી માંજલપુર વ્રજધામ સુધી શ્રી ગિરિરાજ પ્રભુના જય ઘોષ સાથે વિશાળ સ્વાગત રેલી યોજાઈ હતી. તે પૂર્વે રેલવે સ્ટેશન ઉપર રાજકીય અને સામાજિક અગ્રણીઓ દ્વારા શ્રી ગિરિરાજજી પ્રભુનું સ્વાગત કરવામાં આવ્યું હતું.શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે પણ પાલખી ઊંચકીને પ્રભુનું સ્વાગત કર્યુ હતું.

વિશેષ રથમાં પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી સાથે શ્રી ગિરિરાજજી પ્રભુ બિરાજમાન થયા હતા. ધજા, પતાકા, નિશાન, છત્ર, ચામર, આદિવાસી નૃત્ય, વિવિધ જુદા-જુદા સંસ્કૃતિક નૃત્યોએ ભારે જમાવટ કરી હતી.

# બાકરોલનો પરિવાર અમેરિકામાં વિખરાયો દોહિત્રએ કરી નાના-નાની, મામાની હત્યા

**આણંદ**

બાકરોલના રહેવાસી અને પોલીસમાં નોકરી કરી નિવૃત્ત જીવન વિતાવી રહેલા દિલીપ બ્રહ્મભટ્ટ, બિંદુબેન બ્રહ્મભટ્ટ અને તેમના પુત્ર યશ બ્રહ્મભટ્ટની હત્યા દિલીપભાઈના પુત્રી રિંકુના જ પુત્ર ઓમએ કરી હોવાના અહેવાલોએ ખળભળાટ મચાવી દીધો છે.

દિલીપભાઈ અને બિંદુબેન અમેરિકાના ન્યૂજર્સીમાં રહેતા તેમના પુત્ર યશ અને દોહિત્ર ઓમ સાથે જ રહેતા હતા અને અચાનક દોહિત્ર ઓમએ પોઈન્ટ બ્લેક રેન્જથી નાના-નાની અને મામાની હત્યા કરી નાખી હતી. ઓમના




માતા રિંકુના લગ્ન અમેરિકા ખાતે થયા હતા અને તેનાથી તેમને એક પુત્ર ઓમ થયો હતો. જોકે પતિ-પત્ની વચ્ચે મનદુઃખ થતાં તેમણે છૂટાછેડા લીધા હતા. રિંકુબેન આણંદ આવ્યા હતા અને સાથે ઓમ પણ અહીં રહેતો હતો. રિંકુબેનનો ભાઈ યશ પણ પહેલા કેનેડા અને પછી અમેરિકામાં સેટ થયો હતો અને તેના પણ અહીં લગ્ન થયા હતા, પરંતુ કમનસીબે તેનું લગ્નજીવન પણ વેરવિખેર થી રહ્યું હતું. આથી છેલ્લા પાંચ વર્ષથી બિંદુબેન અમેરિકા રહેતા હતા અને દિલીપભાઈ અવરજવર કરતા હતા. દરમિયાન પોતે વતન આવ્યો ત્યારે મામા યશએ જ ભાણેજ ઓમને અમેરિકા ફરી આવવા કહ્યું હતું અને તે મામા સાથે અમેરિકા ગયો હતો. જોકે ત્યાં તે ડ્રગ્સના રવાડે ચડ્યો હોવાનું જાણવા મળે છે. અચાનક ગઈકાલે તેણે પહેલા મામા યશને ગોળી મારી, તેનો અવાજ આવતા દોડી આવેલા નાના-નાનીને પણ ગોળી મારી હતી.

# વડોદરામાં પ્રતાપનગર બ્રિજ પર દંપતી ઉપર ફાયરિંગ થતા પત્ની લોહીલુહાણ

## બેડરૂમમાં જ પતિની પિસ્તોલમાંથી ફાયરિંગ થતા પત્નીને ગોળી વાગી

**વડોદરા**

અમદાવાદ બાવળા ગામે રહેતા હીરાસીંગ લક્ષ્મણસીંગ પટવાની ૨૦ વર્ષની પુત્રી કોમલના લગ્ન ગત તા.૨૫મી ઓક્ટોબરે દંતેશ્વરના સંતોષવાડી ખાતે રહેતા જયસીંગ શેરાસીંગ સિંકલીગર સાથે થયા હતા. મધરાતે ત્રણ વાગ્યે ખાનગી હોસ્પિટલમાંથી મકરપુરા પોલીસને જાણ કરવામાં આવી હતી કે, કોમલ તેના પતી સાથે ગઈકાલે રાતે દશ વાગ્યે પ્રતાપ નગર બ્રિજ પરથી જતી હતી. ત્યારે અજાણ્યા હુમલાખોરોએ ફાયરિંગ કરી માથામાં ઈજા પહોંચાડી હતી. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસને એવા પુરાવા મળ્યા હતા કે, ફાયરિંગની ઘટના બેડરૂમમાં જ બની છે. જેથી, પોલીસે કોમલના પતિ જયસીંગની સઘન પૂછપરછ હાથ ધરતા છેવટે તે ભાંગી પડયો હતો. તેણે કબૂલ કર્યુ હતું કે, અમે પતિ પત્ની ઘરે હતા. તે દરમિયાન ભૂલથી મારી પિસ્તોલમાંથી ફાયરિંગ થતા મારી પત્નીના લમણાના ભાગે ગોળી વાગી માથામાં ખૂંપી ગઈ હતી. લોહીલુહાણ હાલતમાં ઢળી પડેલી કોમલને સારવાર માટે જેતલપુર રોડની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેની હાલત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. બનાવ અંગે એસીપી ક્રાઈમ એચ.એલ.રાઠોડે જણાવ્યું હતું કે, હાલમાં તો આરોપી જણાવે છે કે, પિસ્તોલમાંથી ભૂલથી ગોળી છૂટી ગઈ હતી.

# નડિયાદના પૂર્વ પ્રમુખ સાથે 18 લાખની ઠગાઈ, જમીન વેચાણના દસ્તાવેજ ન થયા

## મહેળાવના દંપતી સહિત 3 જણા સામે પોલીસ ફરિયાદ નોંધાઇ

**નડિયાદ**

નવાપુરામાં વહેરાઈ માતાના ખાંચામાં રહેતા નરેશભાઈ ઘનશ્યામભાઈ બારોટ (પૂર્વ પાલિકા પ્રમુખ) વકીલના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના માતા અને મિત્રો જમીન વેચાણ લેવા જમીન દલાલો અને મિત્રોને વાત કરી હતી. આ દરમિયાન નરેશભાઈએ મહેળાવમાં રહેતા મિત્ર જતીનભાઈ પટેલને વાત કરી હતી જેથી જતીન પટેલે પોતાના ભાઈ જીગ્નેશ પટેલની સંયુક્ત માલિકીની જમીન મહેળાવ સીમમાં આવેલ જમીન બતાવી હતી. આ જમીન નરેશભાઈ બારોટને પસંદ પડતા રૂ. ૩૦ લાખમાં જમીનનો સોદો નક્કી થયો હતો. આ ઉપરાંત જમીન ખાતા નંબર ૨૬૬૧ રેવન્યુ બ્લોક નંબર ૨૭૬૬ ની ૪૧ ગુંઠા જમીનનો રૂ. ૪૦ લાખમાં સોદો નક્કી થયો હતો. ત્યારબાદ નરેશભાઈ એ ત્રણ જણાને જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી આપવા જણાવતા તેઓએ થોડો સમય રાહ જોવાનું કહી ખોટા બહાના બતાવી દસ્તાવેજ કરાયો ન હતો. આ દરમ્યાન તા.૧૧/૫/૨૧ ના રોજ નરેશભાઈની માતાનું અવસાન થતાં સુધી જમીનનો વેચાણ દસ્તાવેજ કરી આપ્યો ન હોઈ નરેશભાઈએ પૈસા પરત આપવા માંગણી કરતા ઠાગાઠૈયા કરાયા હતા. આ બનાવ અંગે નરેશભાઈ ઘનશ્યામભાઈ બારોટની ફરિયાદ આધારે પોલીસે ગુનો નોંધ્યો છે.

# ઠાસરાના જોરાબંધમાં ઘરની બહાર કામ કરતી યુવતીનું વીજળી પડતાં કરુણ મોત

**ઠાસરા**

ઠાસરામાં વીજળીના કડાકા સાથે પડેલા વરસાદમાં વીજળી પડતાં આગરવા તાબે જોરાબંધની એક યુવતી અને આગરવા તાબે કનેરીપુરામાં એક પશુનું મોત નિપજ્યું હતું. જોરાબંધમાં રહેતા ઈશ્વરભાઈ ચડાભાઈ પરમારની દીકરી ટીની બેન રવિવારે સવારે ઘરની બહાર રોજિંદુ કામ કરતાં હતાં ત્યારે સવારના સાડાદસ વાગ્યાના સમયગાળામાં વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ તૂટી પડતા ટીનીબેનની ઉપર વીજળી પડતા સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે આગરવા તાબે કનેરીપુરામાં રવિવારે સવારે પડી રહેલા ભારે વરસાદમાં દલપતકુમાર પરમારની ભેંસ પર વીજળી પડતાં તેનું મોત થયું હતું.

# વડોદરામાં મહીનદીના રાયકામાં કોર્પોરેશન 245 કરોડના ખર્ચે ઇન્ટેક વેલ તેમજ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવશે

## ચોખ્ખું પાણી મળે તે માટે બીજા કુવાઓ ખાતે પણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની માગણી

વડોદરા- વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મહી નદી ખાતે બનાવેલા ચાર ફ્રેન્ચ કૂવામાંથી શહેરીજનોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. આ ચાર ફ્રેન્ચ કુવા પૈકી રાયકા કૂવામાંથી અપાતા પાણીમાં લીલ આવતી હોવાથી તેમજ પીળાશ પડતું મળતું હોવાના કારણે હોબાળો મચ્યો હતો. હજુ પણ આ પ્રશ્ન હલ થયો નથી. દરમિયાન કોર્પોરેશન દ્વારા રાયકા કુવા ખાતે પંપીંગ મશીનરી સહિત 245 કરોડના ખર્ચે 175 એમએલડી ક્ષમતાનો ઈન્ટેકવેલ તથા 75 એમએલડીનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા નક્કી કરવામાં આવ્યું છે. વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ભવિષ્યમાં વધુ 75 એમએલડી સુધી વિસ્તરિત કરી શકાશે. હાલ આ માટે ડીટેલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરી દેવામાં આવ્યો છે, અને હજુ તેની ટેન્ડર પ્રક્રિયા બાકી છે. કોર્પોરેશને ચાલુ વર્ષના બજેટમાં આની જાહેરાત પણ કરી હતી. જેમાં ટ્રાન્સમિશન લાઈન નાખી પાંચ વર્ષના ઓપરેશન અને મેન્ટેનન્સનો પણ ઉલ્લેખ કરવામાં આવેલો છે. ગયા અઠવાડિયે કોર્પોરેશનની સમગ્ર સભા મળી ત્યારે વિરોધ પક્ષ કોંગ્રેસના પૂર્વ નેતાએ પણ કહ્યું હતું કે શહેરમાં છેલ્લા 20 દિવસથી મહી નદીથી પીળા કલરનું પાણી લોકોને મળે છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને કોર્પોરેશનએ આ પાણી પીવાલાયક છે, એવો રિપોર્ટ આપી દીધો છે પરંતુ પીળા રંગમાં પાણીની સમસ્યા બહુ સુધરી નથી. પીળું પાણી લીલને લીધે થાય છે કે પછી નજીકમાં આવેલા ઉદ્યોગોના દૂષિત પાણીના કારણે તેની તટસ્થ એજન્સી દ્વારા તપાસ થવી જોઈએ. તેમણે માત્ર રાયકા જ નહીં પરંતુ બીજા કુવા પર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની માગણી કરી હતી.

# ગાંધીનગરમાં યુવતીને પ્રેમમાં ફસાવી યુવાને છ લાખ પડાવ્યા : દુષ્કર્મનો ગુનો

## લિવ ઇનમાં રહ્યા બાદ યુવતીએ રૂપિયાની ઉઘરાણી કરતા યુવાને સંબંધ કાપી નાખ્યા : અડાલજ પોલીસ દ્વારા તપાસ

**ગાંધીનગર**

ગાંધીનગર શહેર નજીક સરગાસણમાં રહેતી અને અમદાવાદની ખાનગી કંપનીમાં કામ કરતી યુવતીને લીવ ઈનમાં રહેવું મોંઘું પડયું છે. તેના પ્રેમીએ વિશ્વાસ કેળવીને ક્રેડિટ કાર્ડ થકી ૬ લાખ રૂપિયા પડાવી લીધા હતા અને યુવતી સાથે સંબંધ કાપી નાખ્યો હતો. જેના પગલે હાલ અડાલજ પોલીસે આ યુવાન સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે મથામણ શરૂ કરી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેર નજીક આવેલા સરગાસણમાં રહેતી યુવતી અમદાવાદ ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે અને આ કંપનીમાં અવારનવાર મેન પાવરનો વ્યવસાય કરતો યુવાન આવતો જતો હતો. જેના કારણે આ યુવતીને તેની સાથે પરિચય થયા બાદ એકબીજાના પ્રેમમાં પડયા હતા. આ યુવતી યુવાન સાથે લીવ ઈનમાં પણ રહેવા લાગી હતી. આ દરમિયાન યુવાને તેની પાસે રહેલા ક્રેડિટ કાર્ડ મારફતે ૬ લાખ ઉપરાંત રકમ ઉપાડી લીધી હતી. ત્યારબાદ યુવતીને આ અંગે જાણ થતા તેણે યુવાન પાસે રૂપિયાની માગણી કરી હતી અને તેને રૂપિયા પરત આપી દેવાની વાત કરી હતી પરંતુ રૂપિયા પરત આપ્યા ન હતા. જેના પગલે યુવાને ધીરે ધીરે આ યુવતી સાથે સંબંધ ઓછો કરી દીધો હતો અને તેણીને તરછોડી પરિવાર સાથે રહેવા માટે જતો રહ્યો હતો. જેથી યુવતીને છેતરાયાનો અહેસાસ થયો હતો અને આ અંગે અડાલજ પોલીસ મથકમાં આ યુવાન મનસુખપુરી પ્રેમપુરી ગોસ્વામી ઉર્ફે મુકેશ ગોસ્વામી સામે બળાત્કાર અને શારીરિક શોષણની ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને યુવાનની ધરપકડ માટે મથામણ શરૂ કરી હતી.

# ખેડામાં બ્રિજ ઉપર પતંગની દોરીથી યુવકનું ગળું કપાતા મોત

**નડિયાદ**

નેશનલ હાઈવે નં.૪૮ પર ખેડા પાસેના સંધાણા નજીકથી પસાર થતાં બાઈક ચાલકના ગળામાં પતંગની દોરી ફસાતા ગળું કપાઈ જતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે પત્ની અને બાળકનો આબાદ બચાવ થયો હતો. બનાવને પગલે રોડ પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. યુવક જેતલપુરમાં રામેશ્વરી ક્લિનિકમાં કમ્પાઉન્ડર તરીકે નોકરી કરતો હતો.

અમદાવાદના જેતલપુરમાં રહેતા સાગરકુમાર રાજુભાઈ રાવળ (ઉ.વ.૨૬) શનિવારે બપોરે મોટરસાયકલ પર પત્ની અને અઢી વર્ષના બાળકને લઈ પોતાના વતન નડિયાદ પાસેના ડભાણ ખાતે બાધા પૂરી કરવા જઈ રહ્યા હતા. આ દરમિયાન સંધાણા રોડ બ્રિજ નજીકથી પસાર થતાં હતાં, ત્યારે અચાનક બાઈક ચાલકના ગળામાં પતંગની દોરી ભરાઈ જતાં લોહીલુહાણ હાલતમાં તે રોડ પર પટકાયા હતા. તેમજ દોરીથી ગળું કપાઈ જતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

# ડભોઇના લેડી કોન્સ્ટેબલ મણી ચૌધરીનો ડીસાથી પત્તો મળ્યો : જાતે ગયાની કેફિયત

**ડભોઇ**




ડભોઈ તાલુકાના મોટાહબીપુરા ગામમાંથી મહિલા પોલીસ કોન્સ્ટેબલ મણીબેન ચૌધરી અપહરણ કેસમાં આજે નવો વળાંક આવ્યો છે. મણીબેન મળ્યા બાદ તેણે આપેલા નિવેદનમાં માતાની તબિયત સારી ન હોવાથી તેને મળવા પતિને કહ્યા વગર જતી રહી હતી તેમ પોલીસને જણાવ્યું હતું.

મહિલા કોન્સ્ટેબલનું ૧૦થી ૧૫ શખ્સોએ માર મારી અપહરણ કર્યુ હોવાની ફરિયાદ તેના પતિ સદ્દામ સિકંદર ગરાસીયાએ ડભોઈ પોલીસમાં નોંધાવી હતી. આ ઘટના બાદ પોલીસ દ્વારા અપહરણકારો તેમજ મણીબેનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી અને ફરિયાદના છ દિવસ બાદ મણીબેનને જિલ્લા પોલીસે શોધી કાઢી હતી. પોલીસે ડીસામાંથી મહિલા કોન્સ્ટેબલને શોધી તેનું નિવેદન લેતા પોલીસ સમક્ષ કબૂલાત કરી હતી કે મારી માતાની તબિયત ખરાબ હોવાથી મારા પતિ સદ્દામ અને સાસરીવાળાને કહ્યા વગર મેં પરિવારને મોટાહબીપુરા બોલાવ્યા હતા અને તેઓની સાથે ચાલી ગઈ હતી.

મોટાહબીપુરા ગામે રહેતા સદ્દામે અગાઉ ડભોઈ પોલીસમાં ફરજ બજાવતી મણીબેન ચૌધરી સાથે મૈત્રીકરાર કર્યા ત્યારે પ્રથમ વખત તેનુ અપહરણ થયું હતું. ત્યારબાદ ફરી બીજી વખત ડેસર તાલુકામાં ફરજ દરમિયાન અપહરણ થયું હતું. બંને વખત પોલીસે મણીબેનને શોધી સદ્દામને સુપરત કરી હતી. બાદમાં મણીબેન ચૌધરીએ સદ્દામ સાથે કાયદેસર તા.૧૦ નવેમ્બરના રોજ વિધિવત લગ્ન કરી લીધા હતા. મણીબેન ચૌધરીનો પત્તો લાગ્યા બાદ તેને ડભોઈ લાવવામાં આવી હતી અને તેની પૂછપરછ બાદ પતિના ઘેર જવાની ઈચ્છા વ્યક્ત કરતાં તેના પતિ સદ્દામને સુપરત કરવામાં આવી હતી.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) — 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough — 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab — 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# જૂનાગઢમાં લીલી પરિક્રમામાં આ વર્ષે 12.35 લાખ ભાવિકો સાથે ગિરનારી વિક્રમ નોંધાયો

## સોમવાર સુધીમાં કુલ 12.75 લાખથી વધુ લોકોએ નળપાણી ઘોડી વટાવી

**જૂનાગઢ**

ગિરનારની લીલી પરિક્રમા વિધિવત સમય કરતા 40 કલાક વહેલી એટલે તા. 22ના વહેલી સવારે 4 વાગ્યાથી શરૂ થઈ હતી. આ 4 દિવસ દરમ્યાન સોમવારે રાત સુધીમાં નળપાણીની ઘોડી ખાતે 12.75 લાખ જેટલા યાત્રિકો નોંધાયા હતા. આ વખતે ભાવિકોનો વિક્રમજનક આંક નોંધાયો હતો 13.25 લાખ લોકોએ મુખ્ય પ્રવેશ દ્વાર ઈટવા ઘોડીથી પ્રવેશ મેળવ્યો છે. આજે પ્રથમ પડાવ ઝીણાબાવાની મઢી ખાલી થઈ રહી છે અને બીજા પડાવ માળવેલા ખાતે 40-50,000 યાત્રિકો હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આવતીકાલે સાંજ અથવા રાત સુધીમાં પરિક્રમા પૂર્ણ થાય એવું અનુમાન છે. પરિક્રમાનો પ્રવેશ દ્વાર ઈટવા ઘોડીથી જૂજ સંખ્યામાં પરિક્રમાર્થીઓ પ્રવેશ કરી રહ્યા છે.



દર વર્ષે ગિરનારની લીલી પરિક્રમામાં ભાવિકોની સંખ્યા વધતી જાય છે. આ વર્ષે રેકોર્ડ બ્રેક ભાવિકો નોંધાયા છે. પરિક્રમાનો વનતંત્ર હસ્તકનો મુખ્ય પ્રવેશ દ્વાર પરથી 13.25 લાખ લોકોએ પ્રવેશ લીધો હોવાનું વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે.

# રાજકોટ એરપોર્ટ ધમધમતું થયુંઃ અઢી માસમાં ૧.૪૧ લાખ યાત્રીની અવરજવર

**રાજકોટ**

રાજકોટ નજીક હિરાસર ખાતે આકાર લેનારા નવા આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટ ખાતે સ્થળાંતર બાદ મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાયો છે. રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી માત્ર અઢી મહિનામાં ૧,૪૧,૨૩૨ મુસાફરે આવાગમન કર્યું છે. હાલ નવા એરપોર્ટ પરથી દરરોજની ૧૦ જેટલી શેડ્યૂલ ફ્લાઈટ અને બે નોન શેડ્યૂલ ફ્લાઈટ ઉડાન ભરે છે.

રાજકોટ શહેરની મધ્યમાં જૂનું એરપોર્ટ કાર્યરત હતું ત્યારે મુંબઈ, દિલ્હીની ફ્લાઈટમાં સૌથી વધુ ટ્રાફિક નોંધાયો હતો. ત્યારબાદ ગત ૧૦મી સપ્ટેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દરમિયાનમાં નવું એરપોર્ટ શહેરથી ૩૧ કિ.મી. દૂર આવેલું હોવાથી મુસાફરો અને એરટિકિટ બુકિંગ કરતા એજન્ટોમાં પણ કચવાટ જોવા મળી રહ્યો હતો અને હજુ એરપોર્ટના નિર્માણની કામગીરી ચાલુ હોય અસુવિધાઓની ફરિયાદો પણ ઊઠી હતી. આ ફરિયાદો વચ્ચે પણ છેલ્લા અઢી મહિનામાં ૧,૪૧,૨૩૨ મુસાફરએ નવા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવાગમન કર્યું છે.

# મોરબી પંથકમાં વાહન અકસ્માતના 3 બનાવમાં 3 વ્યક્તિના કરૂણ મોત

**મોરબી**

માળિયા ત્રણ રસ્તા બ્રીજ પાસે 35 વર્ષીય યુવાન રોડ પર ચાલીને જતો હોય ત્યારે અજાણ્યા વાહનચાલકે યુવાનને હડફેટે લેતા ઈજા પહોંચતા યુવાનનું મોત નીપજયું હતું. વાંકાનેરની નર્સરી ચોકડી પાસે ટ્રક ચાલક ટ્રકને વણાંક લેતો હોય ત્યારે રોડ ક્રોસ કરતા આધેડ ઠોકરે ચડી ગયા હતાં અને ટ્રક નીચે કચડાઈ જતા આધેડને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન મોત થયું હતું.

મોરબીના ્રેમજીનગર મકનસર ગામના રહેવાસી કલ્પેશભાઈ બાબુભાઈ પીપળીયાએ ટ્રકના ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં ફરિયાદીના ભાઈ મહેશભાઈ બાબુભાઈ પીપળીયા ઉ.વ.22 પોતાનું બાઈક લઈને મોરબીથી પ્રેમજીનગર આવવા નીકળ્યો હતો. ત્યારે જાંબુડિયા પાસે સર્વિસ રોડ પર ટ્રકના ચાલકે ટ્રક બેફિકરાઈથી ચલાવી મહેશભાઈને તેના બાઈક સહીત હડફેટે લેતા મહેશનું મોત થયું છે.

કચ્છના અંજાર તાલુકાના મથડા ગામના રહેવાસી ગુલામશા બુઢમશા સૈયદ (ઉ.વ. 39) વાળાએ અજાણ્યા વાહનચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે.જેમાં જણાવ્યું છે કે, ફરિયાદીના ભાઈ અનવરશા સૈયદ (ઉ.વ. 35) માળિયા ત્રણ રસ્તા પુલ પર ચાલીને જતો હોય ત્યારે અજાણ્યા વાહનચાલકે તોકર મારતા ભાઈનું મોત થયું હતું.

# રાજુલાની રાણી ક્વિને સર્જ્યો વર્લ્ડ રેકોર્ડ, બચ્ચાની સલામતી માટે સિંહણે 300 કિ.મીનું અંતર કાપ્યું

**અમરેલી**

એશિયાટિક અને આફ્રિકન સિંહોના ઈતિહાસમાં પહેલી વખત 2 વલ્ડ રેકોર્ડ થયો છે. આ સિંહણનું નામ છે “કવિન રાજુલાની રાણી” એ પોતાના વિસ્તારમાં સ્થાયી થવા માટે અને પોતાના બચ્ચાની શોધખોળ માટે 300 કિલોમીટર સુધી સંઘર્ષ કરતા વનવિભાગ પણ ચોંકી ઉઠ્યું હતું. દેશની શાન ગણાતા સાવજોમાં આજે એક વર્લ્ડ રેકોર્ડ રચાયો છે. અમરેલી જિલ્લામાં આવેલ થોડા મહિના પહેલા રાજુલાના રેવન્યુ વિસ્તારમાં સિંહણ તેમના બચ્ચાં સાથે ફરતી હતી. આ વચ્ચે 1 વ્યક્તિ નજીક પસાર થતા સિંહના બચ્ચાને બચાવવા જતા સિંહણ દ્વારા સામાન્ય ઈજાઓ કરી હતી. આ ઘટના બાદ વનવિભાગ દ્વારા આ સિંહણને ગીર અભયારણ્ય વિસ્તારમાં મુક્ત કરી હતી. એ સમયે તેમના 4 બચ્ચા સાથે હતા અને અન્ય સિંહોએ પોતાના વિસ્તારમાં વર્ચસ્વની લડાઈમાં ઈનફાઈટ થવાના કારણે 3 સિંહબાળના મોત થયા.



ત્યારબાદ એક સિંહબાળ સાથે સિંહણ તેમને બચાવવા ફરી પોતાના વિસ્તારમાં સ્થાયી થવા માટે ફરતી ફરતી પોરબંદર શહેર સુધી પહોંચી. અલગ અલગ વિસ્તારમાંથી 300 જેટલા કિલોમીટર સુધી પહોંચી જતા વનવિભાગ ચોંકી ઉઠ્યું હતું. જોકે આ 300 કિલોમીટર સુધીનો આ સિંહણનો સંઘર્ષ વર્લ્ડ રેકોર્ડ બનાવી દીધો હોવાનું સિંહ નિષ્ણાંતો માની રહ્યા છે. આ ઘટનાની ગંભીરતા સમજી સિંહબાળ સિંહણ ભટકતા ભટકતા કોઈ અકસ્માત અથવા તેમની સુરક્ષાને ધ્યાને લઈ વનવિભાગ દ્વારા રાજુલા રેવન્યુ વિસ્તારોમાં મુક્ત કરી દેવાય છે.

# રાજકોટની પરિણીતાની ગોંડલ પાસે હત્યા બાદ પતિનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત

## પત્નીને બેરહેમીથી મોતને ઘાટ ઉતારી દીધા બાદ હતાશ પતિએ આત્મઘાતી પગલું ભર્યા શંકા

**ગોંડલ**

ગોંડલના જામવાડી નજીક નેશનલ હાઈવે નજીક હત્યા કરાયેલી હાલતમાં અજાણી મહિલાની લાશ મળી હતી. પોલીસ તપાસમાં અંદાજે વીસ બાવીસ વર્ષની અજાણી મહિલાનું ગળું છરીના ઘા મારી રહેંસી નખાયું હોય અને છાતી અને પેટનાં ભાગે છરીના ઘા મરાયા મરાયા હોવાનું ખૂલ્યું હતું. મહીલા પરપ્રાંતિય મજુર વર્ગની હોવાનું તથા ગળામાં મંગલસુત્ર પહેર્યુ હોવાથી પરણીત હોવાનું જણાયું હતું. તેમજ મહિલાનાં ડાબા હાથ પર રવિ તથા સોનલ નામ ત્રોફાવેલાં હતા. પાલીસને મોડીરાત્રે તપાસ દરમિયાન મૃતક સોનલ રવિભાઈ (રહે. કિટીપરા, રાજકોટ) હોવાનું મળ્યું હતું.

બીજી તરફ, કિટીપરામાં શેરી નં. ૭માં રહેતો અને છુટક મજુરી કરતો રવિ વિનુભાઈ વઢવાણીયા તેની પત્ની સાથે ઘરેથી દવા લેવા જવાનું કહીને નિકળ્યા બાદ બંને લાપત્તા બની ગયા હતાં. પરિવારજનોએ શોધખોળ કરવા છતા કોઈ પત્તો લાગ્યો ન હતો. દરમિયાન આજે રવિએ ઢેબર રોડ પર પી.ડી.એમ. કોલેજ નજીક રેલ્વે ટ્રેક પર ટ્રેન હેઠળ ઝંપલાવી દેતા તેનું મૃત્યું નિપજયું હતું. મૃતકનાં લગ્ન એકાદ વર્ષ પહેલા જ થયા હતાં. તેને માનસિક બિમારી હતી. સોમવારે પત્ની સાથે ઘરેથી નિકળ્યા પછી લાપત્તા બન્યા બાદ આજે ટ્રેન હેઠળ ઝંપલાવી દીધું હતું. પરંતુ રવિની પત્ની સોનલ અંગે પોલીસને કોઈ માહિતી મળી ન હતી.

# મેણમાં ગ્રામ પંચાયતના બે સભ્યોના ત્રાસથી સરપંચના સસરાનો આપઘાત

**ઉના**

ઉના તાલુકાના મેણ ગામમાં રહેતા મહિલા સરપંચના સસરા લાલજીભાઈ હમીરભાઈ સાખટ(ઉ.વ.૬૫)એ તા.૨૦ના ગ્રામ પંચાયતના સભ્ય મુન્ના બાબુ મકવાણા અને ધીરૂ હરસિંહ સોલંકીના માનસિક ત્રાસથી ઝેરી દવા પી લીધી હતી. લાલજીભાઈને ઉના ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં મામલતદાર દ્વારા તેનું ડીડી લેવામાં આવતા તેઓએ મુન્ના બાબુ મકવાણા અને ધીરૂ હરસિંહ સોલંકીના ત્રાસથી ઝેરી દવા પીધાનું જણાવ્યું હતું. તેઓ પંચાયતમાં ઈમાનદારી પુર્વક કામ કરતા હતા જે આ લોકોને પસંદ ન આવતા અવાર-નવાર ત્રાસ આપતા હતા. ગત રાત્રિના લાલજીભાઈનું સારવાર દરમ્યાન મોત થયું હતું. તેના પુત્ર દિલીપભાઈએ ઉના પીઆઈને જાણ કરી હતી. પીઆઈએ ‘મને ડિસ્ટર્બ કરવો નહી, જો ડીઓ આવશે તો અમે આવશું.’ આ અંગે દિલીપભાઈએ એસ.પી.ને ફરિયાદ કરી હતી અને જવાબદારો સામે ગુનો દાખલ કરવાની માંગ સાથે મૃતદેહ સ્વીકારવા ઈન્કાર કર્યો હતો. બાદમાં પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

# તમિલનાડુના જગતગુરૂ સંસ્થાના 400 સ્વંયસેવકોએ સોમનાથની સફાઈ કરી

**જામનગર**

તમિલનાડુમાંથી જગતગૂરૂ સેવા સંસ્થાના 400 જેટલા ભક્તો સમગ્ર દેશભરમાં પૌરાણિક મંદિરોની સફાઈ માટે અનોખી યાત્રા કરી રહ્યાં છે. ત્યારે આ સંસ્થાના 400 જેટલા ભાઈ બહેનો સોમનાથ પહોંચ્યા છે. સોમનાથ ટ્રસ્ટ સંચાલિત પ્રાચી તીર્થના પૌરાણિક મંદિરોની સફાઈ કરી અને સાંયકાળ પ્રદોષ સમયે હરિદ્વારમાં થતી ગંગા આરતી સમી ત્રિવેણી સંગમની મહા આરતી કરી ધન્યતા અનુભવી હતી. તામિલનાડુ સ્થિત જગતગુરુ સેવા સંસ્થાના 400 જેટલા ભાઈ બહેનો સમગ્ર દેશભરમાં ફરીને પૌરાણિક સમયના મંદિરો અને ધર્મ સ્થળોની સફાઈ કરવા માટે દર માસે યાત્રા યોજે છે.

# ભુજ જમીન કૌભાંડઃ જેલવાસ બાદ નાયબ કલેક્ટરનું સસ્પેન્સન નિશ્ચિત

**ભુજ**

સરકારી નિયમોનો છડેચોક ભંગ કરીને ભુજ શહેરમાં આવેલી ૧.૩૮ એકર સરકારી ખરાબાની જમીનને લાગુની જમીન તરીકે મંજૂર કરવાના અને બાદમાં તેને રહેણાંક હેતુ બિનખેતી કરી આપવાના ગુનામાં ધરપકડ થયેલા વધુ એક નાયબ કલેક્ટરની ફરજમોકૂફી નિશ્ર્ચિત થઈ જતાં ભ્રષ્ટ બાબુઓમાં ફફડાટ ફેલાયો છે. રાજ્યભરમાં ચર્ચાસ્પદ બનેલા આ ગુનામાં ગત ૧૬મી નવેમ્બરે કચ્છના તત્કાલીન નાયબ કલેક્ટર અને હાલે વડોદરામાં અધિક કલેક્ટરની રૂએ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના રીહેબિલિટેશન એન્ડ રિસેટલમેન્ટ પ્રોજેક્ટમાં ઈન્ચાર્જ જોઈન્ટ ડિરેક્ટર તરીકે પદભાર સંભાળતા ૫૭ વર્ષીય સેજાભાઈ લક્ષ્મણભાઈ ગલચરએ સીઆઈડી સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. એક દિવસના રીમાન્ડ બાદ ૧૮ નવેમ્બરે અદાલતે તેમને ભુજની પાલારા જેલની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યાં હતાં. કૌભાંડ બદલ તત્કાલીન કલેક્ટર અને સસ્પેન્ડેડ આઈપીએસ અધિકારી એવા પ્રદીપ શર્મા અને નિવાસી નાયબ કલેક્ટર સામે ફરિયાદ નોંધાવી હતી.

# ગીર સોમનાથના યુવકનો અનોખો સેવાયજ્ઞ, 1000 વૃદ્ધોને કરાવશે તીર્થયાત્રા

**ગીર સોમનાથ**

ગીર સોમનાથમાં આવેલા લોઢવા ગામમાં રહેતા હિતેન્દ્ર જોશી નામના યુવકે અત્યારના આધુનિક યુગના શ્રવણ તરીકે વડીલોની અનોખી રીતે સેવા કરવાનું બીડું ઝડપ્યું છે. હિતેન્દ્ર જોશી 1000 જેટલા વૃદ્ધોને તીર્થયાત્રા કરાવશે. હિતેન્દ્ર જોશીએ તેમના પિતા શિવશંકર વલ્લભજી જોશીની પુણ્યતિથિ નિમિત્તે પોતાના સ્વખર્ચે જ લોઢવા ગામના 1000 લોકોને યાત્રા કરાવવાનો નિર્ધાર કર્યો છે. જેમાં પ્રથમ તબક્કાના 170 યાત્રિકો તેમજ બીજા તબક્કામાં 295 લોકો ગીર સોમનાથથી યાત્રા માટે રવાના થયા છે. તેમજ આ યુવાન હજુ આવનારા સમયમાં આસપાસના 25 થી વધારે ગામના લોકોને હરિદ્વારની યાત્રા કરાવશે.

સ્વદેશ





## અદિતિ ગોવારીકર મિસિસ વર્લ્ડની નિર્ણાયક તરીકે આમંત્રિત

મુંબઇ : મિસિસ વર્લ્ડ વિવાહિત મહિલાઓની સૌંદર્ય સ્પર્ધા છે. જે ૧૯૮૪માં અમેરિકામાં શરૂ કરવામાં આવી હતી. જે આજે વિશ્વ સ્તર પરસૌથી મોટી સ્પર્ધા તરીકે ગણવામાં આવે છે. જે દુનિયાભરની વિવાહિત મહિલાઓની સુંદરતાને સમ્માનિત કરે છે. ૨૦૨૪ની આ સ્પર્ધા માટે અદિતિ ગોવારીકરને નિર્ણાયક તરીકે નિમંત્રણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત તેને ૨૦૨૪ની મિસિસ વર્લ્ડ ૨૦૨૪ની જ્યૂરી પેનલનો હિસ્સો બનવા માટે પણ એક વિશેષ આમંત્રણ મળ્યું છે. જે ૨૧ જાન્યુઆરીના રોજ લાસ વેગાસમાં યોજાવાનું છે.

# સાઉથ હોય કે બોલિવૂડ, મારા માટે બધું સરખું છે - રશ્મિકા મંદાના

## રણબીર કપૂર એવા એક્ટર છે જેમને જોવા અને તેમની સાથે કામ કરવું એક ટ્રીટની જેમ જ છે!



કન્નડ અને તમિલ ફિલ્મોની ખૂબસૂરત અને પ્રતિભાશાળી એક્ટ્રેસ રશ્મિકા મંદાનાએ બોલિવૂડમાં ત્રણ વર્ષની સફર ખેડી નાખી અને અપાર લોકચાહના પણ મેળવી. `પુષ્પા'ની શ્રીવલ્લીએ રાતોરાત ભારતભરમાં જ નહીં વિશ્વમાં પોતાનો ડંકો વગાડી દીધો હતો. બોલિવૂડમાં રશ્મિકાએ મિલેનિયમ મેગા સ્ટાર કહેવાતા અમિતાભ બચ્ચન સાથે ફિલ્મ `ગૂડબાય' કરી હતી. જોકે, આ ફિલ્મ સુપર ફ્લોપ સાબિત થઈ હતી પરંતુ આ ફિલ્મમાં રશ્મિકાની વિશેષ નોંધ લેવામાં આવી હતી. રશ્મિકાએ દક્ષિણમાં 6 વાર ફિલ્મફેર એવોર્ડ જીત્યો છે ઉપરાંત તેણે નેશનલ ક્રશ તરીકેનું પણ બહુમાન મેળવ્યું છે.

**તમારી આગામી ફિલ્મ `એનિમલ' ખૂબ ચર્ચામાં છે, તેના વિશે કંઈક કહેશો?**

`એનિમલ' ફિલ્મ વિશે હું એટલું ચોક્કસથી કહી શકું કે આ ફિલ્મ એક પારિવારિક ફિલ્મ છે. આપણા ભારતીયો પરિવારને બહુ જ માન આપે છે. ભારતીયો પરિવાર માટે હંમેશાં સોફ્ટ કોર્નર રાખે છે. મને નથી ખબર કે હું ફિલ્મ વિશે કેટલું જણાવી શકીશ, પણ હા, ભારતીય ઓડિયન્સ આ ફિલ્મને ખૂબ જ સારી રીતે સમજી શકશે. અલબત્ત, આ ફિલ્મ તમને અંત સુધી જકડી રાખશે. આ એક એવી ફિલ્મ છે, જ્યાં ઘણીબધી કોમ્પલેક્સ ભૂમિકા એકસાથે પરિવારની રીતે જોવા મળશે, જે પોતાનામાં જ એક મોટી સ્ટોરીસમાન છે.

**રણબીર કપૂર સાથે કામ કરવાનો તમારો કેવો અનુભવ રહ્યો?**

સાચું કહું તો રણબીર કપૂરે કંઈ પણ સાબિત કરવાની જરૂર નથી. તે પોતે એક સફળ અભિનેતા છે જ. અલબત્ત, તેમણે તેમની અદાકારી તેમની તમામ ફિલ્મોમાં દર્શાવી જ છે. હું સાચે જ મારી જાતને વધુ સન્માનિત કરું છું કે મને તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. રણબીર ખૂબ જ અલગ પ્રકારના અને કમાલના માણસ છે. તેમની એક વાત મને ખૂબ જ આકર્ષી હતી, તેમનો જે ક્રાફ્ટ છે તે સમગ્ર ઈન્ડસ્ટ્રીને દર્શાવે છે, તે એક એવા એક્ટર છે જેમને જોવા અને તેમની સાથે કામ કરવું એક ટ્રીટની જેમ જ છે!

**આખું ભારત `પુષ્પા-2'ની રાહ જોઈ રહ્યું છે, તમે આ ફિલ્મને લઈને નર્વસ છો?**

સ્વાભાવિક છે કે, `પુષ્પા-1' આટલી સફળ રહી અને જ્યારે `પુષ્પા-2' આવી રહી છે તો સૌ કોઈ દર્શકો આ ફિલ્મને લઈ ખૂબ જ ઉત્સાહી રહેવાના જ છે. રહી વાત મારી નર્વસનેસની તો ના, હું નર્વસ સહેજ પણ નથી, હું તો ખૂબ જ એક્સાઈટેડ છું આ ફિલ્મને લઈને... હું તો આ ફિલ્મને લઈને મારી ટીમ માટે પણ ખૂબ જ ખુશી અનુભવું છું. અમારી આ ફિલ્મે જે પ્રકારે એવોર્ડ મેળવ્યા છે તે રેકોર્ડે તો અમને બમણા વેગે કામ કરવાની એનર્જી આપી છે. `પુષ્પા-1' ફિલ્મની અપાર સફળતાએ અમને ભાગ 2 માટે ખૂબ જ રોમાંચિત કર્યાં છે. મને દૃઢ વિશ્વાસ છે કે `પુષ્પા-2' પાગલપણા સાથે મનોરંજનનો હેવી ડોઝ સૌ દર્શકોને અને મારા ફેન્સને આપશે.

**સાઉથ ઈન્ડસ્ટ્રી અને બોલિવૂડમાં તમને કોઈ ફર્ક જણાય છે?**

મને નથી લાગતું કે આનો કોઈ યોગ્ય જવાબ હોઈ શકે! મેં અલગઅલગ ઈન્ડસ્ટ્રીની અલગઅલગ ટીમ સાથે કામ કરેલું છે. આ અલગઅલગ ટીમ અલગઅલગ ઈન્ડસ્ટ્રી સાથે સંબંધ ધરાવતી હોય છે, સાઉથ હોય કે બોલિવૂડ મારા માટે બધું સરખું છે! હું હંમેશાં દમદાર સ્ક્રિપ્ટની જ પસંદગી કરું છું અને અદભુત લોકો સાથે કામ કરવાની ઈચ્છા ધરાવું છું. મને તે સૌથી વધુ આકર્ષે છે, જ્યારે અલગઅલગ ઈન્ડસ્ટ્રી સાથે મને કામ કરવાનો મોકો મળે છે, તેઓ તમારા કામને પ્રોત્સાહન પૂરું પાડે છે. જ્યારે તમે નવી ઈન્ડસ્ટ્રીમાં જતા હોવ છો ત્યારે નવી રીતે કામ કરવાનું હોય છે અને તમારે ત્યાં પોતાની જાતને સિદ્ધ કરવાની હોય છે કે તમે આ કરી શકો છો.

## 12 વી ફેઈલ સ્વતંત્ર એન્ટ્રી તરીકે ઓસ્કરની હોડમાં




મુંબઇઃ લો બજેટમાં બનેલી અને માઉથ પબ્લિસિટીના સહારે ઊંચકાયેલી ફિલ્મ '૧૨વી ફેઈલ'ને સ્વતંત્ર એન્ટ્રી તરીકે ઓસ્કરમાં મોકલવામાં આવી છે. ઓસ્કર એવોર્ડ માટે ભારત તરફથી સત્તાવાર એન્ટ્રી તરીકે ક્લાઈમેટ ચેન્જ પરની મલયાલમ ફિલ્મ '૨૦૧૮' પસંદ થઈ ચૂકી છે. જોકે, કોઈપણ નિર્માતા પોતાની ફિલ્મને ઓસ્કરમાં સ્વતંત્ર એન્ટ્રી તરીકે મોકલી શકે છે. તે અનુસાર વિધુ વિનોદ ચોપરાએ '૧૨વી ફેઈલ'ને ઓસ્કરમાં મોકલી છે. ઓસ્કર એવોર્ડ આગામી વર્ષે ૧૦મી માર્ચે યોજાવાના છે. વિક્રાંત મેસીની આ ફિલ્મ ગયા મહિને રીલીઝ થઈ હતી. તદ્દન નહીંવત્ત પબ્લિસિટી અને કોઈ મોટા સેલેબલ સ્ટારની ગેરહાજરી છતાં પણ આ ફિલ્મે માત્ર માઉથ પબ્લિસિટીના જોરે બોક્સ ઓફિસ પર ૫૫ કરોડની કમાણી કરી છે.

## રણબીરની ANIMAL એ રિલીઝ પહેલા જ બમ્પર કમાણી કરી




મુંબઈઃ રણબીર કપૂર, બોબી દેઓલ અને અનિલ કપૂરની જોડી પહેલી વખત એનિમલ દ્વારા બોક્સ ઓફિસ પર આવી રહી છે. મેકર્સે શનિવારથી તેની ટિકિટની બાકી ખોલી દીધી છે. 1 ડિસેમ્બર 2023એ રિલીઝ થઈ રહેલી એનિમલની એડવાન્સ બુકિંગના પહેલા દિવસના આંકડાના કારણે મેકર્સે રાહતનો શ્વાસ લીધો છે. પહેલેથી જ રશ્મિકા મંદાના અને રણબીર કપૂરની ફિલ્મને લઈને માર્કેટમાં ખૂબ ક્રેઝ જોવા મળી રહ્યો છે. પહેલા જ દિવસે તેણે એડવાન્સ બુકિંગમાં શાનદાર પરફોર્મ કર્યુ છે. રિપોર્ટ અનુસાર એનિમલે પ્રી-રિલીઝમાં 3.4 કરોડનું કલેક્શન કર્યુ છે.

## સૂર્યાની કર્ણ ફિલ્મમાંથી દિશા પટાણીનું પત્તું કટ થઈ ગયું

મુંબઇ : સાઉથના સ્ટાર સૂર્યાની ફિલ્મ 'કર્ણ'માંથી દિશા પટાણીનું પત્તું કટ થઈ ગયું છે. તેની જગ્યાએ નયનતારા ગોઠવાઈ જાય તેવી સંભાવના છે. રાકેશ ઓમપ્રકાશ મહેરાની ફિલ્મ કર્ણનું શૂટિંગ જાન્યુઆરી મહિનામાં શરૂ થાય તેવી શક્યતા છે. જો નયનતારાની આ ફિલ્મમાં એન્ટ્રી થશે તો ફિલ્મને ડબલફાયદો મળે તેમ છે. નયનતારા દક્ષિણની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં લોકપ્રિય છે. બીજી તરફ દિશા પટાણી સાઉથ તો ઠીક પરંતુ બોલીવૂડમાં પણ ખાસ પોપ્યુલર નથી. તેની હાજરીથી ટિકિટબારી પર કોઈ ખાસ ફાયદો થઈ શકે તેમ નથી. આ ઉપરાતં એક્ટિંગ કે સ્ક્રીન પ્રેઝન્સની રીતે પણ દિશા બહુ પ્રભાવશાળી નથી. રાકેશ ઓમ પ્રકાશ મહેરા બહુ જંગી બજેટ સાથે આ મહત્વાકાંક્ષી ફિલ્મ બનાવી રહ્યા છે અને તેથી તેઓ કાસ્ટિંગ બાબતે કોઈ જોખમ લેવા માગતા નથી.



# મારે આલિયાની ભાભી નથી બનવું

ના. ..ના, કરીના એક દીકરી આવી ગયા પછી પોતાના ભાઈ રણબીરને આલિયાથી અલગ થવાનું નથી કહી રહી પણ જ્યારે સંબંધોની વાત આવી ત્યારે કરીનાએ બહુ સરળતાથી કહી દીધું હતું કે મારે કોઇની ભાભી નથી બનવું, હું કરીના છું, રણબીરની બહેન, આલિયા મને બેબો કહીને બોલાવે છે એ જ બરાબર છે, મને આટલું હેવી ટાઇટલ નથી જોઇતું. કરીના અને આલિયા તાજેતરમાં જ કરણ જોહરનાં ટોક શોમાં આવ્યાં હતાં. આ ટોક શોમાં બંનેએ ઘણી વાતો કરી હતી. એક તરફ બેબોએ બિન્ધાસ્ત જણાવ્યું હતું કે મારા બંને દીકરાઓને પેપ્સ ફોલો કરે કે તેમના ફોટા લે એમાં મને કોઇ જ સમસ્યા નથી. હું અને સૈફ એ બાબતે પહેલેથી જ દિલદાર છીએ, અમે જાણીએ છીએ કે એક દિવસ તો તે લોકોને પેપ સામે આવવાનું જ છે, વળી ફેન્સ અમારાં બાળકોને જુએ એમાં અમને કોઈ સમસ્યા પણ નથી. જ્યારે બીજી તરફ આલિયા પોતાની દીકરી માટે ખૂબ પ્રોટેક્ટિવ જણાઇ હતી. તેણે જણાવ્યું કે કોઈ પણ જાણીતા લોકો મળે તો અમે તરત રાહાનો ફોટો બતાવીએ છીએ પણ પેપને રાહાને ક્લિક કરવાની સખત મનાઈ છે. તેનું કહેવું છે કે હાલ રાહાને તેની જરૂર નથી. આલિયા આ ચેટ શો દરમિયાન ઘરની ડાહી વહુ બનવા પ્રયત્ન કરી રહી હતી તે દેખાતુ હતું જ્યારે કરીના પણ નણંદપણું થોડા પ્રમાણમાં કરતી હોવાનો ખ્યાલ આવી જતો હતો. આલિયાએ કરીનાનાં અઢળક વખાણ કર્યાં હતાં. તેણે જણાવ્યું હતું કે હું કરીનાની ફિલ્મો જોઈને જ મોટી થઈ છું, મને તે ખૂબ ગમે છે તો બીજી તરફ કરીનાએ એરોગન્સમાં કહ્યું હતું કે તેણે કરેલાં ઘણા રોલને તેના જેટલો ન્યાય બીજી કોઈ એક્ટ્રેસ ન આપી શકી હોત.



॥ સંસ્કૃતિ ॥




Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## સેમ ઓલ્ટમેનની ચેટજીટીપીમાં વાપસી વચ્ચે વિશ્વભરમાં નવા સોફ્ટવેરની ચર્ચા

# Q STAR સોફ્ટવેર : મગજ જેટલી ક્ષમતા સંભવ

પ્રાસંગિક
ધવલ શુક્લ

છેલ્લાં મહિનામાં વિશ્વમાં ટેકનોલોજી ક્ષેત્રમાં ખળભળાટ મચાવી દેનારી ઘટનામાં ચેટજીપીટી બનાવનારી કંપની ઓપન એઆઈના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર (સીઈઓ) સેમ એલ્ટમેનને રવાના કરી દીધો હતો. એલ્ટમેનના સ્થાને વચગાળાનાં સીઈઓ તરીકે મીરા મુરાતીની નિમણૂક કરાઈ છે. આ આંચકો નાનો હોય એમ સેમની હકાલપટ્ટીના કલાકોમાં ઓપનઆઈના પ્રેસિડેન્ટ ગ્રેગ બ્રોકમેને પણ રાજીનામું ધરી દીધું હતુ.

ઓપનઆઈએ હમણાં ચેટજીપીટી ચેટબોટમાં નવાં ફીચર્સ ઉમેર્યા હતા. જેને કારણે ચેટજીપીટી ચેટબોટની ડીમાન્ડ જોરદાર વધી ગઈ છે અને સબસ્ક્રીપ્શન માટે પડાપડી થઈ રહી છે. સેમ એલ્ટમેને તેનો લાભ લેવા માટે નવાં સબસ્ક્રીપ્શન લેવાનું બંધ કર્યું હતુ. ઓપનઆઈ સબસ્ક્રીપ્શન રેટ વધારીને ફરીથી સબસ્ક્રીપ્શન લેવાનું શરૂ કરશે એવી અટકળોના કારણે ઓપનઆઈ ચર્ચામાં હતી જ. ત્યાં બેવડાં રાજીનામાં પડતાં ઓપનઆઈની જ સર્વત્ર ચર્ચા છે.

આ ઘટનાને 10 દિવસ વીત્યા છે ત્યાં ચેટજીપીટીના સેમ ઓલ્ટમેન ઓપન એઆઈ પર પાછા ફર્યા છે, પરંતુ ઘણાં લોકોને ખબર નથી કે બોર્ડના સભ્યોએ શા માટે સેમ ઓલ્ટમેનને ચેટજીપીટીના સીઈઓ પદ પરથી દૂર કર્યા હતા. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, **Q Star** સોફ્ટવેરના વિકાસને કારણે બોર્ડ મેમ્બરો દ્વારા સેમ ઓલ્ટમેનને બરતરફ કરાયા હતા. અહીં **Q Star** સોફ્ટવેર વિશે જાણતાં પહેલાં તમારે **AGI** કે આર્ટિફિશ્યલ જનરલ ઈન્ટેલિજન્સ વિશે જાણવું જરૂરી છે. ચેટજીપીટી સહિત ઘણા ચેટબોટ્સ આજે ઈન્ટરનેટ વિશ્વમાં કામ કરી રહ્યા છે, તે બધા એક નિશ્ચિત મર્યાદા અનુસાર કામ કરે છે.

**AGI** બરાબર એ જ રીતે કામ કરી શકે છે. આ વર્ષની શરૂઆતમાં ઓલ્ટમેને એક બ્લોગ પોસ્ટ કર્યો હતો, જેમાં તેણે સમજાવ્યું હતું કે **AGI** કેવી રીતે કાર્ય કરશે અને તેમાં અવિશ્વસનીય નવી ક્ષમતાઓ હશે. જે મનુષ્યની જેમ વિચારવા અને સમજવામાં નિપુણ હશે. તેણે પોતાના બ્લોગમાં કહ્યું હતું કે, જો **AGI** સફળતાપૂર્વક બનાવવામાં આવે તો તે ટેક્નોલોજી અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે. ઓપન એઆઈએ **Q Star** સોફ્ટવેર વિકસાવ્યું છે, જે **AGI**ની ખૂબ નજીક હોવાનું કહેવાય છે. ઓપન



એઆઈની રિસર્ચ ટીમે કંપનીના બોર્ડ મેમ્બર્સને એક પત્ર દ્વારા આ અંગે જાણ કરી હતી. ત્યારબાદ બોર્ડના સભ્યોએ સેમ ઓલ્ટમેનને બરતરફ કરી દીધા હતા. ચેટજીપીટી માત્ર ભાષા અને અનુવાદમાં નિષ્ણાત છે, જ્યારે **Q Star** ગણિત અને અન્ય સંશોધન કરી શકે છે. ઓપન એઆઈએ હજુ સુધી **Q Star** સોફ્ટવેરને લઈને કંઈ પણ સત્તાવાર રીતે જાહેર કર્યું નથી. ઓપન એઆઈના બોર્ડ સભ્યોને લખેલા પત્રમાં દાવો કરવામાં આવ્યો હતો કે, **Q Star** માનવતા માટે ખતરો હોઈ શકે છે. ત્યારબાદ બોર્ડે સેમ ઓલ્ટમેનને હટાવવા પગલું ભર્યું હતું.

અત્યાર સુધી કોઈ કંપનીએ સત્તાવાર રીતે **AGI** વિકસાવવાની જાહેરાત કરી નથી, પરંતુ રિપોર્ટ અનુસાર એમેઝોન આ ક્ષેત્રમાં કામ કરી રહી છે અને પોતાના **AGI** વાતચીત સહાયકને વિકસાવવાનો પ્રયાસ કરી રહી છે. ગત વર્ષે ચેટજીપીટી લૉન્ચ કરતી વખતે વિશ્વને ઓપન એઆઈનું નામ સૌ પ્રથમ વાર જાણવા મળ્યું હતુ. સેમની વાપસીની સાથે અન્ય એક આશ્ચર્યજનક સમાચાર પણ વહેતા થયા છે. જેને કારણે ઓપન એઆઈનો નવો પ્રોજેક્ટ લોન્ચ કરતાં પહેલાં જ વિવાદમાં આવી ગયો છે. આ પ્રોજેક્ટનું નામ **Q*** છે.

આ **Q*** પ્રોજેક્ટ શું છે જે મનુષ્યો માટે ખતરો હોવાનું કહેવાય છે? હાલમાં **Q*** પ્રોજેક્ટ વિશે બહુ ઓછી માહિતી ઉપલબ્ધ છે. આ એક આર્ટિફિશ્યલ જનરલ ઈન્ટેલિજન્સ (**AGI**) ટૂલ છે. આ અંગે સેમ ઓલ્ટમેને વર્ષની શરૂઆતમાં કહ્યું હતું કે **AGI** મનુષ્ય કરતાં વધુ સ્માર્ટ છે. તે સમયે સેમે તેની ખામીઓ વિશે કોઈ માહિતી આપી ન હતી, પરંતુ **AGI** માનવતા અને મનુષ્યો માટે ખૂબ જ ખતરનાક હોવાનું કહેવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર પ્રોજેક્ટ **Q*** માનવતા માટે તે જ રીતે ખતરો બની શકે છે. નવા ટૂલમાં ગણિતની સમસ્યાઓનો ખૂબ જ સચોટ અને ઝડપી રીતે ઉકેલ છે. હાલમાં જનરેટિવ એઆઈનો સૌથી વધુ ઉપયોગ લેખિત કાર્યોમાં થઈ રહ્યો છે. ઈ-મેઈલ હોય કે જી-મેઈલ, દરેક જગ્યાએ તેનો ઉપયોગ થઈ રહ્યો છે. જનરેટિવ **AI** તમે જે ટાઈપ કરો છો તેના આધારે આગળના શબ્દો સૂચવે છે. આર્ટિફિશ્યલ જનરલ ઈન્ટેલિજન્સ (**AGI**) એ કાલ્પનિક પ્રકારનો બુદ્ધિશાળી એજન્ટ છે. **AGI** કોઈ પણ બૌદ્ધિક કાર્યને પૂર્ણ કરવાનું શીખી શકે છે, જે મનુષ્ય અથવા પ્રાણીઓ કરી શકે છે.

વૈકલ્પિક રીતે **AGI**ની વ્યાખ્યા એક સ્વાયત્ત પ્રણાલી તરીકે કરવામાં આવી છે, જે મોટાભાગના આર્થિક રીતે મૂલ્યવાન કાર્યોમાં માનવ ક્ષમતાઓથી પણ આગળ નીકળી જાય છે. **AGI** બનાવવું એ કેટલીક આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ રિસર્ચ અને ઓપન એઆઈ, ડીપમાઈન્ડ અને એન્થ્રોપિક જેવી કંપનીઓનું પ્રાથમિક ધ્યેય છે. કમ્પ્યુટર વૈજ્ઞાનિકોની એક નાની સંખ્યા **AGI** સંશોધનમાં સક્રિય છે અને **AGI**ના સંશોધન માટે ભરાતી જાગતિક પરિષદોમાં હાજરી આપે છે.

વર્ષ ૨૦૨૩ સુધી **AGI**ની શોધ સંપૂર્ણપણે અટકળનો વિષય રહી છે. **AGI** માટે સામાન્ય રીતે સંમત થયેલા માપદંડોને પૂર્ણ કરતી કોઈ સિસ્ટમ હજુ સુધી વિકસાવવામાં આવી નથી. આર્ટિફિશ્યલ જનરલ ઈન્ટેલિજન્સ ક્યારે અને કેવી રીતે આવશે તેના પર મંતવ્યો બદલાય છે. **AI**ના પ્રણેતા હર્બર્ટ એ. સિમોને ૧૯૬૫માં અનુમાન લગાવ્યું હતું કે મશીનો વીસ વર્ષની અંદર માણસ કરી શકે તેવું કોઈ પણ કામ કરવા સક્ષમ હશે. આ આગાહી સાચી પડી નથી.

રોબોટીસ્ટ એલન વિનફિલ્ડે દાવો કર્યો હતો કે આધુનિક કોમ્પ્યુટીંગ અને માનવ-સ્તરની કૃત્રિમ બુદ્ધિ વચ્ચેનો તફાવત વર્તમાન અવકાશ ઉડાન અને પ્રકાશ કરતાં ઝડપી અવકાશ ઉડાન વચ્ચેના તફાવત જેટલો જ છે. મોટાભાગના **AI** સંશોધકો માને છે કે, ભવિષ્યમાં મજબૂત **AI** પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ કેટલાક વિચારકો, જેમ કે હુબર્ટ ડ્રેફસ અને રોજર પેનરોઝ , મજબૂત **AI** હાંસલ કરવાની શક્યતાને નકારે છે. જ્હોન મેકકાર્થી માને છે કે માનવ-સ્તરનું **AI** પરિપૂર્ણ થશે, પરંતુ હાલની પ્રગતિનું સ્તર એવું છે કે તારીખની ચોક્કસ આગાહી કરી શકાતી નથી.

**AGI** હાંસલ કરવા માટેનો એક સંભવિત અભિગમ મનુષ્યના સમગ્ર મગજનું અનુકરણ છે. જૈવિક મગજનું વિગતવાર સ્કેનિંગ અને મેપિંગ કરીને અને પછી કોમ્પ્યુટર સિસ્ટમ અથવા અન્ય કોમ્પ્યુટેશનલ ઉપકરણ પર તેની નકલ કરીને મગજનું મોડેલ બનાવવામાં આવે છે. સિમ્યુલેશન મોડલ મૂળ મોડલને પૂરતા પ્રમાણમાં વફાદાર હોવું જોઈએ, જેથી તે મૂળ મગજની જેમ વ્યાવહારિક રીતે કામ કરી શકે. તબીબી સંશોધનના હેતુઓ માટે મગજના સિમ્યુલેશનના સંદર્ભમાં કોમ્પ્યુટેશનલ ન્યુરોસાયન્સ અને ન્યુરોઈન્ફોર્મેટિક્સમાં સમગ્ર મગજના અનુકરણની ચર્ચા કરવામાં આવે છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ સંશોધનમાં મજબૂત **AI** માટેના અભિગમ તરીકે તેની ચર્ચા કરવામાં આવી છે. મગજની વિગતવાર સમજણ આપી શકે તેવી ન્યુરોઈમેજીંગ ટેક્નોલોજીઓ ઝડપથી સુધરી રહી છે. જો કે, કોમ્પ્યુટર કે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ પાસે મનુષ્યના મગજ દ્વારા કરવામાં આવતાં તમામ કાર્યો કરાવવા માટે હજુ વિજ્ઞાને ઘણી લાંબી મજલ કાપવી પડશે તેવું માનનારા સંશોધકોની સંખ્યા પણ હજૂ વધુ છે.

**સંશોધકો હાલ આર્ટિફિશ્યલ જનરલ ઇન્ટેલિજન્સમાં નવા સોફ્ટવેરને વિકસાવવાની મથામણ કરી રહ્યા છે. જે સોફ્ટવેર માણસની જેમ જ વિચારવા, સમજવા અને કાર્ય કરવામાં સક્ષમ હોઇ, પરંતુ સોફ્ટવેરની કાર્યદક્ષતા અંગે હાલ તો અટકળો જ છે, આવનારા સમયમાં તેની સામે પડકારો પણ ઉભા થઇ શકે છે**

# કુરતીને અનોખી રીતે સ્ટાઈલ કરી યુનિક લુક મેળવો



એથનિક આઉટફિટની વાત કરીએ તો એમાં કુરતી સૌથી બેસ્ટ આઉટફિટ છે. કોઈ ખાસ તહેવાર કે પ્રસંગ હોય અથવા ટ્રેડિશનલ આઉટફિટ કૅરી કરવા ઇચ્છો છો તો કુરતી પરફેક્ટ પરિધાન છે. કુરતીને દરેક મોસમમાં પહેરી શકાય છે. તેને કોઈ ઓકેઝન ઉપરાંત રૂટિનમાં કૉલેજ કે ઓફિસમાં પણ કૅરી કરી શકાય છે. આમ જોવા જઇએ તો દરેક જગ્યાએ પહેરી શકાય એવી કુરતીને અલગ અલગ રીતે સ્ટાઇલ કરવામાં આવે તો તે જોવામાં અને પહેરવામાં આકર્ષક લાગે છે. તો આજે આપણે કુરતીને કઈ અલગ અલગ રીતે સ્ટાઇલ કરી શકાય એ અંગે જાણીએ.



## ડેનિમ જેકેટ

કુરતી ડેનિમ આઉટફિટને ટ્વિસ્ટ આપવા માટે તેની સાથે ડેનિમ જેકેટને ટ્રાય કરી શકો છો. એ જોવામાં આકર્ષક લાગે છે. આ રીતે ડેનિમ જેકેટની સાથે લોન્ગ કે શોર્ટ કુરતીને ટીમઅપ કરી શકાય છે. લુકને કમ્પ્લિટ કરવા ટ્રેડિશનલ એરિંગ્સ પણ પહેરી શકો છે.

## ટ્રેન્ચ કોટ

મોટાભાગની યુવતીઓ હંમેશાં એવું વિચારે છે કે ટ્રેન્ચ કોટ ફક્ત ફોર્મલની સાથે જ પહેરી શકાય છે, પરંતુ એવું બિલકુલ નથી. તમે આ પ્રકારના કોટને કુરતા કે કુરતી સાથે કૅરી કરી શકો છો. ટ્રેન્ચ કોટને કુરતી સાથે પૅર કરવાથી વધુ આકર્ષક લાગશે. આ પ્રકારના આઉટફિટ તમને સ્ટાઈલિશ બનાવશે. ટ્રેન્ચ કોટ કૅરી કરતી વખતે એક વાતનું ખાસ ધ્યાન રાખો કે કુરતી સાથે મેચ થવો જોઈએ.

## સ્કાર્ફ

ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે, એમાં કુરતીની સાથે સ્કાર્ફને સ્ટાઇલ કરી શકાય છે. એમાં તમને બહુ કૂલ લુક મળે છે. તમે ડેનિમ જિન્સની સાથે લોંગ શોર્ટ કુરતી પૅર કરી શકો છો. એની સાથે સ્કાર્ફ ટ્રાય કરો.



## કેપ સ્ટાઇલ

કેપ સ્ટાઈલ વધારે ટ્રેન્ડમાં છે. તમે કુરતીની સાથે લોન્ગ શ્રગ પણ કૅરી કરી શકો છો. સાથે કેપ પણ કૅરી કરી શકાય છે. કુરતીને લેગિંગ, જેગિંગ્સ કે ડેનિમ સાથે પૅર કરી શકાય. સિમ્પલ કુરતીને શ્રગ સાથે સ્ટાઈલ કરવાથી તમારો લુક ચેન્જ થઈ જશે. શ્રગ પ્રિન્ટેડ હોય તો પ્લેન કુરતી અને શ્રગ પ્લેન હોય તો પ્રિન્ટેડ કુરતી પહેરવાથી આકર્ષક લુક મળશે.

## બુટ્સ

યુનિક લુક મેળવવા ડેનિમ જિન્સની સાથે કુરતી પહેરવાનો ટ્રેન્ડ છે. જ્યારે ડેનિમ ટ્રાય કરી રહ્યાં હો ત્યારે સાથે બુટ્સ કૅરી કરો. જે તમને ડિફરન્ટ લુક આપશે.

## એમ્બ્રોઇડરી સ્ટોલ્સ

તમે કુરતી સાથે એમ્બ્રોઈડરી સ્ટોલ્સ કૅરી કરી શકો છો. દર વખતે એમ્બ્રોઈડરી સ્ટોલ્સ જ કૅરી કરવો જરૂરી નથી. તમે તમારા ડ્રેસ સાથે મેળ ખાય એવા કોઈ પણ સ્ટોલ્સ પસંદ કરી શકો છો.

## સેક્સ સમસ્યા

**પ્રશ્ન : મારી ઉંમર 25 વર્ષ છે. મેં અને મારા બોયફ્રેન્ડે હમણાં સેક્સ કર્યું હતું. અમારી પાસે પ્રોટેક્શન નહોતું તો અમે એ વગર જ સેક્સ કર્યું હતું. મારે બીજા માસિકની તારીખ નજીક આવી ગઇ છે. એક વીક બાદ તે છે, મારું માસિક ખૂબ જ સમયસર આવે છે, તે ક્યારેય આગળ-પાછળ નથી થતું. બીજી વાત કે મારા બોયફ્રેન્ડે સ્પર્મ બહાર જ કાઢ્યું હતું, તેમ છતાં મેં આજે સવારે સેફ્ટી પિલ્સ પણ લઈ લીધી છે, મારે બસ એ જાણવું છે કે સેફ્ટી પિલ્સ લીધા પછી ગર્ભ રહેવાના ચાન્સ કેટલા હોય છે?**

જવાબ : આમ તો સેફ્ટી પિલ્સ લીધા પછી ગર્ભ રહેવાના ચાન્સીસ સાવ નહીંવત્ થઈ જાય છે તેમ છતાં હવે પછી આ રીતે રિસ્ક ન લેવા હું આપને જણાવીશ. આવું રિસ્ક તમને મુશ્કેલીમાં મૂકી શકે છે માટે આમ ન કરવું જોઈએ.

**પ્રશ્ન : મારી ઉંમર 23 વર્ષ છે, હું બે દિવસથી ગરબા રમવા માટે મારી એક મિત્રના ગ્રૂપ સાથે જાઉં છું, તેના ગ્રૂપમાં આવતો એક છોકરો મને પણ ગમી ગયો છે અને તે જે રીતે મારી સાથે વાત કરી રહ્યો છે તે જોતાં લાગે છે કે તેને પણ થોડો રસ હશે, તેણે કાલે તેનો નંબર પણ આપ્યો હતો, તેણે નંબર આપ્યો ત્યારે એમ પણ જણાવ્યું હતું કે આપણે કોફી પર જઇએ એક દિવસ તું ફ્રી હોય ત્યારે, મેં એ સમયે તો તેને કોઇ જવાબ નહોતો આપ્યો પણ મને તેનું આમંત્રણ ગમ્યું હતું. મને ઇચ્છા થઇ ગઇ હતી કે હું તેની ઓફર સ્વિકારી લઉં, મને જણાવશો કે મારે શું કરવું જોઇએ? મને પણ તેને માટે થોડી લાગણી થઇ હોય એવું લાગે છે, આમ તો હું લવ એટ ફર્સ્ટ સાઇટમાં નથી માનતી પણ મને એ છોકરા માટે આકર્ષણ તો થયું જ છે.**

જવાબ : તમે બંને મળ્યાંને હજી બે જ દિવસ થયા છે, તમે વધારે વિચારી રહ્યાં છો, આ બાબતે આટલું વિચારવાનો કોઈ મતલબ નથી. સમય આપો, સમય જતાં તમે નક્કી કરજો, બે જ દિવસ મળ્યા હોય અને કોફી ડેટ પર તેની સાથે જવાનું વિચારી રહ્યાં છો, કોઈ પણ વાતમાં ઉતાવળ ન હોવી જોઈએ. ઉતાવળ સમસ્યા ઊભી કરી શકે છે, ગુજરાતીમાં કહેવત છે કે ઉતાવળે આંબા ન પાકે, આ કહેવત સંબંધમાં તો ખાસ લાગુ પડે છે. વળી લવ એટ ફર્સ્ટ સાઈટ વાળી વાતો માત્ર ફિલ્મોમાં જ સારી લાગતી હોય છે, રીઅલ લાઈફમાં એવી વાતો મોટેભાગે કપોળ કલ્પના જ સાબિત થાય છે.

**પ્રશ્ન : પ્રથમ સંતાન પછી પત્ની સાથે સમાગમ કેટલા વખત પછી કરવો આરોગ્યની દ્રષ્ટિએ હિતાવહ છે. કેટલી-કેટલી વખત? સામાન્ય રીતે કેટલા સમય પછી બીજું બાળક જન્માવાની શક્યતા. બીજા કોઈ સૂચનો આપશો.**

જવાબ : સુવાવડ વખતે બાળકને સમાવવા, ગર્ભાશય ખૂબ જ મોટું થયું હોય છે. તેથી તેને મૂળ કદમાં આવતાં તેમજ તેમાંથી નીકળતું પ્રવાહી બંધ થતાં ૭ થી ૧૦ દિવસ થાય છે. આ સમય દરમિયાન સમાગમ ન જ કરાય. ઘણી નબળી સ્ત્રીઓમાં કે અન્ય કારણસર આ સ્થિતિ એક મહિના સુધી પણ ખેંચાય છે. આપણા સમાજમાં એક મહિનો ન અડવાનું આ એક અગત્યનું કારણ છે. સામાન્ય રીતે એવી ખોટી માન્યતા ચાલે છે કે બાળક ધાવતું હોય ત્યાં સુધી બીજું બાળક ન થાય, પણ આવા વિચાર ભરોસામાં રહેવાને બદલે જાતીય-જીવન શરૂ કરતાં પહેલાં સ્ત્રીને મોંએથી લેવાની સંતતિ નિયમનની ગોળી શરૂ કરી દેવી જ જોઈએ. આપણે સુવાવડમાં એક મહિનો સ્ત્રીને આરામ આપીએ છીએ, પણ તેની હળવી પ્રવૃત્તિ શરૂ કરી જ દેવી જોઈએ. સુવાવડના બીજા કે ત્રીજા દિવસથી પથારીની બહાર નીકળી ધીમે-ધીમે સમય વધારતા જવું જોઈએ અને સાતેક દિવસ બાદ પૂરી પ્રવૃત્તિ કરી શકાય. મોટું પેટ થયું હોય છે તેના સ્નાયુઓ ખેંચાઈને પેટ કે પેઢું બેસી જાય તેવી કસરત પણ કરવી જોઈએ. રોજેરોજ સ્નાન કરવું જોઈએ. સુવાવડમાં બાળક બહાર નીકળી શકે તે માટે નિતંબના હાડકાંના જોડાણોનો ભાગ પણ ખેંચાઈને મોટો થયો હોય છે. આથી આ બધાને મૂળ સ્થિતિ સ્થાપકતા પ્રાપ્ત કરતા પણ ઉપર જેટલો સમય જાય છે. આથી આ સ્થિતિમાં વજન ન ઊંચકાય કે ભારે મહેનતનું કામ ન કરાય.

## અપનાવી જુઓ આ ટીપ્સ

- અજમામાં ગોળ ભેળવી ખાવાથી પેટના દરદમાં રાહત થાય છે.
- રૂક્ષ હથેળીને મુલાયમ નરમ કરવા બે ચમચી હુંફાળું રાઈના તેલમાં નાનો કટકો મીણ ઓગાળવું. આ પેસ્ટ હથેળી પર ઘસવી.
- જાંબુ વધુ પ્રમાણમાં ખવાઈ ગયા હોય તો થોડું મીઠું ખાવું. રાહત થશે.
- બોરિક પાવડરની નાની નાની પોટલી બનાવી દાળમાં રાખવાથી તેમાં જીવાત નહીં પડે.
- કારેલાની છાલ સુકવી દાળના ડબ્બામાં રાખવાથી જીવાત નહીં પડે.
- બિસ્કિટના ડબ્બામાં બિસ્કિટ ગોઠવતી વખતે બિસ્કિટના દરેક થર વચ્ચે બ્લોટિંગ પેપર રાખવાથી બિસ્કિટ નરમ નહીં પડે.
- કારેલાંની કડવાશ દૂર કરવા કારેલા રાંધતી વખતે કાચી કેરીના બે-ચાર ટુકડા નાખવા.
- બે કપ પાણી ઉકાળવું તેમાં ૧૦-૧૫ તુલસીના પાન તથા થોડા મરી દાણા અને ચપટી સાકર નાખી બરાબર ઉકળે એટલે ચૂલા પરથી નીચે ઉતારી ઠંડુ પડવા દેવું. ગાળીને દિવસમાં ત્રણ વખત પીવાથી હાઈ બ્લડ પ્રેશરમાં લાભ થશે.
- લાકડાના કબાટનું ખાનું જામ થઈ ખુલતું ન હોય તો કિનારીએ મીણનો ટુકડો ઘસવાથી સરળતાથી ખાનું ખુલશે.
- ટામેટાંનો જ્યુસ માફક આવતો હોય તે વ્યક્તિ તાવ આવે ત્યારે પીએ તો ગરમી શાંત થશે અને તૃષા છીપાશે.
- કપડાં પર લાગેલ મહેંદીના ડાઘા દૂર કરવા ડાઘાયુક્ત ભાગને ગરમ દૂધમાં ૩૦ મિનિટ ડૂબાડી રાખી બ્રશથી ઘસવું.
- સંતળાઈ રહેલા કાંદાની તીવ્ર ગંધ સહન ન થતી હોય તો તેમાં ચપટી સાકર ભેળવવી.
- કાંદા નાખ્યા વગર ગ્રેવીને ઘટ્ટ કરવા ખસખસ વાટીને નાખવી.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
Highly Competitive Launching Rates
Guaranteed!!! $500,000 taxable CASH VALUE at age of 65 with Life Insurance of a Million Dollar.*
*Plan is suitable for age upto 45!
Call for more details
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca


# ભારત આરોપોને ગંભીરતાથી લે તે જરૂરી : જસ્ટીન ટ્રુડો

**ટોરોન્ટો**

અમેરિકાએ આરોપ મૂક્યો હતો કે, ભારત સરકારના એક અધિકારીએ અમેરિકામાં ખાલિસ્તાની આતંકીની હત્યાનું કાવતરું ઘડ્યું હતું.



અમેરિકી ન્યાય વિભાગે અગાઉ કહ્યું હતું કે એક 52 વર્ષીય વ્યક્તિએ ભારત સરકારના કર્મચારી સાથે કામ કર્યું હતું. જેની જવાબદારીઓમાં સુરક્ષા અને ગુપ્ત માહિતીનો સમાવેશ થતો હતો. તેણે ઉત્તર ભારતમાં શીખ સંપ્રભુ રાજ્યની હિમાયત કરનાર વ્યક્તિની હત્યાનું કાવતરું ઘડ્યું હતું. તે ન્યુયોર્ક સિટીનો રહેવાસી હતો. આ અંગેની જાણકારી મળતાં ટ્રુડોએ કહ્યું કે, અમેરિકાથી મળી રહેલી સૂચના સૂચવે છે કે અમે શરૂઆતથી શું વાત કરી રહ્યા છીએ. એટલે કે ભારતે તેને ગંભીરતાથી લેવાની જરૂર છે. કેનેડાએ જૂનમાં વાનકુવરમાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટો સામેલ હોવાનો આરોપ મૂક્યો હતો. તેના લગભગ બે મહિના પછી અમેરિકાએ આરોપો લગાવ્યા છે.

## પન્નૂની હત્યાના ષડયંત્રના અમેરિકાના આરોપો બાદ ભારત સરકાર એક્શનમાં, તપાસ માટે કમિટિની રચના

ઓન્ટેરિયો : ગયા અઠવાડિયે અમેરિકા દ્વારા પન્નુની હત્યાના આરોપો લાગવામાં આવ્યા હતા. ગયા અઠવાડિયે, એક બ્રિટિશ દૈનિક અખબારે પન્નુની હત્યા પાછળ ભારતનું કાવતરા હોવાનો દાવો કર્યો હતો. આ સમગ્ર મામલે ભારત પહેલાથી જ પ્રતિક્રિયા આપી ચૂક્યું છે. હવે તેમણે તપાસ માટે એક કમિટીની પણ રચના કરી દીધી છે.વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ જણાવ્યું કે, ભારત સરકાર તપાસ સમિતિને આધારે આગળના પગલા લેશે. ભારત-અમેરિકા સુરક્ષા સહયોગ પર ચર્ચા દરમિયાન અમેરિકા દ્વારા સંગઠિત ગુનેગારો અને આતંકવાદીઓ સંબંધિત કેટલીક માહિતી પણ શેર કરાઈ છે. ભારત આ પ્રકારની માહિતી અંગેની ગંભીરતા જાણે છે, આવા મામલાઓ રાષ્ટ્રીય સુરક્ષા હિતોને પણ અસર કરે છે.

# પશ્ચિમ કેનેડામાં ખાંડની અછતથી બેકરીઓ અને ચોકલેટર્સને અસર

### અનેક દુકાનદારો ગ્રાહકને એક કે બે કિલોની થેલી આપવા મજબૂર

**ટોરોન્ટો**

પશ્ચિમ કેનેડામાં ખાંડની અછત ઊભી થઈ છે. સ્ટોરની અભેરાઈઓ ઉપર સ્ટોક કરી શકાતો નથી, અને ઘણા કરિયાણાવાળા ગ્રાહક દીઠ એક કે બે થેલી ખાંડના વેચાણનું રેશનિંગ કરી રહ્યા છે. પરંતુ આ વર્ષે, ખાંડની અછત ફક્ત રજાના દિવસોમાં બેકિંગના વધારાને કારણે નથી, પણ વેસ્ટર્ન કેનેડાની સૌથી મોટી સુગર રિફાઈનરીમાં ચાલી રહેલી હડતાલને કારણે છે.

વિનીપેગના ચોકલેટિયર કોન્સ્ટન્સ પોપે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આપણે બધા આપણી ખાંડ એક જ જગ્યાએથી મેળવીએ છીએ અને તે સ્થાનો મોટેભાગે રોજર્સ પાસેથી ખાંડ મેળવે છે. તેથી અત્યારે, તે થોડું મુશ્કેલ છે. લેન્ટિક ઈન્ક.ની માલિકીની રોજર્સ સુગરમાં સપ્ટેમ્બરના અંતમાં 138 કામદારોએ નોકરી છોડી દીધી હતી. કામદારો સોમવારથી શુક્રવાર સુધી ચાલતી આઠ કલાકની શિફ્ટ માટે લડી રહ્યા છે. પબ્લિક એન્ડ પ્રાઈવેટ વર્કર્સ ઓફ કેનેડા કહે છે કે, કામદારો તેમનું વર્ક-લાઈફ બેલેન્સ જાળવવા માંગે છે. આ રિફાઈનરી કેનેડામાં માત્ર ત્રણ રોજર્સ સુગર રિફાઈનરીઓમાંથી એક છે અને તે પશ્ચિમી બજારને સ્ટોક પૂરો પાડે છે.

# ખાલિસ્તાન સમર્થકો સામે સખત કાર્યવાહી કરવા કેનેડા-ઈન્ડિયા ફાઉન્ડેશનની માંગ

### ખાલિસ્તાન સમર્થક તત્વો વિરુદ્ધ કોઇ કાર્યવાહી ન થતાં નિરાશા વ્યક્ત કરાઇ

**નવી દિલ્હી**

કેનેડામાં સતત ભારત વિરુદ્ધ વધી રહેલી ગતિવિધિઓ અંગે ત્યાંના રાજનેતાઓએ પણ હવે જાહેરમાં નારાજગી વ્યક્ત કરી છે. વિભિન્ન હિન્દુ મંદિરોમાં તોડફોડ માટે ખાલિસ્તાન સમર્થક તત્વો વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન થતાં નિરાશા વ્યક્ત કરતા કેનેડા-ઈન્ડિયા ફાઉન્ડેશને દેશના રાજનેતાઓને પોતાનું મૌન તોડવા અને કટ્ટરપંથીઓ પર લગામ કસવા માટે કહ્યું છે.

એક અહેવાલ પ્રમાણે આ સંગઠને લખ્યું છે કે ખાલિસ્તાની તત્વો પર કાર્યવાહી કરો, નહીં તો મોડું થઈ જશે. ઉચ્ચ ભારતીય-કેનેડિયન હિમાયત સંસ્થાએ રાજનેતાઓને લખેલા એક ખુલ્લા પત્રમાં કહ્યું કે, હિંસામાં વિશ્વાસ રાખનારા એક ચરમપંથીઓના એક સમૂહ દ્વારા આપણા સમુદાયને આપવામાં આવેલી ધમકીઓ ચિંતાજનક છે. આવા જ એક સ્વયંભૂ-ચરમપંથી નેતાએ નવેમ્બર મહિનામાં કેનેડિયનોને એર ઈન્ડિયામાં યાત્રા ન કરવાની ચેતવણી જારી કરી હતી. જેને કેનેડિયન રાજનેતાઓએ અને મીડિયાએ તે બાબતને નજર અંદાજ કરી દીધી છે.

સંસ્થાએ પત્રમાં લખ્યું કે, અમે ખૂબ જ નિરાશ છીએ. કેમ કે, અમારા રાજનેતાઓએ આ ગંભીર મુદ્દા પર સંપૂર્ણ મૌન સાધી રાખ્યુ છે. આતંકવાદ અને જોખમનો સામને કરવાનો આ સેલેક્ટિવ અભિગમ આ વિશ્વને એક સુરક્ષિત સ્થાન નહીં બનાવે. તેના પર મૌનથી અંતે તો નુકશાન જ થવાનું છે.

તાજેતરમાં કેનેડામાં અનેક મંદિરો પર હુમલા થયા છે. પત્રમાં કહેવામાં આવ્યું કે, આ હુમલાને ધર્મની સ્વતંત્રતા પર હુમલો માનવામાં આવશે.

# કેનેડામાં સૌથી મોટી શ્રેણી 'ધ લાસ્ટ ઓફ અસ' પ્રસારિત : 182 મિલિયન ડોલરની કમાણી

### પોસ્ટ-એપોકેલિપ્ટિક શ્રેણીના શૂટિંગ દરમિયાન આલ્બર્ટામાં $141 મિલિયનનો ખર્ચ

**ટોરોન્ટો**

સોમવારે ઓક્સફોર્ડ ઈકોનોમિક્સ દ્વારા જાહેર કરાયેલા ડેટામાં જાણવા મળ્યું છે કે આ જ નામની વિડિયો ગેમ પર આધારિત પોસ્ટ-એપોકેલિપ્ટિક શ્રેણીના શૂટિંગ દરમિયાન આલ્બર્ટામાં $141 મિલિયન ખર્ચવામાં આવ્યા હતા. અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, લાટી અને બાંધકામના પુરવઠાથી લઈને હોટલ, સ્થાનિક કેટરિંગ અને વધુ માટે આ શ્રેણીએ સમગ્ર પ્રાંતના સમુદાયોમાં 1,000 આલ્બર્ટાના વ્યવસાયોને સમર્થન આપ્યું હતું.

ફેડરલ હેરિટેજ મિનિસ્ટર પાસ્કેલ સેન્ટ-ઓન્ગેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આલ્બર્ટામાં ખર્ચવામાં આવેલ નાણાંની રકમ કેનેડામાં ફિલ્માવવામાં આવેલી સૌથી મોટી શ્રેણી 'ધ લાસ્ટ ઓફ અસ' બનાવી છે. અમે વૈશ્વિક ફિલ્મ અને ટેલિવિઝન માર્કેટમાં વિકસતા અગ્રણી તરીકે કેનેડામાં રોકાણને આવકારીએ છીએ. આલ્બર્ટાના કલા, સંસ્કૃતિ અને મહિલાઓની સ્થિતિ મંત્રી તાન્યા ફિરે કહ્યું કે, તે સ્પર્ધાત્મક ટેક્સ ક્રેડિટ્સ, અનુદાન અને ઉદ્યોગ તાલીમ દ્વારા ફિલ્મ અને ટેલિવિઝન પ્રોડક્શન્સ માટે ટોચના ગંતવ્ય તરીકે આલ્બર્ટાની સ્થિતિ મજબૂત કરશે. 'ધ લાસ્ટ ઓફ અસ' આલ્બર્ટામાં 180થી વધુ સ્થળોએ ફિલ્માવવામાં આવી હતી. જેણે આલ્બર્ટાના જીડીપી માટે $182 મિલિયનથી વધુનું સર્જન કર્યું હતું અને 1,490 નોકરીઓનું સર્જન કર્યું હતું.

# સાયબર મન્ડે : ઓનલાઈન ખરીદી કરવા કેનેડિયનોમાં ભારે ઉત્સુકતા

**ઓન્ટેરિયો**

કેનેડાના રિટેલ કાઉન્સિલ (RCC)ના તાજેતરના સર્વે અનુસાર ત્રીજા કરતાં વધુ કેનેડિયનો સાયબર મન્ડે વેચાણ માટે ઓનલાઈન ખરીદી કરી રહ્યા છે. જીવનનિર્વાહની વધતી કિંમત હોવા છતાં, સર્વેમાં બહાર આવ્યું છે કે ગયા વર્ષ કરતાં લગભગ બમણા કેનેડિયનો સાયબર મન્ડે માટે ઓનલાઈન ખરીદી કરવાની યોજના ધરાવે છે.

RCC સાથે મિશેલ વેસીલીશેને જણાવ્યું હતું કે, ગયા વર્ષે 21 ટકા કેનેડિયનોએ સાયબર મન્ડે માટે ઓનલાઈન ખરીદી કરી હતી અને આ વર્ષે તે સંખ્યા 37 ટકા થવાની ધારણા છે કે તેઓ સાયબર સોમવાર માટે ખરીદી કરશે. જેમ જેમ ખર્ચ વધે છે તેમ, કેનેડિયનો વધુ સાવચેતી રાખે છે અને મૂલ્ય, પ્રમોશન, વેચાણ અને મફત શિપિંગ શોધી રહ્યા છે.

વાસિલશેને કહ્યું કે, રિટેલર્સ અને ગ્રાહકો બંને માટે તે વર્ષનો ખરેખર મહત્વનો સમય છે. કારણ કે તેઓ પહેલા કરતા વધુ સોદા શોધી રહ્યા છે. જેમ જેમ વધુ કેનેડિયનો ઓનલાઈન ખરીદી કરે છે તેમ, સાયબર ક્રિમિનલ્સ દુકાનદારોને તેમના ડેટાની ચોરી કરવા નકલી વેબસાઈટ પર જવા માટે છેતરવાનો પ્રયાસ કરે છે.

# ટોરોન્ટોવાસીઓએ પાણી અને કચરાની સુવિધા સામે વધુ ચુકવણી કરવી પડશે

**ટોરોન્ટો**

ટોરોન્ટોના નાગરિકોને આવતા વર્ષે પાણી અને કચરો એકત્ર કરવા જેવી સેવાઓ માટે વધુ ચૂકવણી કરવી પડી શકે છે. મંગળવારે, સિટીએ ઘન કચરા વ્યવસ્થાપન સેવાઓ અને ટોરોન્ટો વોટર માટે ત્રણ ટકા વચગાળાના વધારાની દરખાસ્ત કરી હતી.

એકવાર કાઉન્સિલ દ્વારા મંજૂર થયા પછી નવા દરો 1 જાન્યુઆરી 2024ના રોજથી અમલમાં આવશે. પરંતુ ફેબ્રુઆરીમાં 2024ના રેટ સપોર્ટેડ ઑપરેટિંગ અને મૂડી બજેટને ધ્યાનમાં લેવામાં આવે ત્યાં સુધી માત્ર અસ્થાયી રૂપે જ ધ્યાનમાં લેવામાં આવશે.

શહેરના પ્રકાશન મુજબ આ વધારો આ સેવાઓને જાળવવા અને ભાવિ મૂડીની જરૂરિયાતો માટે નાણાં અલગ રાખવાની મંજૂરી આપશે. અધિકારીઓએ કહ્યું હતુ કે, આ નિર્ણથઈ અંતિમ બજેટ મંજૂર થાય ત્યારે મોટો વધારો ટાળવા મદદ મળી શકે છે. મેયર ઓલિવિયા ચાઉએ જણાવ્યું હતુ કે, સૂચવેલા વચગાળાના દર અને વપરાશકર્તા ફી આ આવશ્યક સેવાઓને જાળવી રાખવામાં મદદ કરશે. ટોરોન્ટોમાં કચરો એકત્ર કરવાની સેવાઓ સાથે, ઘરો પાસેથી તેમના કચરાપેટીના કદના આધારે ચાર્જ લેવામાં આવશે.

# સોની સમાજ દ્વારા દિવાળી સ્નેહમિલન સમારંભ

### પ્રાર્થનાબાદ ત્રિકાળ સંધ્યા, નૂત્ય, ગરબા રજૂ થયાં : સંગીત ખુરશીની રમત રમાડી હતી

**બ્રામ્પ્ટન**

ગત શનિવારના રોજ તારીખ 25 નવેમ્બર 2023ના રોજ સોની સમાજ ઓપ કેનેડા દ્વારા (Consonian) સ્પેરન્જા બેન્કેટ હોલ બ્રેમ્પ્ટન) ખાતે દિવાળી સ્નેહમિલનનું આયોજન કરાયું હતું. કા4યક્રમની શરૂઆતમાં પ્રાર્થનાથી થયા બાદ સોની સુલયભાઈ સમાજના ટ્રસ્ટીઓ નિરવ સોની, અનિલ સોની, નિકુંજ સોની તથા વકીલશ્રી વિનોદબાઈ સોની, પરિમલ સોની દ્વારા દી પ્રાગટ્ય કરાયું હતું. બાદમાં નાના ભૂલકાઓ દ્વારા ગણેશવંદના કરી હતી. ત્યારબાદ M.C. તરીકે અસ્મીતબેન, પલકબેન તથા મેઘાવીબેન દ્વારા દરેક સોની સમાજના વડીલો, બાળકોને સોની સમાજનાં દિવાળી પ્રોગ્રામમાં આવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. જાસ્મીન તેમના બાળકો દ્વારા ત્રિકાળ સંધ્યાનું ગીત ગવાયું હતું. મેંઘાવીબેન નૃત્ય પર્ફોર્મન્સ માટે જાહેરાત કરી હતી. સોની સમાજના દિવાળી પ્રોગ્રામમાં સ્પોન્સર તરીકે વિનોદભાઈ સોની, પ્રકાસ બારભાયા,



જ્યોતિષ અને નૂપુર સોની, કેતન સોની, મોહીતભાી, રાજન સોની, દહીશ સોની, યામિ સોની, સુનિલ સોની દ્વારા ડોનેશનની મદદ દ્વારા કાર્યક્રમમાં ઘણી સરળતા રહી હતી. નાના-મોટા વડીલો સહિત 180 માણસોએ હાજરી આપી હતી. સંગીત ખુરસી જેવા રમતગમતનું આયોજન કરાયું હતું. વિજેતા સભ્યને Timend દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સંચાલકો દ્વારા સ્વાદિષ્ટ એપેટાઈઝર અને સોને ભાવતી વાગનીઓ રાખવામાં આવી હતી.

# ગુજરાતમાં માવઠાંની મુસીબત ! વીજળી પડવાથી 20ના મોત

### વાવાઝોડા અને વરસાદને કારણે અનેક સ્થળે વીજપોલ અને વૃક્ષ ધરાશાયી થઇ ગયા

અમદાવાદ

રવિવારે સમગ્ર ગુજરાતમાં વાવાઝોડા સાથે માવઠું થતાં વ્યાપક નુકસાન થયું હતું. આ સાથે જ અનેક જગ્યાએ જાનહાનિના મસાચાર મલ્યા હતા. ગુજરાતમાં અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. ગુજરાતમાં વીજળી પડવાથી 20 લોકોના મોત થયા છે. અધિકારીઓએ સોમવારે આ આંકડા જાહેર કર્યા હતા.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના એક અધિકારીએ જણાવ્યું હતું કે ગુજરાતના વિવિધ ભાગોમાં વીજળી પડવાની ઘટનાઓ નોંધાઈ છે. ગુજરાતમાં દાહોદમાં વીજળી પડવાને કારણે સૌથી વધુ ચાર મૃત્યુ થયા છે. આ ઉપરાંત વીજળી પડવાથી ભરૂચમાં ત્રણ, તાપીમાં બે અને અમદાવાદ, અમરેલી, બનાસકાંઠા, બોટાદ, ખેડા, મહેસાણા, પંચમહાલ, સાબરકાંઠા, સુરત, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકામાં એક-એક લોકોના મૃત્યુ થયા છે. ગુજરાતના સુરત, સુરેન્દ્રનગર, ખેડા, તાપી, ભરૂચ અને અમરેલી જિલ્લામાં 16 કલાકમાં 50-117 મીમી વરસાદ નોંધાયો હતો. ગુજરાતમાં વાવાઝોડા અને વરસાદને કારણે અનેક સ્થળે વીજપોલ અને વૃક્ષ ધરાશાયી થઈ ગયા હતા. જ્યારે ખેતીમાં પણ શાકભાજી, કઠોર તેમજ ધાન્યને વ્યાપક પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું. હાલ નુકસાની અંગેનો સર્વે ચાલી રહ્યો છે.

### માવઠામાં થયેલી નુકસાનીનું વળતર આપવા કૃષિમંત્રી દ્વારા જાહેરાત



કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, બે દિવસમાં રાજ્યના 236 તાલુકાઓમાં કમોસમી વરસાદ વરસ્યો છે. જેના લીધે અંદાજે 3થી 4 લાખ હેક્ટરના પાકને નુકશાન થયું છે. મોટા ભાગે વરસાદને કારણે કપાસ, અરેંડા, તુવેરને નુકશાન થયું છે. રાજ્યમાં આકાશી આફતથી કુલ કેટલું નુકશાન થયું તે સર્વેની કામગીરી ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે. તુવેરના પાકનું વાવેતર 2 લાખ હેક્ટરમાં થયું છે. જેને મોટા ભાગે નુકશાન થયાની માહિતી મળી રહી છે. રાજ્યમાં ખરીફ પાકને નુકશાની થયાની ભીતિ છે. 25 લાખ હેક્ટર અરેંડા, કપાસ, તુવેર જેવા પાકો ઉભા હતા. રવિપાકનો પ્રારંભિક તબક્કો હોવાથી ઓછા નુકશાન થવાની શક્યતા છે.

# જામનગરમાં હુમલા અંગે ભાજપના દંડક સહિત ૩ સામે ફરિયાદ નોંધાઈ

### સમાધાન વેળા જ કેતન, વિમલ કનખરા અને હિતેશ કનખરાએ મારપીટ કરી

જામનગર

જામનગરમાં પૂર્વ કોંગ્રેસી કોર્પોરેટર પર હુમલા મામલે મનપામાં ભાજપના દંડક સહિત ૩ કોર્પોરેટરો સામે પોલીસ ફરિયાદ થતાં મામલો ફરી ગરમાયો છે. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર ધીરેશ કનખરાએ સીટી છ ડિવિઝનમાં પોલીસ ફરિયાદ દાખલ કરી છે. જે અંતર્ગત ભાજપના કોર્પોરેટર અને મનપાના દંડક કેતન નાખવા, વિમલ કનખરા અને હિતેશ કનખરા સામે ફરિયાદ નોંધાવી છે. ધીરેશ કનખરા અને કેતન નાખવા વચ્ચે ઘણા લાંબા સમયથી વિખવાદ ચાલી રહ્યો છે. ત્યારે દિવાળીની રાત્રે હવાઈ ચોક વિસ્તારમાં બંને જૂથ વચ્ચે મારામારીનો બનાવ બન્યો હતો. જે બાદ એક સપ્તાહ પહેલા ધીરેશ કનખરા વિરૂદ્ધ ફરિયાદ દાખલ થઇ હતી. અને હવે ધીરેશ કનખરાએ ભાજપના ૩ કોર્પોરેટરો સામે વળતી ફરિયાદ નોંધાવી છે. ધીરેશ કનખરાએ સમાધાન માટે વાતચીત ચાલતી હોવાથી મોડી ફરિયાદ કરી હોવાનું જણાવ્યું છે. બીજી તરફ ભાજપના દંડક કેતન નાખવાએ ફરિયાદને ખોટી ગણાવી છે.

# ગુજરાતમાં આઈટીનું ઓપરશન! 40થી વધુ સ્થળે ટીમ ત્રાટકી, જાણીતા વેપારી ભેરવાયા

અમદાવાદ

ગુજરાતમાં ફરી એકવાર ઈનકટમ ટેક્સ વિભાગે સપાટો બોલાવ્યો છે. ગુજરાતના મોટા વેપારીને ત્યાં આજે સવારે જ ત્રાટકી આઈટીની ટીમો. આઈટી વિભાગની અલગ અલગ ટીમોએ આ વેપારીના વિવિધ ઠેકાણાઓ પર એક સાથે દરોડા પાડીને તપાસ હાથ ધરી હતી. ગુજરાતના વિવિધ શહેરોમાં વર્ષોથી પોતાની શાખ જમાવીને બેઠેલાં આર.આર. કાબેલ ગ્રૂપને મોટો ઝટકો લાગ્યો છે. બુધવારે ગુજરાતના જાણીતા વેપારી અને ઉદ્યોગ સાહસિકને ત્યાં ઈનકમ ટેક્સની ટીમો ત્રાટકી હતી. ખાસ કરીને વડોદરાના આર. આર .કાબેલ ગ્રુપને ત્યાં ઇન્કમટેક્સ ત્રાટક્યું હતું. અને આઈટીની ટીમે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. વડોદરા ,અમદાવાદ ,સુરત સેલવાસ અને મુંબઈ મળી આશરે 40 થી પણ વધુ જગ્યાએ પડ્યા દરોડા પાડવામાં આવ્યાં છે.

ગ્રુપના ચેરમેન રમેશ કાબરા સહિત તમામ ડાયરેક્ટરો અને ડિસ્ટ્રીબ્યુટર ને ત્યાં ઈન્કમટેક્સની તપાસ તેજ કરવામાં આવી છે. કેબલ અને વાયરના ધંધા સાથે સંકળાયેલ મોટા ગ્રુપ ઉપર પડેલા દરોડા ના કારણે મોટા પાયે બેનામી વ્યવહારો મળવાની સંભાવના છે.

વડોદરા નજીક વાઘોડિયા જીઆઈડીસીમાં આવેલી અને વાયર-કબેલનું ઉત્પાદન કરતી જાણીતી આર.આર. કેબલ ગ્રૂપ પર આઈટીએ ઓપરેશન હાથ ધર્યું છે. વડોદરા સારાભાઈ કમ્પાઉન્ડ સ્થિત કંપનીની હેડ ઓફિસમાં ફર્સ્ટ શિફ્ટમાં નોકરી ઉપર ગયેલા ઓફિસ સ્ટાફના 40 કર્મચારીઓને કંપનીના ઓડિટોરિયમમાં બેસાડી રખાયા હતા.

# ગુજરાત હવે ગ્લોબલ ગ્રીન હાઈડ્રોજન કેપિટલ બની જશે, વિદેશી રોકાણ વધવાની સંભાવના

ગાંધીનગર

ગુજરાત સરકાર જાન્યુઆરી 2024માં દસમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની તૈયારી કરી રહી છે. અત્યાર સુધીમાં 6 આંતરરાષ્ટ્રીય અને 8 રાષ્ટ્રીય સ્તરના રોડ શો અને પ્રતિનિધિમંડળની મુલાકાતો હાથ ધરવામાં આવી છે. આ રોડ શોના પ્રતિનિધિમંડળો વિવિધ ક્ષેત્રોમાં વન-ટુ-વન મીટિંગ્સ, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને સેમિનાર દ્વારા 1000 થી વધુ કંપનીઓ સાથે મુલાકાત કરી ચુક્યા છે. આ મુલાકાતોએ ગુજરાત સરકારને માનનીય વડાપ્રધાનના “વિકસિત ભારત @2047”ના વિઝનમાં યોગદાન આપવા માટે ગુજરાતનો રોડમેપ દર્શાવવાની તેમજ તેની વિકાસ યાત્રામાં ભાગીદાર બનવા માટે આમંત્રિત કરવાની તક પૂરી પાડી છે. ગુજરાત સરકારના પ્રતિનિધિમંડળની આ મુલાકાતોએ રાજ્યની વિકાસયાત્રા પ્રદર્શિત કરવાની, ભવિષ્યના વિકાસ માટેના રાજ્યના વિઝનને શેર કરવાની અને ગુજરાતની વિકાસયાત્રામાં ભાગીદાર બનવા માટે તેમને આમંત્રિત કરવાની અનન્ય તક પૂરી પાડી છે. ગુજરાત હાલમાં ભારતની નવીનીકરણીય ઉર્જા ક્ષમતામાં 15% યોગદાન આપે છે, જે તેને સૌથી ઝડપથી વિકસતા પુનઃપ્રાપ્ય ઉર્જા ઉત્પાદક ક્ષેત્રોમાંનું એક બનાવે છે. આ ઉપરાંત ગુજરાત સરકારે તાજેતરમાં રિન્યુએબલ એનર્જી પોલિસી 2023 પણ લોન્ચ કરી છે. આ નીતિ રાજ્યને તેની ઉર્જા જરૂરિયાતોના 50% રિન્યુએબલ ઉર્જા સ્ત્રોતોમાંથી મેળવવા માટે સક્ષમ બનાવશે, જે 2030 સુધીમાં કાર્બન ઉત્સર્જનને 45% ઘટાડવાના ભારતના મહત્વાકાંક્ષી લક્ષ્યાંકને હાંસલ કરવામાં મદદ કરશે.

# મિલકતની તકરારમાં કાકા સસરા સહિત ચાર શખ્સોએ મહિલાની છેડતી કરી

» નિકોલમાં પાંચ વાહનોમાં તોડફોડ કરી આતંક મચાવ્યો

અમદાવાદ

સરસપુરમાં રહેતી ૩૯ વર્ષની મહિલાએ નિકોલ પોલીસ સ્ટેશનમાં કાકા સસરા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૨૪ નવેમ્બરે રાત્રે મહિલા પરિવાર સાથે ઘરે હાજર હતી ત્યારે કાકા સસરા અને તેમના બે પુત્રો અને એક અજાણ્યો શખ્સ તેમના ઘરે આવ્યા હતા અને જૂની મિલકત બાબતે ચાલી રહેલા ઝઘડાની અદાવતમાં ચારેય શખ્સોએ બિભત્સ ગાળો બોલીને તકરાર કરી હતી. મહિલાએ ગાળો બોલવાની ના પાડતા મહિલાની છેડતી કરીને આબરુ લેવાની કોશિષ કરી હતી અને દેરાણીને તમે વચ્ચે પડશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

એટલું જ નહિ ચારેય શખ્સોએ ઘરની બહાર પડેલ પાંચ વાહનોમાં પણ તોડફોડ કરીને આતંક મચાવીને નાસી ગયા હતા. આ ઘટના અંગે મહિલાએ કાકા સસરા સહિત ચાર શખ્સો સામે નિકોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## એક સભ્યથી ચાલતા OBC કમિશન મુદ્દે સરકારને કોર્ટે ખખડાવી!

અમદાવાદ

ગુજરાતમાં કાયમી OBC કમિશન નહી હોવાનો વિવાદ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકાર પાસે ખુલાસો માંગ્યો છે. માત્ર 1 સભ્ય પર ચાલતા કમિશન મામલામાં ખુલાસો ગયો છે. સરકાર કમિશન પાછળ કેટલું ખર્ચ કરે છે તે મહત્વનું નથી, કમિશન કઈ રીતે કાર્યરત છે તે મહત્વનું છે. આ કમિશન માત્ર ફરિયાદો સ્વીકારવા માટે જ બન્યું નથી, સરકારી વ્યવસ્થામાં હાલ કમિશન શોભાના ગાંઠીયા જેવું બની રહ્યું છે. ગુજરાત હાઈકોર્ટે સરકારને ટકોર કરી છે કે સરકાર કમિશન પાછળ કેટલો ખર્ચ કરે છે તે મહત્વનું નથી.

## ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર આ વખતે વહેલું શરૂ થશે

ગાંધીનગર

લોકસભાની ૨૦૨૪ની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ બજેટ સત્ર થોડું વહેલું થઈ શકે છે. ગુજરાત વિધાનસભામાં ૨જી ફેબ્રુઆરીથી બજેટ સત્ર શરૂ થવાની શક્યતા છે. આ બજેટ સત્ર ૩૦ દિવસનું હશે. સૂત્રોના જણાવ્યા અનુસાર લોકસભાની ચૂંટણીને પગલે આ બજેટ સત્ર એક મહિનો પહેલા યોજાશે. બજેટમાં ટેક્સમાં કોઈ પણ પ્રકારનો વધારો કરવામાં આવશે નહીં. ચૂંટણીને લીધે બજેટમાં લોકોને કેટલીક રાહતો આપવાનો પ્રયાસ થવાની ગણતરી મંડઇ રહી છે. નાણાં વિભાગ દ્વારા બજેટની જોગવાઈઓ માટે અત્યારથી જ જુદા જુદા વિભાગ પાસેથી દરખાસ્તો તૈયાર કરવાની કામગીરી શરૂ કરી દેવાનું કહેવાયું છે.

## ઉદ્યોગો હવા-પાણીને પ્રદૂષિત થતા અટકાવે : ચીફ એડવાઈઝર

વડોદરા

ઉદ્યોગોને જાણકારી આપવા માટે ફેડરેશન ઓફ ગુજરાત ઈન્ડસ્ટ્રિઝ દ્વારા સસ્ટેનેબલ ફ્યુચર્સ...શિર્ષક હેઠળ એક કોન્ફરન્સનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ભારતના ચીફ ઈકોનોમિક એડવાઈઝર અનંથ નાગેશ્વરને વિડિયો કોનફરન્સિંગથી વકતવ્ય આપ્યુ હતુ.

તેમણે ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓને સંબોધન કરતા કહ્યુ હતુ કે, દુનિયામાં ગ્લોબલ વોર્મિંગથી પર્યાવરણને થઈ રહેલા નુકસાનને કાબૂમાં લેવા માટે ઈએસજી પ્રેક્ટિસ મહત્વનો રોલ અદા કરી શકે છે. ઉદ્યોગોએ તેને ધારાધોરણો મુજબ જ પ્રદુષણ અંગે વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

## ગુજરાતના જાણીતા ફોટો જર્નાલિસ્ટ પદ્મશ્રી ઝવેરીલાલ મહેતાનું નિધન

અમદાવાદ

જાણીતા ફોટોજર્નાલિસ્ટ ઝવેરીલાલ મહેતાનું નિધન થયું છે. લગભગ 97 વર્ષીય ઝવેરીલાલ મહેતા વય સંબંધિત સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા હતા. તેમણે સોમવારે સાંજે અમદાવાદમાં તેમની એક પુત્રીના ઘરે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના પરિવારમાં પત્ની, એક પુત્ર અને ત્રણ પુત્રીઓ છે. ઝવેરીલાલ મહેતાના અંતિમ સંસ્કાર મંગળવારે કરવામાં આવ્યા હતાં. સુરેન્દ્રનગર જિલ્લાના હળવદના વતની ઝવેરીલાલ મહેતા ગુજરાતના અખબાર ઉદ્યોગના સૌથી અનુભવી ફોટો જર્નાલિસ્ટ હતા. 1980થી તેઓ ગુજરાતના જાણીતા અખબાર સાથે જોડાયેલા હતા. તેમને અખબારની દુનિયામાં ફોટોગ્રાફીનો 60 વર્ષથી વધુનો અનુભવ હતો.

# ગુજરાતમાં ત્રણ મહિનામાં કોર્ટ દ્વારા એકને ફાંસી, ૨૬ને આજીવન કેદની સજા ફટકારાઈ

## ગુજરાતના શહેરોમાં ત્રણ મહિનામાં બનેલા ગંભીર પ્રકારના ગુનાના ભેદ ઉકેલાયા

**અમદાવાદ**

રાજ્યમા ગંભીર પ્રકારના ગુનાઓ ઉકેલવામાં ગુજરાત પોલીસને નોધપાત્ર સફળતા હાંસલ થઈ છે. વિવિધ પ્રકારના ગંભીર ગુના આચરનારા ૬૮ આરોપીઓ પૈકી એક આરોપીને ફાંસીની સજા ફટકારવામા આવી છે જ્યારે ૨૬ આરોપીઓની આજીવન કેદ અને ૧૦ આરોપીઓને વીસ વર્ષથી વધુ સજા આપવામાં આવી છે. અમદાવાદ, સુરત સહિત જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ગુનાઓના સંદર્ભમાં પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરીને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલ્યા હતાં.

વર્ષ ૨૦૨૩માં અમદાવાદ શહેર-૦૪, રાજકોટ શહેર-૦૧, સુરત શહેર-૦૪, આણંદ-૦૪, અરવલ્લી-૦૨, રાજકોટ ગ્રામ્ય-૦૨, મોરબી-૦૨, પાટણ-૦૧, અમરેલી-૦૪, ભાવનગર-૦૨, પોરબંદર-૦૧, નર્મદા-૦૨, દાહોદ-૦૧, સુરત ગ્રામ્ય-૦૨, વલસાડ-૦૧ અને નવસારી-૦૨ મળી કુલ-૩૫ ગુનાઓ નોંધાયા હતાં. આ ગુના આચરનારાં કુલ ૬૮ આરોપીઓને જુદી જુદી સજાઓ ફટકારવામાં આવી હતી. એક આરોપીને ફાંસીની સજા અપાઇ હતી જયારે ૨૬ આરોપીઓને આજીવન કેદની સજા જયારે ૧૦ આરોપીઓને ૨૦ વર્ષથી વધુની સજા ફટકારાઇ હતી. છેલ્લા ત્રણ માસમાં ગુનાખોરી ડામવાના ભાગરૂપે પોલીસ અધિકારીઓએ પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

# હળવદમાં ફાયરિંગ મુદ્દે પિતા અને પુત્રની ધરપકડ, 3 દિ'ના રિમાન્ડ

**હળવદ**

હળવદ તાલુકાના સાપકડા ગામે તારીખ 24-10-2023ના રોજ સાંજના સમયે જમીનના પ્રશ્નને કુટુંબિક ભાઈ પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા. આ બાબતે સાપકડા ગામે રહેતા પ્રભુભાઈ મગનભાઈ ચાવડા દ્વારા થોડાક દિવસ પહેલા તેઓના જ કૌટુંબિક ભાઈ વિરુદ્ધ તેઓની જમીન પચાવી પાડી હોવાની લેન્ડગ્રેબિંગ ફરિયાદ નોંધાવી હતી જેનો ખાર રાખી તેમના જ કુટુંબના ત્રણ શખ્સો દ્વારા બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જે બનાવમાં પ્રભુભાઈના ડાબા પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે પેટના ભાગે પણ ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ફરિયાદી પ્રભુભાઈની ફરિયાદના આધારે આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા. તારીખ 27-11-2023ના રોજ આ ગુનામાં સંડોવાયેલા આરોપી હરેશ ઉર્ફે હરીશભાઈ ઉર્ફ હરેશભાઈ દલુભાઈ ચાવડા જાતે દલવાડી, ભાવેશ હરીશભાઈ ઉર્ફે હરેશભાઈ દલુભાઈને વાડી સીમ વિસ્તારમાંથી દબોચી લીધા હતા. જેઓને હળવદની કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરતા ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર થયા હતા.

# પોરબંદરના માર્કેટીંગ યાર્ડમાં 4 બોક્સ કેરીના રૂા. 62040 ઉપજ્યા

**પોરબંદર**

બે દિવસ પહેલા પોરબંદરના માર્કેટિંગ યાર્ડમાં 699 થી 700 રૂપિયે કિલો લેખે કેરીના ત્રણ બોક્સનું વેચાણ થયા બાદ આજે પોરબંદરના માર્કેટિંગ યાર્ડના ઇતિહાસમાં સૌથી વધુ મોંઘી કેરીની હરરાજી થઈ હતી જેમાં ચાર બોક્સ કેરીનો ભાવ 62040 ઉપજ્યો હતો એટલે કે એક કિલો કેરીનું 1551 રૂપિયા લેખે વેચાણ થયું હતું.

બે દિવસ પહેલા 600 થી 700 રૂપિયા કિલો લેખે કેરીનું ત્રણ બોક્સનું વેચાણ થયા બાદ પોરબંદર માર્કેટિંગ યાર્ડની સ્થાપના થઈ ત્યારથી અત્યાર સુધીના ઇતિહાસમાં સૌથી વધુ ભાવ બુધવારે આવ્યો હતો જેમાં ખંભાળા પંથકમાંથી ખેડૂતે કેરીના ચાર બોક્સ વેચાણ માટે લાવ્યા હતા.

# ગુજરાતમાં ફરી સંકટના એંધાણ : પાંચ ડિસેમ્બર સુધીમાં માવઠું સંભવ

**અમદાવાદ**

ગુજરાતના માથા પર માવઠાનું સંકટ ઉભુ થયું છે. ગુજરાતમાં 1 થી 5 ડિસેમ્બર સુધી રાજ્યમા વધુ એક માવઠાની સંભાવના છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી કરીને જણાવ્યું કે, ગુજરાતમાં આજથી આ જિલ્લાઓમાં કમોસમી વરસાદનો વધુ એક રાઉન્ડ આવશે. ગુજરાતમાં 1 ડિસેમ્બરથી 5 ડિસેમ્બરમાં કમોસમી વરસાદ આવી શકે છે. હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ આ આગાહી કરી છે. જેના અનુસાર ગુજરાતમાં દક્ષિણ ભારતના ઈશાનના ચોમાસાની અસર જોવા મળશે. બંગાળની ખાડીમાં હવામાનની અસ્થિરતાથી માવઠું આવશે. જેની અસરના કારણે પહેલી ડિસેમ્બરથી વાતાવરણમાં પલટાની શરૂઆત થશે.

# કૉલેજના વિદ્યાર્થીઓને ઉદ્યોગો શરૂ કરવા સરકાર સહાય આપશે

**અમદાવાદ**

મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે "વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે EDII સાથે MOU કરવામાં આવ્યા હતા. આ પોલીસીની અસરકારક અમલવારી માટે જ આજે આ MOU કરવામાં આવ્યા છે. આ પોલીસી અંતર્ગત પ્રારંભિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફિસરની નિયુક્તિ કરીને કૉલેજમાં અભ્યાસ કરતા ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને ઉદ્યોગ સાહસિકતા નીતિ પ્રોગ્રામ હેઠળ આવરી લઈ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તેઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે ૪૦,૦૦૦/- રૂપિયા જેટલી આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરાયું છે.

# રાજકોટમાં ભાણેજે જ મામા સાથે 8 કરોડથી વધુ રકમની છેતરપિંડી કરી

**રાજકોટ**

ગ્રામ્ય વિસ્તારમાં એક ચોંકાવનારો અજીબો ગરીબ કિસ્સો સામે આવ્યો છે. ભાણેજે મામા સાથે છેતરપિંડી કરીને ૮ કરોડથી પણ વધુની કિંમતના ચણા તેમજ ધાણા જાણ બહાર વેચી નાખ્યા હોવાની ઘટના સામે આવી છે. ત્યારે સમગ્ર મામલે મામા દ્વારા પોતાના ભાણેજ વિરુદ્ધ ગોંડલ તાલુકા પોલીસ મથક ખાતે આઈપીસી ૪૦૮, ૪૨૦ હેઠળ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ૫૮ વર્ષીય કિશોર ડેડાણીયા નામના વેપારીએ ગોંડલ તાલુકા પોલીસ મથક ખાતે આઈપીસી ૪૦૮, ૪૨૦ હેઠળ પોતાના જ ભાણેજ ઉત્તમ ત્રાંબડીયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# જામનગરમાં સમાધાન માટે એકત્ર થયેલા બે વેવાઈ પક્ષ વચ્ચે મારામારી

**જામનગર**

જામનગરના ગોકુલનગર રડાર રોડ વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા મનસુખભાઈ ભીમાભાઈ વિરમગામા નામના સતાવન વર્ષના પ્રૌઢએ પોતાના ઉપર તેમજ પોતાના પુત્ર ભરત અને જયેશ તેમજ જમાઈ દિનેશ અને પોતાના ભત્રીજા સાગર ઉપર હુમલો કરી ઈજા પહોંચાડવા અંગે પોતાના વેવાઈ બાવનજીભાઈ શામજીભાઈ રાઠોડ અને તેના પરિવારના અન્ય ત્રણ સભ્ય સામે ફરિયાદ નોંધાવી છે. આ હુમલામાં મનસુખભાઈ ને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હોવાથી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી, અને પાંચ ટાંકા લેવા પડયા છે. સમગ્ર મામલાની જાણ થતાં સીટી સી. ડિવિઝન પોલીસે બાવજીભાઈ શાંતિભાઈ રાઠોડ તેમજ તેના પુત્ર વિજય રાઠોડ, પુત્રવધુ મંજુબેન રાઠોડ તેમજ પુત્રી કિંજલબેન સામે ગુનો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

આ હુમલાના બનાવની વિગત એવી છે કે મનસુખભાઈ વિરમગામાના પુત્ર જયેશ કે જેના લગ્ન બાવજીભાઈ ની પુત્રી કિંજલ સાથે થયા હતા, પરંતુ છેલ્લા આઠ માસ થી કિંજલ રિસામણે બેઠી હતી, જેથી ફરિયાદી મનસુખભાઈ તેનો પુત્ર જયેશ અને ભરત ઉપરાંત જમાઈ દિનેશ રામજીભાઈ દેગામા અને ભત્રીજો સાગર પાંચેય વ્યક્તિ સમાધાન માટે બાવનજીભાઈ ને ત્યાં ગયા હતા, અને ત્યાં ફરીથી ઝઘડો થતાં આ હુમલો કરાયો હતો.

# ટોક્યોમાં રોકાણકારો સાથે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલનો રોડ-શૉ

**ગાંધીનગર**

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇનવેસ્ટર સમિટ ૨૦૨૪ના ભાગરૂપે જાપાન પ્રવાસના ચોથા દિવસે ટોક્યોમાં જાપાનના અગ્રણી ઉદ્યોગ રોકાણકારો, બિઝનેસ પ્રોફેશનલ્સ સાથે રોડ-શૉ યોજ્યો હતો. ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં જાપાનના ૨૦૦થી વધુ અગ્રણી ઉદ્યોગ રોકાણકારો-બિઝનેસ પ્રોફેશનલ્સ સમક્ષ ગુજરાતના સર્વગ્રાહી વિકાસ ગાથાની પ્રભાવક પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, જાપાન સમગ્ર વિશ્વમાં આધુનિક ટેકનોલોજી અને પ્રાચીનતમ સંસ્કૃતિ માટે મશહૂર છે.

# ૧૦ મિનિટની અઝાન ધ્વનિ પ્રદૂષણ ગણાય નહીં : HC

**અમદાવાદ**

અઝાન માટે લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધની માંગણી કરતી પીઆઈએલને ગુજરાત હાઈ કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે એવું પણ નોંધ્યું હતું કે આઝાન માટેના સ્પીકરથી અવાજનું પ્રદૂષણ થતું નથી. કારણ કે તે ૧૦ મિનિટથી ઓછા સમય માટે જ ચાલે છે. અરજદારે તેમની હૉસ્પિટલ નજીકની મસ્જિદમાંથી દિવસમાં પાંચ વખત અઝાન વગાડવા સામે વાંધો ઉઠાવ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે તેનાથી લોકોને, ખાસ કરીને દર્દીઓને પરેશાની થાય છે. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલે અવાજ પ્રદૂષણને કારણે ખલેલ પહોંચાડવાના અરજદારના દાવા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને તેમણે પૂછ્યું હતું કે શું અન્ય ધાર્મિક પ્રથાઓ, જેમ કે મંદિરોમાં પૂજા અથવા ભજન દરમિયાન સંગીત વગાડવું જાહેર જીવનને ખલેલ નથી પહોંચાડતા? ખંડપીઠે કહ્યું કે અમને એ નથી સમજાતું કે લાઉડસ્પીકર દ્વારા અઝાનનો અવાજ ધ્વનિ પ્રદૂષણ થાય એટલા ડેસિબલ સુધી કેવી રીતે પહોંચી શકે, જેનાથી લોકો માટે આરોગ્ય જોખમાય.

# સંવેદનાનું મોતી



**પ્રસ્તુતિ : સ્મિતા પટેલ**
(Guelph On.)

કેટલો સુંવાલો શબ્દ છે, "સંવેદના" આ શબ્દ જેવી જ મખમલી સોની અનુભૂતિ છે. સંવેદના સુખદ પણ હોય અને દુઃખદ પણ હોય. સુખદ સંવેદના પ્રિય અને દુઃખદ સંવેદના અપ્રિય લાગતી હોય છે. આપણી ઈન્દ્રિયો જેવી કે આંખ, કાન, નાક, જીભ, ત્વચા અને મન એની સાથે વિવિધ વિષયો સંપર્કમાં આવે છે ત્યારે સંવેદનાશીલતા અનુભવાય છે.

આજના આધુનિક-વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં માનવી ધીમે ધીમે સંવેદનશીલતા ગુમાવી રહ્યો છે. ઘણી વખત તો સંવેદના અનુભવ્યા છતાં તેના પ્રત્યે બેધ્યાન, બેદરકાર બનીને કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપવાનું ટાળે છે. મહદ્અંશે આજે સૌ કોઈ એક પ્રકારની ઉતાવળમાં હોય છે. દરેકને સમય નહિ મળી શકવાની ફરિયાદ હોય છે. આજનો માનવી વ્યક્તિગત ઓળખની સ્વાયત્તા માટે સતત સંઘર્ષ કરી રહ્યો છે. સમયની સાથેની હોડ અને આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગના અતિરેકને કારણે માનવી કુદરત-પ્રકૃતિથી દૂર જઈ રહ્યો છે. કુદરતે આપેલાં સંવેદનશીલ-લાગણીસભર મન માટે અત્યંત જરૂરી છે કે સંવેદનહીનતામાંથી બહાર નીકળી, એકલતાનાં આવરણને બેદીને સ્વજનો તથા મિત્રો સાથે સંવાદની આપ-લે કરેઅને જેમ બને તેમ કુદરતની વધુમાં વધુ નજીક રહે. આજકાલ સોશિયલ મીડિયાની જાતમાં ફસાયેલો અને ગૂંથાયેલો માનવી ભૌતિકવાદની દુનિયામાં યાંત્રિક જીંદગી જવી રહ્યો છે. ભૌતિકતાના અતિરેકમાં ઘણીવાર લોકો ઉદાસીન અને ગુમસુમ રહે છે. આજે માનવીને એક નવી ચેતનાની જરૂર છે. આ ચેતનાની સાથોસાથ સંવેદના અને માનવ સ્પર્શની જરૂર છે. મનોમસ્તિષ્કને શાંતિ અપાવી શકે અને સંવેદનશીલ બનાવી શકે એવો કુદરીત સાનિધ્ય અને સ્વજનો અને મિત્રોની તાતી જરૂર છે. સ્વજનો અને મિત્રો પણ કેવા ? જેમની પાસે મુલાકાતના સમયની તંત્રી ના હોય જેમની પાસે બેસીને સુખ-દુઃખની વાતચીત વિના સંકોચે કરી શકાય. સુદન સહિતના "સંવાદના" માધ્યમો દ્વારા મનને હળવું કરી શકાય. આજનો માનવ એ વાત ભૂલી ગયો છે કે પ્રકૃતિના ખોળે તો ભાવની ઉત્કટતા અને સંવેદનશીલતા મહોરી ઊઠે છે. વકતવ્ય ગૌણ બની જાય છે. પ્રકૃતિ કે કુદરતની સાથે આત્મીયતા કેળવવાતી દિવ્ય ચેતનાની અનુભૂતિ થાય છે. ભારતીય પરંપરા અનુસાર તો કહેવાય છે કે ઋગ્વેદનો ઋષિકવિ પ્રકૃતિપૂજક હતો. પ્રકૃતિ ચેતનાનું રૂપ પ્રત્યક્ષ કરાવી આપે છે. પરિવર્તન એ કુદરતનો ક્રમ છે. આ ક્રમને નિહાળવાનું અને માણવાનું આપણે ભૂલી ગયા છે. સિશુ સહજ વિસ્મયનો ભાવ વિસરાઈ ગયો છે. આજે આપણે જીવન અને જગતને માણવા, જાણવા વધુ પડતાં સંદેશાઓ, બોધ, માહિતી અને મનોરંજન તરફ વળી ગયા છે. સંવેદનાની અનુભૂતિ માટે જરૂરી છે. સિશુ સહજ મુગ્ધતાની, કોમળતાની અને જિજ્ઞાસાની.

જગતને નિત્યનૂતન પરિપ્રેક્ષ્યમાં જોવા માટે પ્રકૃતિનું અદમ્ય આકર્ષણ અને કલ્પના સૃષ્ટિને જાળવી રાખવા જરૂરી છે. જિંદગીને જીવનને અને જગતને સાચા અર્થમાં માણવા માટે આજથી આપણે પ્રયત્નશીલ રહીશું. ખરા અર્થમાં સંવેદનશીલ બની રહેવા, સંદેનાનો અનુભવ કરવા કુદરતના દરેકે દરેક ક્રમને બારીકાઈથી નિહાળી તને આત્મસાત કરીશું. પછી તે ભલેને ઝાકળનું ટીપું હોય, ખીલતી કળી હોય, નદીની લહેરો હોય, સાગરના મોજા કે તરંગો હોય, વસંતના આગમન સાથે ફૂટતી નવી કૂંપળો હોય, વરસતા વરસાદમાં અંકુરિત થતા બીજ કે છોડ હોય, આંબાનો મોર કે લીમડાની મંજરી હોય, જૂઈ કે મોગરાની મધમધતી ખૂશ્બુ હોય, મધુ માલતી કે પારિજાતની માદક સુગંધ હોય, વૃક્ષોની ઘટા હોય, પર્વતોના ઉતુંગ શિખરો હોય, જંગલોની ઘનઘોરતા હોય, તાજા ખિલેલા પુષ્પ પર્ણોની કૂણી કુંપળો હોય, કે પછી કમળના પુષ્પની પાંદડીઓ પર ઝીલાયેલા ઝાકળના બિંદુ હોય...

સૌને સંવેદનાસભર સાભાર

# હિન્દુજા જૂથના મુંબઈ સહિત શહેરોમાં આવેલા એકમો ઉપર ઈન્કમટેક્સ વિભાગની રેડ-સરવે

## હિન્દુજા જૂથની ટેક્નોલોજી, ડિજિટલ અને ફિટનેસ ક્ષેત્રમાં પ્રવેશ કરવાની યોજના

**મુંબઈ**

આઈટી હિન્દુજા જૂથના મુંબઈ અને દેશના અન્ય કેટલાક શહેરોમાં આવેલા એકમો પર સર્વે અભિયાન ચલાવ્યું હતું. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર કરચોરીની તપાસના ભાગરૂપે આ સર્વે કામગીરી હાથ ધરવામાં આવી છે અને તેમાં મુંબઈ તથા કેટલાક અન્ય શહેરોમાં આવેલા જૂથના કાર્યાલયોને સામેલ કરવામાં આવ્યા છે. સર્વેક્ષણ માટેના ઈન્કમટેક્સના કાયદા અનુસાર સર્વે હેઠળ ફક્ત કચેરીના કોમ્પ્લેક્સને જ કવર કરવામાં આવ્યા છે. આ બાબતે હિન્દુજા જૂથ તરફથી કોઈ તત્કાળ પ્રતિક્રિયા આપવામાં આવી ન હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર ટેક્સ વિભાગની કાર્યવાહી જનરલ એન્ટિ એવોઈડન્સ રુલ્સની જોગવાઈ સાથે પણ જોડાયેલી છે. ઈન્ડસઈન્ડ બેન્ક, હિન્દુજા લેલેન્ડ ફાઈનાન્સ અને હિન્દુજા બેન્ક(સ્વીટઝરલેન્ડ)ની માલિકી ધરાવતાં હિન્દુજા જૂથ વર્તમાન સમયમાં પોતાના બિઝનેસમાં વિવિધતા લાવવાની દિશામાં કામ કરી રહ્યું છે. આ જૂથ વિકાસ માટેના પોતાના નવા તબક્કાના હિસ્સા તરીકે નવી ટેકનોલોજી, ડિજિટલ અને ફિટનેસ ક્ષેત્રમાં પ્રવેશ કરવાની યોજના બનાવી રહ્યું છે.

હિન્દુજા ગ્લોબલ સોલ્યુશને 30 સપ્ટેમ્બર, 2023ના રોજ સમાપ્ત થયેલાં બીજા ત્રિમાસિક ગાળા માટે કન્સોલિડેટેડ નફામાં 92 ટકાના ઘટાડા સાથે રૂ. 18.4 કરોડનો નફો નોંધાવ્યો હતો. જે પાછલા વર્ષના સમાન ગાળા માટેના રૂ. 222.28 કરોડના આંકની સરખામણીએ ઘણો નીચો હતો. કંપનીએ સમીક્ષા હેઠળના ગાળા માટે ઓપરેશન્સમાંથી કન્સોલિડેટેડ આવકમાં પણ મામૂલી વધારો નોંધાવ્યો હતો. બીજા ત્રિમાસિક ગાળા માટે કંપનીની કન્સોલિડેટેડ આવક એક ટકા વધીને રૂ. 1,179.86 કરોડ નોંધાઈ હતી.

# ફૂડ પોઈઝનિંગ : ભારત ગૌરવ ટ્રેનમાં 80થી વધુ મુસાફરોની તબિયત લથડી

**પૂણે**

ભારત ગૌરવ સ્પેશીયલ ટ્રેનમાં લગભગ 80થી વધુ લોકો ફૂડ પોઈઝનિંગનો શિકાર બન્યા છે. આ અંગે પુણે સ્ટેશન પર રેલવે અધિકારીઓને ઘટનાની જાણકારી મળી હતી. આ ટ્રેન એક ખાનગી પ્રસંગ માટે બુક કરવામાં આવી હતી. જે કાર્યક્રમ ગુજરાતના પાલિતાણા યાત્રાધામ સંબંધિતનો પ્રવાસ હતો. આ ટ્રેનમાં લગભગ એક હજાર જેટલા પ્રવાસીઓ હાજર હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોટા ભાગે મુસાફરોને ચક્કર, ઉલટી અને પેટમાં દુખાવાના બનાવ સામે આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ રેલવે હોસ્પિટલના ડોક્ટરોની એક ટીમ, રૂબી હોલના ડોકટરો અને અન્ય રેલવે અધિકારીઓની સાથે તબીબી સહાય તત્કાલીન ધોરણે પુણે સ્ટેશન પર મોકલવામાં આવી હતી. પુણે રેલવે ડિવિઝનના ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર અને પીઆરઓ આ વિશે માહિતી આપી છે. ટ્રેન રાતે 11.25 કલાકે પુણે સ્ટેશન પહોંચી અને મુસાફરોની તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી હતી. રેલવે અધિકારી રામદાસ ભીસેએ જણાવ્યું કે, મુસાફરોને ટ્રેન પરથી પ્લેટફોર્મ પર ઉતારી દેવાયા અને સારવાર શરુ કરવામાં આવી હતી. જોકે, હાલ સુધી કોઈ મુસાફરને હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર પડી નથી.

# મણિપુરના સૌથી જૂના ઉગ્રવાદી સંગઠને હથિયારો છોડી શાંતિનો રસ્તો અપનાવ્યો

**ઈમ્ફાલ**

હિંસાગ્રસ્ત મણિપુરમાં એક મોટા ઉગ્રવાદી સંગઠને શાંતિનો માર્ગ અપનાવ્યો છે, યૂનાઈટેડ નેશનલ લિબરેશન ફ્રંટ (યુએનએલએફ)એ હથિયારો છોડીને સરકાર સાથે શાંતિ કરારો કર્યા છે. સરકાર અને સંગઠનના નેતાઓ દ્વારા ઘણા સમયથી શાંતિ માટે વાટાઘાટો ચાલી રહી હતી, જેનો આખરે અંત આવ્યો છે. ઉગ્રવાદીઓના સંગઠનના નેતાઓ અને સરકારના પ્રતિનિધિઓ વચ્ચે બુધવારે શાંતિ કરારો પર સહી કરવામાં આવી હતી. આ અંગેની જાણકારી કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા સોશિયલ મીડિયા પર આપવામાં આવી હતી.

ગૃહ મંત્રીએ ટ્વિટર પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે એક ઐતિહાસિક સિદ્ધી પ્રાપ્ત કરવામાં આવી છે. પૂર્વોત્તરમાં કાયમી શાંતિ સ્થાપિત કરવાના મોદી સરકારના અથાક પ્રયાસોમાં એક નવા અધ્યાયનો ઉમેરો થયો છે. યૂનાઈટેડ લિબરેશન ફ્રંટ (યુએનએલએફ) એ નવી દિલ્હીમાં એક શાંતિ કરારો પર સહી કરી છે. આ સાથે જ ગૃહ મંત્રીએ ટ્વિટર પર આત્મસમર્પણ કરી રહેલા ઉગ્રવાદીઓની તસવીરો અને વીડિયો પણ શેર કર્યા હતા. જેમાં મોટી સંખ્યામાં હથિયારો મુકીને ઉગ્રવાદીઓ જતા જોવા મળ્યા હતા.

# વધુ 97 તેજસ એરક્રાફ્ટ ખરીદવા માટેની ડીલને લીલી ઝંડી, 156 પ્રચંડ હેલિકોપ્ટરને પણ મંજૂરી

**નવી દિલ્હી**

ભારતના સૈન્ય તાકાતમાં વધારો કરવા માટે સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારતમાં સૈન્ય અને સંરક્ષણ ઉત્પાદનને મોટા પ્રોત્સાહનરૂપે, DACની બેઠકે 97 તેજસ એરક્રાફ્ટ અને 156 પ્રચંડ એટેક હેલિકોપ્ટરને ખરીદવાની મંજૂરી આપી છે. બંને એરક્રાફ્ટ સ્વદેશી રીતે વિકસિત છે અને સોદાની કિંમત 1.1 લાખ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે. ભારતીય વાયુસેના માટે તેજસ માર્ક 1-એ ફાઈટર પ્લેન ખરીદવામાં આવી રહ્યા છે અને એરફોર્સ તેમજ આર્મી માટે હેલિકોપ્ટર ખરીદવામાં આવી રહ્યા છે. આ મંજૂરી મળતાની સાથે આ ભારતના ઈતિહાસમાં સ્વદેશી ઉત્પાદકો માટેનો સૌથી મોટો ઓર્ડર છે.

પહેલાથી જ ભારતીય વાયુસેના દ્વારા તેજસ Mk1 જેટના બે સ્ક્વોડ્રનનું સંચાલન કરવામાં આવે છે, જેમાં



પ્રારંભિક અને અંતિમ ઓપરેશનલ ક્લિયરન્સ વેરિઅન્ટમાં 20 સ્ક્વોડ્રનનો સમાવેશ થાય છે. વડા પ્રધાન મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિની મંજૂરી બાદ, 83 LCA MK1A વેરિઅન્ટ્સ માટે યુએસ $6 બિલિયનનો ઓર્ડર ફેબ્રુઆરી 2021માં HAL સાથે મૂકવામાં આવ્યો હતો, જેની ડિલિવરી 2024 સુધીમાં થશે.

# ચીનમાં ફેલાઈ રહેલી શ્વાસની બીમારીને પગલે ભારતમાં ગુજરાત સહિત 6 રાજ્યોમાં એલર્ટ

**નવી દિલ્હી**

ચીનમાં બાળકોમાં વધી રહેલા શ્વાસ સંબંધી રોગને જોતા ભારતના 6 રાજ્યો એલર્ટ મોડ પર છે. પાડોશી દેશમાં વધી રહેલા રોગને જોતા કેન્દ્રએ તૈયારીઓની સમીક્ષા કરવા સૂચના આપી હતી. જેના પગલે ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, ઉત્તરાખંડ, હરિયાણા અને તમિલનાડુએ હોસ્પિટલો અને આરોગ્ય કર્મચારીઓને શ્વાસની સમસ્યાની ફરિયાદ કરતા દર્દીઓની સારવાર કરવા માટે સજ્જતા સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

કર્ણાટકના તમામ રહેવાસીઓને



મોસમી ફ્લૂ વિશે જાગૃત રહેવા અપીલ કરવામાં આવી છે.

ઉત્તરાખંડના આરોગ્ય અધિકારીઓને શ્વસન રોગોના મામલાઓની દેખરેખ વધારવા માટે સૂચના આપવામાં આવી છે. ઉત્તરાખંડના ત્રણ જિલ્લા - ચમોલી, ઉત્તરકાશી અને પિથોરાગઢ ચીન સાથે સરહદો વહેંચે છે. તેના કારણે તેમને વધારે કાળજી લેવા આદેશ આપવામાં આવ્યા છે.

તમિલનાડુમાં પણ શ્વસન સંબંધી રોગો માટે સજ્જતા મજબૂત કરવા પગલાં લેવામાં આવી રહ્યા છે. અહી પણ સરકારી અને ખાનગી દવાખાનાઓમાં શ્વાસ સંબંધી રોગ જણાય તો તાત્કાલિક જાણ કરવા સૂચના આપવામાં આવી છે. રાજ્યના આરોગ્ય વિભાગે સાવચેતીના ભાગરૂપે બાળકોમાં ન્યૂમોનિયાની ફરિયાદ પર નજર રાખવા જણાવ્યું છે.

# પાણી પીવાના કથિત મામલે ગામના જ લોકોએ દલિત યુવકને માર મારતાં મોત

**લખનઉ**

ઉત્તર પ્રદેશના બદાઉનમાં, એક દલિત યુવક સાથે મારપીટ કરવામાં આવી હતી જે બાદ તેનું મોત થઈ ગયુ હતું. જાણીને નવાઈ લાગશે પરંતૂ આ યુવકની ભૂલ એટલી જ હતી કે તેણે જાહેર નળમાંથી પાણી પીધુ. મળતી માહિતી પ્રમાણે બદાઉનમાં કેટલાક લોકોએ જાહેર નળમાંથી પાણી પીવા બદલ 24 વર્ષીય દલિત યુવકને લાકડીઓ વડે માર માર્યો હતો, યુવક કમલેશને માથાના ભાગે લાકડી વડે માર મારતાં ઈજા થઈ હતી. જે બાદ તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પોલીસે કેસ નોંધી લીધો છે અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. પોલીસે મંગળવારે આ માહિતી આપી હતી. આ ઘટનાને લઈને અધિક પોલીસ અધિક્ષક અમિત કિશોર શ્રીવાસ્તવે જણાવ્યું કે, ઉઝૈત પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદમાં મૃતકના પિતા જગદીશે આરોપ લગાવ્યો છે કે, સોમવારે રાત્રે તેમના પુત્ર કમલેશ (24)ને સૂરજ રાઠોડ અને તેના સાગરિતોએ લાકડીઓ વડે માર માર્યો હતો. આ ઘટનામાં નામના સૂરજ રાઠોડની ધરપકડ કરવામાં આવી છે.

# મહિલા સ્વસહાય જૂથો માટે ડ્રોન યોજનાને મંજૂરી અપાઈ: અનુરાગ ઠાકુર

**જયપુર**

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે બુધવારે સરકાર તરફથી લેવામાં આવેલ કેટલાંક મહત્વના નિર્ણયોની જાણકારી આપી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે ગરીબ કલ્યાણ અન્ન યોજનાને 1 જાન્યુઆરી 2024થી લંબાવીને 5 વર્ષ સુધી વધારી છે. અંત્યોદય પરિવારોને માસિક 35 કિલો ખાદ્યાન્ન વિતરણ કરાશે. યોજનાથી 81 કરોડથી વધુ લોકોને લાભ મળશે. આગામી પાંચ વર્ષમાં યોજના પર 11 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ યોજનાની શરૂઆત કોરોનામાં કરવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે છેલ્લા 5 વર્ષોમાં લગભગ 13.50 કરોડ ભારતીય ગરીબી રેખા માંથી બહાર આવ્યા છે.

# ટનલના કામદારોને હેલિકોપ્ટર મારફતે ઋષિકેશની એઈમ્સમાં ખસેડવામાં આવ્યા

**ઉત્તરકાશી**

સિલ્કયારા ટનલમાંથી બહાર આવેલા ૪૧ કામદારોને હવાઈ માર્ગે ઋષિકેશની એઈમ્સમાં લઈ જવામાં આવ્યા છે. આજે હોસ્પિટલમાં તમામ ૪૧ કામદારોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી.

આ દરમિયાન રોડ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સુરક્ષા ઓડિટ અને રિપેર પછી ટનલનું કાર્ય ફરીથી શરૂ કરી દેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ ટનલ કેન્દ્ર સરકારના ૯૦૦ કિમીના ચાર ધામ યાત્રા ઓલ વેધર રોડ પ્રોજેક્ટનો ભાગ છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે કામદારોને ચિન્યાલિસોરની હોસ્પિટલમાં ઓબ્ઝરવેશન હેઠળ રાખવામાં આવ્યા હતાં. ઉત્તરાખંડના મુખ્યપ્રધાન પુષ્કર સિંહ ધામી તેમ મળ્યા હતાં અને દરેક કામદારને એક લાખ રૂપિયાનો ચેક અર્પણ કર્યો હતો.

આ ઉપરાંત મુખ્યપ્રધાને આ બચાવ અભિયાનમાં ભાગ લેનારા માઈનિંગ નિષ્ણાતોને પણ ૫૦૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. આજે બપોરે તમામ કામદારોને ચિનૂક હેલિકોપ્ટરની મદદથી એઈમ્સ-ઋષિકેશ લાવવામાં આવ્યા હતાં.

# રાજસ્થાનમાં ફરી એકવાર બનશે કોંગ્રેસની સરકાર: પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરનો દાવો

**જયપુર**

રાજસ્થાન વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસનો જ વિજય થશે, તેવો કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરાએ દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે, આ વખતની રાજસ્થાનની ચૂંટણીમાં રાજસ્થાનના સુશાસન પર યોજાઈ હતી. બજેટ અને શરૂ કરાયેલી મુખ્ય યોજનાઓ મુખ્ય મુદ્દાઓ હતા. આ માત્ર રાજસ્થાનમાં જ નહીં, સમગ્ર ભારતમાં ચર્ચાનો વિષય હતો. ભાજપ આંતરિક કલહમાંથી પસાર થઈ રહ્યો હતો અને તેણે રાજસ્થાનના લોકોને લગતી કોઈપણ ચિંતાઓ વ્યક્ત કરી નથી, તેથી કોંગ્રેસની તરફેણમાં મતદાન થયું છે. કોંગ્રેસ ફરી સત્તામાં આવશે. રાજસ્થાન વિધાનસભા ચૂંટણીનું 25 નવેમ્બરે મતદાન થયું હતું.

# અયોધ્યાના રામ મંદિર માટે 155 દેશોનું પાણી ભારત આવ્યું, થાઈલેન્ડથી વિશેષ માટી આવશે

## નેપાળની નદીઓમાંથી મંદિર માટે વિશેષ પથ્થરો શોધી અયોધ્યા ખાતે લવાયા

**નવી દિલ્હી**

અયોધ્યામાં બની રહેલા ભગવાન શ્રી રામ મંદિરના લોકાર્પણ માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. 24 જાન્યુઆરીએ રામલલા નવા મંદિરમાં બીરાજમાન થશે ત્યારે દુનિયાભરના દેશોમાંથી મંદિર માટે વિવિધ વસ્તુઓ આવી રહી છે. નેપાળની નદીઓમાંથી મંદિર માટે વિશેષ પથ્થરો આવ્યા છે તો થાઈલેન્ડમાંથી પણ બે નદીઓનુ પાણી મોકલવામાં આવ્યુ છે. હવે થાઈલેન્ડ એક વિશેષ પ્રકારની ગિફ્ટ મંદિરમાંથી મોકલી રહ્યુ છે.

વિશ્વ હિન્દુ પરિષદના થાઈલેન્ડના



અધ્યક્ષ સુશીલ કુમાર સરાફના કહેવા અનુસાર થાઈલેન્ડથી વિશેષ માટી અયોધ્યા મોકલવામાં આવશે. થાઈલેન્ડ અને ભારત વચ્ચે મજબૂત સાંસ્કૃતિક નાતો રહેલો છે. બેંગકોકમાં અમે શ્રી રામ મંદિરની પ્રતિકૃતિ પણ બનાવી છે. જેથી લોકો દર્શન કરી શકે.

### અયોધ્યા માટે 100થી વધુ વિશેષ ટ્રેનો દોડાવવા તૈયારી

રેલવે મંત્રાલયના જણાવ્યા અનુસાર અયોધ્યા રેલવે સ્ટેશનના પુન: વિકાસનું કામ બે તબક્કામાં કરવામાં આવી રહ્યું છે. 240 કરોડના ખર્ચે પ્રથમ તબક્કાનું કામ આ વર્ષે 31 ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે. જેમાં સ્ટેશનની ક્ષમતા હાલના પાંચ હજાર પેસેન્જરોથી વધારીને એક લાખ પેસેન્જર કરવામાં આવી રહી છે. અયોધ્યામાં ભગવાન શિવના ભવ્ય રામ મંદિરનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થવા જઈ રહ્યું છે.

### ઝારખંડમાં પેપર લિક-કોપી રોકવા ક્વાયત

# પેપર લિક કરવા બદલ આજીવન કેદ, 10 કરોડ રૂપિયાનો દંડ થશે

**રાંચી**

ઝારખંડમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીક અને નકલ રોકવા માટે કડક કાયદાનો અમલ કરવાનો રસ્તો સ્પષ્ટ થઈ ગયો છે. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને ગત ઓગસ્ટમાં વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા બિલને મંજૂરી આપી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડતાં જ તે કાયદાનું રૂપ લેશે. આ કાયદામાં સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક કરવા બદલ ઓછામાં ઓછા ૧૦ વર્ષ અને વધુમાં વધુ આજીવન કેદથી લઈને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈઓ છે.

કાયદાનું નામ ઝારખંડ સ્પર્ધાત્મક પરીક્ષા અધિનિયમ ૨૦૨૩ હશે. તેમાં એવી જોગવાઈ છે કે, જો કોઈ ઉમેદવાર સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ વખત નકલ કરતા પકડાશે તો તેને એક વર્ષની જેલ થશે અને ૫ લાખ રૂપિયાનો દંડ થશે. બીજી વખત પકડાવા પર ૩ વર્ષની સજા અને ૧૦ લાખના દંડની જોગવાઈ છે. પેપર લીક અને નકલને લગતા કેસોમાં પ્રાથમિક તપાસ વિના એફઆઈઆર અને ધરપકડની જોગવાઈ પણ કરવામાં આવી છે. પેપર લીક અને કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે ગેરમાર્ગે દોરનારી માહિતીનો પ્રચાર કરનારાઓ આ કાયદાના દાયરામાં આવશે,

# 7 વર્ષની પુત્રી પર રેપ માટે પ્રેમીને મદદ કરનાર માતાને 40 વર્ષની કેદ

**તિરુવનંતપુરમ**

કેરળમાં એક માતાને પોતાની જ પુત્રીના બળાત્કારના કેસમાં ૪૦ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી છે. મહિલાએ પોતાના પ્રેમીને પોતાની જ પુત્રી પર બળાત્કાર કરવાની છૂટ આપી હતી. જેથી બળાત્કારમાં મદદ કરવા બદલ પોક્સો કાયદા હેઠળ મહિલાને આ સજા કરવામાં આવી હતી. બળાત્કારી પુરુષે અગાઉ જ આત્મહત્યા કરી લીધી હતી. તેથી બચી ગયેલી મહિલાની જિંદગી હવે જેલમાં જ વિતશે.

મહિલા પર આરોપ હતો કે તેણે પોતાની જ સાત વર્ષની બાળકી પર બળાત્કાર કરવામાં પોતાના લિવઈન પાર્ટનરને મદદ કરી હતી. આ સમગ્ર ઘટના માર્ચ ૨૦૧૮થી ૨૦૧૯ દરમિયાન બની હતી. મહિલા પોતાના પતિથી અલગ થઈ ગઈ હતી, જોકે સાથે પોતાની સાત વર્ષની બાળકીને પણ લઈ ગઈ હતી. બાદમાં આરોપી મહિલા શિશુપાલન નામના એક લિવઈન પાર્ટવર સાથે રહેવા લાગી હતી. શિશુપાલને મહિલાની સાત વર્ષની બાળકી પર બળાત્કાર કર્યો હતો, આવુ કરતા અટકાવવાના બદલે નિર્દય માતાએ ઉલટા મદદ કરી હતી. અવારનવાર બળાત્કાર કરવામાં આવ્યો હતો.

# પ્રદૂષણ ઉપર સીપીસીબીનો રિપોર્ટ : દેશના 242માંથી માત્ર 30 શહેરમાં જ ચોખ્ખી હવા

## સૌથી સ્વચ્છ હવા અરિયાલુરમાં, સૌથી ખરાબ સ્થિતિ હનુમાનગઢની છે

**નવી દિલ્હી**

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB) દ્વારા મંગળવારે દેશના જુદા જુદા શહેરોના પ્રદૂષણને લઈને એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. રિપોર્ટ મુજબ દેશના 242 શહેરો માંથી માત્ર 30 શહેરોમાં હવા 'સારી; ગુણવત્તા વાળી છે. 80 શહેરોમાં AQI 'સંતોષજનક' છે જ્યારે 90 શહેરોમાં 'મધ્યમ' છે. સૌથી ખરાબ સ્થિતિ હનુમાનગઢની છે અહી AQI 408 સુધી પહોંચી ગયું છે.સૌથી સ્વચ્છ હવા અરિયાલુરમાં હતી. અહી AQI 18 નોંધવામાં આવ્યો હતો. દિલ્હીનો ઇન્ડેક્સ 312 પર નોંધાયો હતો. છપરા-ભટિંડા સહિત 6 શહેરોની હવા ખૂબ જ ખરાબ હતી. હાપુડ-સીકર સહિત 35 શહેરોમાં સ્થિતિ ખરાબ છે. અહીં પ્રદૂષણનું સ્તર 200થી વધુ છે.

અનેક શહેરોની સ્થિતિ એવી છે કે ત્યાં શ્વાસ લેવો પણ મુશ્કેલ છે. દિલ્હીમાં હવાની ગુણવત્તા 'ખૂબ નબળી' છે. વરસાદ બાદ, AQI 83 પોઈન્ટ ઘટીને 312 થઈ ગયો. તો, ફરીદાબાદમાં 250, ગાઝિયાબાદમાં 250, ગુરુગ્રામમાં 196, નોઈડામાં 261, ગ્રેટર નોઇડામાં 274 પર પહોંચી ગઈ છે.

સિંગરૌલી, પ્રયાગરાજ, બીકાનેર, છાપરા સહિત 35 શહેરોમાં પ્રદૂષણનું સ્તર જીવલેણ હતું. મુંબઈમાં AQI 61 હતો, જે સંતોષજનક છે. લખનૌમાં 246, ચેન્નાઈમાં 44, ચંદીગઢમાં 163, હૈદરાબાદમાં 83, જયપુરમાં 141 અને પટનામાં 230 નોંધાયા હતા.

# જમ્મુ કાશ્મીર, લડાખમાં હિમવર્ષા : મ.પ્રથી દક્ષિણ ભારત સુધી ભારે વરસાદની આગાહી

**નવી દિલ્હી**

ભારતીય હવામાન વિભાગે ગંભીર ચેતવણી ઉચ્ચારતાં જણાવ્યું છે કે, દેશના વિશાળ વિસ્તારો ઉપર એક ચક્રવાતી તોફાન ફરી વળવાનું છે. બંગાળ ઉપસાગરના દક્ષિણ- પૂર્વ વિસ્તાર અને તેને સ્પર્શીને રહેલા દક્ષિણ આંદામાન સાગર ઉપર હળવું દબાણ આકાર થઈ રહ્યું છે. તે પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધવાની શક્યતા છે. જે ૩૦મી નવેમ્બર સુધીમાં ઘણા ઓછા દબાણમાં ફરી જયાં ચક્રવાત સર્જાવાની શકયતા છે. આ ચક્રવાતનું નામ મિચાંગ અપાયું છે. આથી દેશના અનેક રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની પણ ચેતવણી હવામાન વિભાગે ઉચ્ચારી છે.

મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં આગામી ૩ દિવસ સુધી વરસાદ આંધી અને તોફાન ફરી વળવા સંભવ છે. આ



ઉપરાંત પશ્ચિમ હિમાલય ક્ષેત્ર અને તેને સ્પર્શીને રહેલા મેદાની પ્રદેશોમાં વેસ્ટર્ન ડીસ્ટ્રબન્સ અસર કરી શકે તેમ છે. આઈએમડી જણાવે છે કે, જમ્મુ-કાશ્મીર, લડાખ, ગિલગિટ-બાલ્ટીસ્તાન અને હિમાલય પ્રદેશમાં ૨૯-૩૦ નવેમ્બરે ભારે વર્ષા થશે. સાથે હિમવર્ષા પણ થવા સંભાવના છે.

# નફરત ફેલાવનારા ભાષણો સામે કાર્યવાહી થવી જોઈએ: સુપ્રીમ કોર્ટ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું કે કોઇ પણ પ્રકારની નફરત ફેલાવનારા ભાષણોની સામે કાર્યવાહી જરૂર થવી જોઇએ. હેટ સ્પીચ મુદ્દે થયેલી અરજીઓની સુનાવણી દરમિયાન સુપ્રીમે આ ટિપ્પણી કરી હતી. આ અરજીઓમાં નફરતભર્યા ભાષણો સામે એક પ્રશાસનિક માળખુ તૈયાર કરવાની માગ કરાઇ છે. ફેબ્રુઆરી આ અરજીઓની સુનાવણી માટે સુપ્રીમ કોર્ટ તૈયાર થઇ ગઇ છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સંજીવ ખન્નાની અધ્યક્ષતા વાળી બેંચે કહ્યું હતું કે અમે ઘૃણા ફેલાવનારા ભાષણોની સમસ્યાની દેશભરમાં દેખરેખ ના રાખી શકીએ. ભારત જેવા મોટા દેશમાં સમસ્યાઓ તો હોય છે પણ સવાલ થવો જરૂરી છે કે શું આપણી પાસે આ નફરત ભર્યા ભાષણોને પહોંચી વળવા માટે કોઇ પ્રશાસનિક તંત્ર છે? સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એસવીએન ભટ્ટી પણ બેંચમાં સામેલ છે. મામલાની આગામી વર્ષે ફેબ્રુઆરીમાં સુનાવણી માટે સહમત થયેલી સુપ્રીમની બેંચે કહ્યું હતું કે સમાજને એ જાણકારી હોવી જોઇએ કે જો કોઇ કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવશે તો તે બાદ કાર્યવાહી પણ થશે.

# બિહારના સહ પ્રભારી અને ગુજરાત ભાજપના ભૂતપૂર્વ MLA સુનિલ ઓઝાનું નિધન

**નવી દિલ્હી**

ગુજરાત ભાજપના પૂર્વ ધારાસભ્ય અને બિહાર ભાજપના સહ પ્રભારી સુનિલ ઓઝાનું આજે વહેલી સવારે હાર્ટ એટેકના કારણે દિલ્હી ખાતે અવસાન થયું હતું. સુનિલ ઓઝા ભાવનગરના પૂર્વ ધારાસભ્ય હતા. તેઓ છેલ્લા 10 વર્ષથી વારાણસી ખાતે સ્થાયી થયા હતા. સુનિલ ઓઝાના અચાનક નિધનથી ભાજપ બેડામાં શોક છવાઈ ગયું છે. થોડાક મહિના પહેલા જ તેમનું ઉત્તરપ્રદેશથી બિહાર ટ્રાન્સફર થયું હતું. બિહાર ટ્રાન્સફર પહેલા સુનિલ ઓઝા ઉત્તરપ્રદેશના સહ પ્રભારી હતી. તે પછી તેમને બિહારમાં પાર્ટીના સહ પ્રભારી બનાવવામાં આવ્યા હતા.

# વાહનો દોડતા કોફિનઃ વર્ષે ૭૫ હજાર બાઇકર્સનાં મોત

**નવી દિલ્હી**

સામાન્યપણે અવરજવરમાં સૌથી કકળાટ ટ્રાફિક પર થાય છે. હકીકતમાં માર્ગ સલામતી માટે ફિકર કરવાની ને ગંભીરતાથી વિચારવાની જરૂર છે. જો સત્વરે વ્યવસ્થિત અને અસરકારક આયોજન નહીં થાય તો વધુને વધુ વાહનો દોડતા કૉફિન કે યમરાજના પ્રતિનિધિ બની જશે.

તાજેતરમાં વર્ષ ૨૦૨૨માં દેશભરમાં થયેલા રોડ એક્સિડન્ટના આંકડા આવ્યા એનાથી પરસેવો વળી જાય એમ છે. વરસભરમાં ૧,૬૮,૪૯૧ (એક લાખ અડસઠ હજાર ચારસો એકાણુ) માણસોની જિંદગીનો કસમયે અંત આવી ગયો છે. આમાંથી ૪૪ ટકા એટલે લગભગ ૭૫ હજાર (ચોક્કસ આંકડો ૭૪,૮૯૭) ટુ-વ્હીલરવાળા હતા. બીજી આંચકાજનક હકીકત એ બહાર આવી કે માર્ગ અકસ્માતમાં લગભગ ૩૩ હજાર રાહદારીના જીવ ગયા છે. આ આંકડાથી સ્તબ્ધ થઈ ગયેલા માર્ગ સલામતીના નિષ્ણાતોએ જોખમમાં મુકાતા વાહનચાલકો અને પાદચારીઓની સલામતી માટે તાકીદ પગલાં ભરવાની માગણી કરી છે.

દુર્ભાગ્યે દરેક પ્રકારના અકસ્માતમાં મૃતકોની સંખ્યા વધી છે. ૨૦૨૨માં ટુ-વ્હીલર્સ (૭૪,૮૯૭), પાદચારી (૩૨,૮૨૫), કાર-ટૅક્સી (૨૧,૦૪૦), ટ્રક-લૉરી (૧૦,૫૮૪), ઑટોરિક્ષા (૬,૫૯૬), સાઇકલ (૪૮૩૬), બસ (૪૦૦૪) અને અન્ય નોન-મોટર ટ્રાન્સપોર્ટ (૧૧,૩૩૭)ના મૃતાંક જોઇને મગજ સુન્ન થઈ જાય છે.

દેશભરનાં રાજ્યોની વાત કરીએ તો ૨૦૨૨માં મૃતકોની દૃષ્ટિએ ક્રમ આ પ્રમાણે છે. પહેલું ઉત્તર પ્રદેશ (૨૨,૫૯૫), તમિલનાડુ (૧૦,૮૮૪), મહારાષ્ટ્ર (૧૫,૨૨૪), મધ્ય પ્રદેશ (૧૩,૪૨૭), કર્ણાટક (૧૧,૭૦૨) અને રાજસ્થાન (૧૧,૧૦૪).

સૌથી અસલામત -જોખમી રસ્તા શહેરોના ક્રમ આ મુજબ છે: પહેલું દિલ્હી, બીજું બેંગલુરુ, ત્રીજું જયપુર, ચોથું કાનપુર અને પાંચમું ઇન્દોર.

સદભાગ્યે અમુક શહેરોમાં મરણાંકમાં ઘટાડો પણ નોંધાયો છે. આમાં ૪૯.૧ ટકા ઘટાડા સાથે ચેન્નઈ ટોચ પર છે. ત્યાર બાદ ગાઝિયાબાદ, લુધિયાણા, મેરઠ અને મુંબઇ (૪.૧ ટકા ઘટાડા) પણ છે.

# સાઉથ આફ્રિકા સામેની T20-ટેસ્ટ-ODI મેચ માટે ભારતીય ટીમ જાહેર

## રોહિત-સૂર્યા-રાહુલને સોંપાઈ મોટી જવાબદારી : ટીમ ઈન્ડિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રણ T20, ત્રણ વન-ડે અને બે ટેસ્ટ મેચ રમાશે

**નવી દિલ્હી**

યજમાન સાઉથ આફ્રિકા સામેની ટી20 અને ટેસ્ટ મેચ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. બીસીસીઆઈના મુખ્ય પસંદગીકર્તા અજીત અગરકરે આજે દિલ્હીમાં ત્રણેય ફોર્મેટની સિરિઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી છે. સાઉથ આફ્રિકાના પ્રવાસ દરમિયાન ભારત ત્રણ ટી20, ત્રણ વન-ડે અને 2 ટેસ્ટ મેચ રમશે. ત્રણેય ફોર્મેમાં ટીમના 3 ખેલાડીઓને જુદી જુદી જવાબદારી સોંપાઈ છે. સૂર્યકુમાર યાદવને ટી20નો કેપ્ટન બનાવાયો છે, તો કે.એલ.રાહુલને વન-ડે સિરિઝ તેમજ રોહિત શર્માને ટેસ્ટની જવાબદારી સોંપાઈ છે. સંજૂ સેમસન અને યજુવેન્દ્ર ચહલનો વન-ડે ટીમમાં સમાવેશ કરાયો છે, જ્યારે નવા ચહેરા તરીકે રજત પાટીદાર, સાઈ સુદર્શનને પણ ટીમમાં સામેલ કરાયા છે. શુભમન ગીલ અને સૂર્યકુમાર યાદવની વન-ડે ટીમમાંથી બાદબાકી થઈ છે, તો ટેસ્ટમાં કે.એલ. રાહુલ અને ઈશાન કિશનને વિકેટકીપર તરીકે જવાબદારી સોંપાઈ છે.



ભારતની ટેસ્ટ ટીમ : રોહિત શર્મા (સુકાની), શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, રુતુરાજ ગાયકવાડ, ઈશાન કિશન (વિકેટકેટર), કેએલ રાહુલ (વિકેટકિપર), રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજા, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, મોહમ્મદ શમી, જસપ્રિત બુમરાહ (ઉપ-સુકાની), પ્રસિદ્ધ કૃષ્ણ...



ભારતની વન-ડે ટીમ : રુતુરાજ ગાયકવાડ, સાઈ સુદર્શન, તિલક વર્મા, રજત પાટીદાર, રિંકુ સિંહ, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ (વિકેટકીપર-કેપ્ટન), સંજુ સેમસન (વિકેટકીપર), અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ. , મુકેશ કુમાર, અવેશ ખાન, અર્શદીપ સિંહ, દીપક ચહર...



ભારતીય ટી20 ટીમ : યશસ્વી જયસ્વાલ, શુભમન ગિલ, રુતુરાજ ગાયકવાડ, તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ (સુકાની), રિંકુ સિંહ, શ્રેયસ ઐયર, ઈશાન કિશન (વિકેટકીપર), જીતેશ શર્મા (વિકેટકીપર), રવિન્દ્ર-જૈસવાલ (વિકેટકીપર) કેપ્ટન), વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, મોહમ્મદ સિરાજ, મુકેશ કુમાર, દીપક ચાહર...

# યુગાન્ડા T20 વર્લ્ડ કપ 2024 માટે ક્વાલિફાઈ થતા ઈતિહાસ રચાયો, ઝિમ્બાબ્વેનું પત્તું કપાયું

**નવીદિલ્હી**

યુગાન્ડાની ટીમે ICC મેન્સ ટી20 વર્લ્ડકપ આફ્રિકા રિઝન ક્વાલિફાયરમાં રવાન્ડાને 9 વિકેટથી હરાવી ટી20 વર્લ્ડકપ 2024 માટે ક્વાલિફાઈ કરી લીધું છે. આવતા વર્ષે ટી20 વર્લ્ડકપ 2024 જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની યજમાનીમાં રમાશે. નામિબિયાએ પહેલાથી જ ICC ટી20 વર્લ્ડકપ આફ્રિકા રિઝન ક્વાલિફાયર દ્વારા ટી20 વર્લ્ડકપ 2024 માટે તેમની ટિકિટ બુક કરી લીધી હતી.

યુગાન્ડાએ ટી20 વર્લ્ડકપ 2024માટે ક્વાલિફાઈ કર્યું હોવાથી ઝિમ્બાબ્વેનું



સપનું ચકનાચૂર થઈ ગયું છે અને તે આવતા વર્ષે ટી20 વર્લ્ડકપ 2024માં ભાગ લઈ શકશે નહીં. ક્વાલિફાઈ થયેલી ટીમોમાં વેસ્ટ ઈન્ડિઝ, યુ.એસ.એ, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ભારત, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, સાઉથ આફ્રિકા, શ્રીલંકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, આયર્લેન્ડ, સ્કોટલેન્ડ, પપુઆ ન્યુ ગીની, કેનેડા, નેપાળ, ઓમાન, નામીબિયા, યુગાન્ડાનો સમાવેશ થાય છે.

# ગુજરાતે રિટેન કર્યાના 2 કલાકમાં હાર્દિકની મુંબઇ ઇન્ડિયન્સમાં વાપસી

IPL 2024 સીઝનને લઈને રવિવારનો દિવસ ખુબ ખાસ રહ્યો. આ દિવસે તમામ 10 ટીમોએ પોતાના પ્લેયર્સની રિટેન અને રિલીઝ યાદી જાહેર કરી. જેમાં ચોંકાવનારો નિર્ણય સામે આવ્યો.

ટ્રાન્સફર વિંડો હેઠળ IPLના ઈતિહાસની સૌથી મોટી ટ્રેડ જોવા મળી. ગુજરાત ટાઈટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ અંતે GTમાંથી અલવિદા કહ્યુ છે. હવે તેઓ પોતાની જૂની ટીમ મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાયા છે.



એક મોટી ટ્રેડના 2 કલાક પહેલા જ ગુજરાત ટાઈટન્સે કેપ્ટન હાર્દિક પંડ્યાને રિટેન કર્યો હતો. ત્યારે મનાઇ રહ્યુ હતુ કે તેઓ આગામી સીઝનમા ગુજરાત સાથે જ રમતા જોવા મળશે. પરંતુ 2 કલાક બાદ જ મોટી ટ્રેડ દ્વારા મુંબઈએ પોતાના 8 પ્લેયર્સને રિલીઝ કર્યા છે. આ પ્લેયર્સ યશ દયાલ, કેએસ ભરત, શિવમ માવી, ઉર્વિલ પટેલ, પ્રદિપ હાંગવાન, ઓડિયન સ્મિથ, અલ્ઝારી જોસેફ અને દાસુન સનાકા છે.

# મારી પણ ઈચ્છા છે કે હું IPL રમુ: હસન અલી

નવી દિલ્હી : પાકિસ્તાનનો ફાસ્ટ બોલર હસન અલી આઈપીએલમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેણે પોતે એક ઈન્ટરવ્યુમાં આ વાત સ્વીકારી હતી. હસન અલીએ કહ્યું છે કે તેની ઈચ્છા એક દિવસ આઈપીએલ રમવાની છે. IPL 2024ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ મેગા ટૂર્નામેન્ટની આગામી સિઝન માટે ખેલાડીઓની હરાજી 19મી ડિસેમ્બરે દુબઈમાં યોજાશે. લગભગ દરેક ક્રિકેટર ક્રિકેટની સૌથી મોટી લીગનો ભાગ બનવા માંગે છે. પરંતુ પાકિસ્તાની ક્રિકેટરોને તેમાં રમવાની તક મળતી નથી.

# રાહુલ દ્રવિડ જ રહેશે ભારતીય ટીમનો હેડ કોચ

**મુંબઈ**

ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા રાહુલ દ્રવિડને ફરી એકવાર ભારતીય ટીમનો હેડ કોચ બનાવવામાં આવ્યો છે. ODI World Cup 2023ના સમાપન સાથે જ તેનું કાર્યકાળ પણ સમાપ્ત થઈ ગયું હતું. પરંતુ હવે BCCIએ રાહુલ દ્રવિડ એન્ડ કંપનીને રિટેન કરવાનો નિર્ણય કર્યો છે. સિનિયર મેન્સ ટીમના હેડ કોચ રાહુલ દ્રવિડ સાથે સપોર્ટ સ્ટાફના કોન્ટ્રાક્ટ પણ એક્સ્ટેન્ડ કર્યા છે. હેડ કોચ અને સપોર્ટ સ્ટાફનું કાર્યકાળ કેટલા દિવસ માટે આગળ વધારવામાં આવ્યો છે તેના વિશે BCCIએ કોઈ માહિતી આપી નથી.



BCCIએ કહ્યું છે કે, ‘BCCIએ રાહુલ દ્રવિડ સાથે તાજેતરમાં સમાપ્ત થયેલા ODI World Cup 2023 પછી તેમનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થયા પછી તેમની સાથે ચર્ચા કરી હતી અને દરેકની સંમતિથી કોન્ટ્રાક્ટને લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બોર્ડ ભારતીય ટીમને ઘડવામાં રાહુલ દ્રવિડની ભૂમિકાને ઓળખે છે અને તેમની અસાધારણ વ્યાવસાયિકતાની પ્રશંસા કરે છે. બોર્ડ NCAના હેડ કોચ અને ભારતીય ટીમના સ્ટેન્ડ-ઈન હેડ કોચ તરીકે વીવીએસ લક્ષ્મણની ભૂમિકાની પણ પ્રશંસા કરે છે. તેમની મહાન ઓનફિલ્ડ ભાગીદારીની જેમ જ રાહુલ દ્રવિડ અને વીવીએસ લક્ષ્મણે ભારતીય ક્રિકેટને આગળ વધાર્યું છે.’ કોચ રાહુલ દ્રવિડે કહ્યું, ‘ટીમ ઈન્ડિયા સાથેના છેલ્લા 2 વર્ષ ખૂબ જ યાદગાર રહ્યા છે. સાથે મળીને અમે ઉતાર-ચઢાવ જોયા છે. અમે ડ્રેસિંગ રૂમમાં જે સંસ્કૃતિ સ્થાપિત કરી છે તેના પર મને ખરેખર ગર્વ છે. અમારી ટીમ પાસે જે કૌશલ્ય અને પ્રતિભા છે તે અસાધારણ છે.

# કોહલીએ વ્હાઈટ બોલ સિરીઝમાંથી બ્રેક લીધો

**મુંબઇ**

ઘરઆંગણે રમાયેલા વન-ડે વર્લ્ડ કપમાં સર્વાધિક રન બનાવનાર ભારતના સિનિયર બેટ્સમેન વિરાટ કોહલીએ વધુ બે શ્રેણીમાંથી બ્રેક લેવાનો નિર્ણય કર્યો છે. ભારતીય ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયા સામે પાંચ મેચની ટી૨૦ શ્રેણી રમી રહી છે અને ત્યારબાદ સાઉથ આફ્રિકાનો પ્રવાસ ખેડશે. ૧૦મી ડિસેમ્બરથી ભારતનો સાઉથ આફ્રિકન પ્રવાસ શરૂ થશે અને ટૂરમાં ભારતીય ટીમ ત્રણ ટી૨૦, ત્રણ વન-ડે તથા બે ટેસ્ટ મેચ રમશે. વ્હાઈટબોલ ક્રિકેટથી દૂર રહેવાના કોહલીએ કરેલા નિર્ણયના કારણે વિવિધ અટકળો શરૂ થઈ હતી.

# સ્પેનની હોકી ટૂર્નામેન્ટ માટે હરમનપ્રીત સિંહને ભારતીય ટીમનું સુકાન સોંપાયું

**નવી દિલ્હી**

અનુભવી ડ્રેગ ફ્લિકર હરમનપ્રીતસિંહ ૧૫ થી ૨૨ ડિસેમ્બર વચ્ચે સ્પેનના વાલેન્શિયામાં યોજાનારી પાંચ દેશની હોકી ટૂર્નામેન્ટમાં ભારતની ૨૪ સભ્યોની ટીમનું નેતૃત્વ કરશે. ટીમમાં યુવા અને અનુભવી ખેલાડીઓને સામેલ કરાયા છે. સુમિત અને અમિત રોહિદાસ ઉપસુકાની રહેશે. આ ટૂર્નામેન્ટ હોકી પ્રો લીગ સેશનની તૈયારી માટે મહત્ત્વપૂર્ણ રહેશે. તેમાં ભારતનો સામનો સ્પેન, જર્મની, ફ્રાન્સ અને બેલ્જિયમ સાથે થશે.

ગોલ કીપિંગમાં પીઆર શ્રીજેશ અને કૃશન બી પાઠકની સાથે સૂરજ કરકેરાને સમાવાયો છે. ડિફેન્સની જવાબદારી હરમનપ્રીત, જરમનપ્રીત સિંહ, જુગરાજ સિંહ, રોહિદાસ, વરુણ કુમાર, સુમિત, સંજય અને નીલમ સંજીપ સેસના હાથમાં રહેશે. મુખ્ય કોચ ક્રેગ ફુલ્ટને કહ્યું હતું કે આ ટૂર્નામેન્ટથી યુવાનોને દુનિયાની ટોચની ટીમો સામે રમવાનું દબાણ અનુભવવાની તક મળશે. એક વિજ્ઞપ્તિમાં તેમણે કહ્યું હતું કે અમારી પાસે યુવા અને અનુભવી ખેલાડીઓની સંતુલિત ટીમ છે. ટૂર્નામેન્ટમાં અમને વિવિધ વસ્તુઓ અજમાવવાની તક મળશે. સાથે જ યુવા ખેલાડીઓને દુનિયાની શ્રોષ્ઠ ટીમો સામે રમવાના દબાણની અનુભૂતિ કરવાની તક પણ મળશે.

# નેક્સ્ટ જેન ટેનિસ ફાઈનલ્સમાં આર્થર ફિલ્સ-લુકા વાન એશ જીત્યા

**કતાર**

આર્થર ફિલ્સ અને લુકા વાન એશે પ્રથમ વખત સાઉદી અરબમાં રમાતી નેક્સ્ટ જેન ફાઈનલ્સ ટેનિસના રાઉન્ડ રોબિન તબક્કામાં પોતપોતાના મુકાબલા જીતી લીધા હતા. ટૂર્નામેન્ટમાં ટોચનો ક્રમાંક ધરાવતા ૧૯ વર્ષીય ફ્રેન્ચ ખેલાડી ફિલ્સે લુકા નાર્ડીને ૨-૪, ૪-૩, ૪-૨, ૧-૪, ૪-૨થી પરાજય આપ્યો હતો. લુકા વાને વાઈલ્ડ કાર્ડ ધરાવતા અબ્દુલ્લા શેલબાયને ૪-૩, ૩-૪, ૪-૧, ૪-૧થી હરાવ્યો હતો. હમાદે એલેક્સ મિશેલસેન સામે ૪-૨, ૪-૩, ૩-૪, ૩-૪, ૪-૩થી વિજય મેળવ્યો હતો.

# રોનાલ્ડોએ બોક્સની અંદર ફાઉલ સાથે મળેલી પેનલ્ટી જવા દીધી

**નવીદિલ્હી**

વિશ્વના સૌથી બેસ્ટ ફૂટબોલર્સમાંના એક પોર્ટુગીઝ ખેલાડી ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ રમતના મેદાન પર પોતાની દરિયાદિલી દેખાડીને ઈન્ટરનેટ પર પ્રશંસાનો સમુદ્ર ઊભો કરી દીધો છે. એશિયન ચેમ્પિયન્સ લીગમાં પર્સેપોલિસની સામે પોતાની ટીમ અલ નસ્રના મુકાબલા દરમિયાન રોનાલ્ડોએ રેફરીને મળીને પેનલ્ટીનો નિર્ણય બદલી નાખવા જણાવ્યું હતું. આ ઘટના જોઈને ફેન્સ આૃર્યચકિત છે. રોનાલ્ડોને મોટાભાગે જોતાં હોઈએ છે કે તે પેનલ્ટી લેવાની કોઈ તક છોડતો નથી, જો કે આ મેચમાં તેણે પેનલ્ટી લેવાનો ઈનકાર કરી દીધો હતો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર તેના ફેન્સ પ્રશંસાના પુલ બાંધી રહ્યા છે અને કહી રહ્યા છે કે રોનાલ્ડોએ દિલ જીતી લીધું છે. વાસ્તવમાં બનેલી ઘટના અનુસાર અલ નસ્રના કાઉન્ટર એટેક દરમિયાન પર્સેપોલિસના બોક્સની અંદર તેના એક ખેલાડીનો પગ ડિફેન્સ કરવા દરમિયાન રોનાલ્ડોને અડી ગયો હતો અને તે પડી ગયો હતો. તે પછી રેફરીએ અલ નસ્રને પેનલ્ટી આપી હતી. જો કે રોનાલ્ડો તરત જ રેફરી પાસે ગયો હતો અને તેને પોતાનો નિર્ણય બદલવા જણાવ્યું હતું. તે પછી અલ નસ્રના બાકીના ખેલાડીઓએ પણ ફરી પેનલ્ટી લેવાનો દાવો કર્યો ન હતો.

# ભારતે પેલેસ્ટાઈનને માનવતાના ધોરણે કુલ ૭૦ ટન મદદ મોકલી

## 16.5 ટન દવાઓ અને ચિકિત્સા આપૂર્તિનો સમાવેશ, મધ્યપૂર્વમાં વધતી જતી સુરક્ષાની સ્થિતિને ચિંતાજનક ગણાવી

**તેલઅવીવ**

હમાસના હુમલા પછી ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં પેલેસ્ટાઈનના નાગરિકો પણ ભોગ બની રહયા છે જેની હવે ભારતે પણ વિશ્વમંચ પર ટીકા કરી છે. આતંકીઓ પર કાર્યવાહી થવી જોઈએ, પરંતુ નિદોર્ષ લોકોને સજા મળવી જોઈએ નહી એવો સ્પષ્ટ સંદેશ યુનાઈટેડ નેશનમાં આપવામાં આવ્યો હતો.

યુએનમાં ભારતના સ્થાઈ પ્રતિનિધિ રુચિરા કંબોઝે કહયું હતું કે ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલતા સંઘર્ષમાં મોટા પાયે નાગરિકોને થઈ રહેલું નુકસાન સ્વીકાર્ય નથી. ૨૯ નવેમ્બરના રોજ પેલેસ્ટાઈનના લોકો સાથે આંતરરાષ્ટ્રીય એકતા દિવસ મનાવવામાં આવે છે.કંબોઝે ભારત અને પેલેસ્ટાઈન વચ્ચેના ઐતિહાસિક સંબંધો અને શાંતિ સમૃધ્ધના પ્રયાસોમાં પેલેસ્ટાઈનના લોકોને સતત સમર્થન આપતું રહેશે. મધ્યપૂર્વમાં વધતી જતી અ સુરક્ષાની સ્થિતિને ચિંતાજનક ગણાવી હતી. ખાસ કરીને મહિલાઓ અને બાળકોની જીવહાની તથા માનવપ્રેરિત સંકટમાં અત્યાચાર જરાં પણ સ્વીકાર્ય નથી. ભારતના સ્થાયી સભ્યએ જણાવ્યું હતું કે ભારત હંમેશા ઈઝરાયેલ-પેલેસ્ટાઈન મુદ્દાને વાતચિત દ્વારા સમાધાન થાય તેનું હિમાયતી રહયું છે. જેથી કરીને પેલેસ્ટાઈન એક સંપ્રભુ, સ્વતંત્ર અને વ્યહવારુ રાજયની સ્થાપના થઈ શકે.

## સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારતે ગાઝામાં યુદ્ધ વિરામને આવકાર્યો

યુનો : ઇઝરાયલ- હમાસ સંઘર્ષમાં યુદ્ધ વિરામની ચાર દિવસની મુદત વધુ બે દિવસ લંબાવવામાં આવી છે. ભારતે તેને આવકારતાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠકમાં આજના આંતરાષ્ટ્રીય એકતા દિવસે પેલેસ્ટાઇની નાગરિકો સાથે લાંબાગાળાના સંબંધોની પુષ્ટિ કરી છે. ઉલ્લેખનીય છે કે ઇઝરાયલ- હમાસ યુદ્ધમાં આશરે ૧૫ હજારથી વધુનાં મૃત્યુ થયા છે. જો કે છેલ્લા પાંચ દિવસથી બંને પક્ષોએ યુદ્ધ વિરામ જાળવી રાખ્યો છે. દરમિયાન હમાસે ૧૨ વધુ બંધકોને મુક્ત કર્યા છે. તેને બદલે ઇઝરાયેલે ૩૦ પેલેસ્ટાઇનીઓને મુક્ત કર્યા છે. યુનો સ્થિત ભારતમાં સ્થાયી પ્રતિનિધિ રૂચિરા-કમ્બોજે મહાસભામાં જણાવ્યું હતું કે, આજે ૨૯મી નવેમ્બરે આંતરરાષ્ટ્રીય એકતા દિવસ છે. તે પ્રસંગે અમે પેલેસ્ટાઇનીઓ સાથે લાંબાગાળાના સંબંધોથી પુષ્ટિ કરીએ છીએ. પેલેસ્ટાઇનીઓને શાંતિ અને સમૃદ્ધિ મળે તેવી અભિલાષા રાખીએ છીએ. આ સાથે તેઓએ વધુમાં કહ્યું : મધ્યપૂર્વમાં સ્થિતિ તંગદિલી ભરી છે. ઇઝરાયલ હમાસ યુદ્ધને લીધે ત્યાં નાગરિકોના પણ જાન જાય છે. મહિલાઓ અને બાળકો સહિત અનેક લોકો સંકટમાં છે. આ અસ્વીકાર્ય જ છે.

### મસ્કને ગાઝા પટ્ટીની મુલાકાત લેવા હમાસનું આમંત્રણ

ઈલોન મસ્ક સોમવારે ઈઝરાયેલ પહોંચ્યા હતા, જ્યાં તેમણે વડાપ્રધાન બેંજામિન નેતન્યાહુ સાથે ખાસ મુલાકાત કરી હતી. મસ્કની ઇઝરાયલ મુલાકાત પછી તરત જ પેલેસ્ટિનિયન ઉગ્રવાદી સંગઠન હમાસે પણ મસ્કને ગાઝા પટ્ટીની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું છે, જેના જવાબમાં મસ્કએ કહ્યું કે ગાઝા પટ્ટીની સ્થિતિ અત્યારે ખતરનાક છે, તેથી અત્યારે ત્યાં જવું યોગ્ય નથી.

# ન્યૂજર્સીમાં રહેતાં ચરોતરના બ્રહ્મભટ્ટ પરિવારના 3 સભ્યોની ઘાતકી હત્યા

**ન્યૂજર્સી**

અમેરિકાના ન્યૂજર્સીમાં સેટલ થયેલા આણંદના બ્રહ્મભટ્ટ પરિવારના ત્રણ સભ્યોની હત્યાના સમાચાર બહાર આવતા અમેરિકામાં રહેતા તેમજ ચરોતર પંથકના ગુજરાતીઓમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સોમવારે સવારે ન્યૂજર્સીની પોલીસને નવ વાગ્યાની આસપાસ ગોળીબાર થયાનો મેસેજ મળ્યો હતો, જોકે પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યાં સુધીમાં દિલીપ બ્રહ્મભટ્ટ અને તેમના પત્ની બિન્દુ બ્રહ્મભટ્ટનું મોત થઈ ચૂક્યું હતું જ્યારે તેમનો દીકરો યશ બ્રહ્મભટ્ટ ગંભીર હાલતમાં હતો. યશને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યો હતો, પરંતુ તેને ટ્રીટમેન્ટ મળે તે પહેલા જ તેનું મોત થયું હતું. આ હત્યાકાંડમાં પોલીસે બ્રહ્મભટ્ટ પરિવાર સાથે જ રહેતા ઓમ બ્રહ્મભટ્ટને આરોપી બનાવ્યો છે. મૃતક દિલીપભાઈ અને બિન્દુબેન આરોપી ઓમ બ્રહ્મભટ્ટના નાના-નાની હતા, જ્યારે મૃતક યશ બ્રહ્મભટ્ટ સંબંધમાં તેના મામા થતા હતા. આ હત્યાકાંડ પાછળનો ઉદ્દેશ હજુ સુધી સ્પષ્ટ નથી થઈ શક્યો, આ કેસની તપાસ સાઉથ પ્લેનફિલ્ડ પોલીસ કરી રહી છે. મૃતક પરિવાર કોપ્પોલા ડ્રાઈવમાં આવેલા એક અપાર્ટમેન્ટમાં રહેતો હતો.

# US સૈન્યનું આઠ યાત્રી સાથેનું 'ઓસ્પ્રે' વિમાન જાપાનના દરિયામાં સમાયું: કોસ્ટગાર્ડનો દાવો

## સૈન્ય વિમાન નીચ પડતાં જ તેના ડાબા એન્જિનમાં આગ લાગી હોવાનું તારણ

**ટોક્યો**



જાપાની નજીક એક અમેરિકી સૈન્ય વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયાના અહેવાલ સામે આવ્યા છે. માહિતી મુજબ અમેરિકી સૈન્ય વિમાન ઓસ્પ્રે (Osprey) જાપાનની નજીક સમુદ્રમાં ક્રેશ થયું છે. આ વિમાન યાકુશિમા ટાપુની નજીક ક્રેશ થયું હતું જેમાં કુલ 8 લોકો સવાર હોવાની જાણકારી મળી રહી છે. અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ જાહેર થયા નથી. અહેવાલ અનુસાર જાપાનના કોસ્ટ ગાર્ડના એક પ્રવક્તાએ કહ્યું કે જહાજ પર હાજર લોકોની સુરક્ષા સહિત ઘટના વિશે હાલ કોઈ વિગતવાર માહિતી સામે આવી નથી. દુર્ઘટના સ્થાનિક સમય અનુસાર બપોરે 2.47 વાગ્યે સર્જાઈ હતી. અમેરિકી સૈન્ય વિમાન પડતાં જ તેના ડાબા એન્જિનમાં આગ લાગી ગઈ હતી. આ પહેલા ઓગસ્ટમાં ઉત્તર ઓસ્ટ્રેલિયામાં વધુ એક ઓસ્પ્રે વિમાન ક્રેશ થયું હતું. જેમાં 23 લોકો સવાર હતા અને તેમાંથી ૩ના મોત નીપજ્યા હતા.

# તાન્ઝાનિયાના સિંગિડામાં બસ અને ટ્રેન વચ્ચે અકસ્માત થતાં 13 લોકોના મોત, 25 ઘાયલ

**સિંગિડા**



બુધવારે વહેલી સવારે મધ્ય તાન્ઝાનિયાના સિંગિડા વિસ્તારમાં એક બસ ટ્રેનના એન્જિન સાથે અથડાતાં 13 મુસાફરોના મોત થયા હતા અને 25 ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક પોલીસે આ માહિતી આપી હતી. સિંગદા પ્રાદેશિક પોલીસ કમાન્ડર સ્ટેલા મુતાહિબિરવાએ ભય વ્યક્ત કર્યો હતો કે મૃત્યુઆંક વધી શકે છે. તેમણે કહ્યું કે ઘાયલ થયેલા 25 મુસાફરોમાંથી મોટાભાગનાની હાલત નાજુક છે.

તેમણે કહ્યું કે અકસ્માત સમયે બસમાં 57 મુસાફરો હતા. બસ દાર એસ સલામના કોમર્શિયલ હબથી મવાન્ઝા જઈ રહી હતી. પોલીસ કમાન્ડર મુતાહિબિરવાએ જણાવ્યું કે મુસાફરોને લઈ જતી બસ આજે સ્થાનિક સમય મુજબ સવારે 5 વાગ્યે રેલવે ક્રોસિંગ પર એક એન્જિન સાથે અથડાઈ હતી. તેમણે કહ્યુ, એવું લાગે છે કે બસ ડ્રાઈવર બેદરકારીથી બસ ચલાવી રહ્યો હતો અને ટ્રેનના આગમન પહેલા બસને રેલવે ક્રોસિંગમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યો હતો તે દરમિયાન આ દુર્ઘટના બની હતી.

# જાસૂસી સંસ્થાના પ્રમુખની પત્નીને ખોરાકમાં ઝેર, રશિયા સામે આશંકા

**કીવ**

યુક્રેનની જાસૂસી સંસ્થાના પ્રમુખની પત્નીને ઝેર આપવામાં આવ્યુ હોવાના અહેવાલોએ ચકચાર જગાવી છે. યુક્રેનના સંખ્યાબંધ મીડિયા દ્વારા આ પ્રકારના અહેવાલો પ્રકાશિત કરાયા છે. આંતરરાષ્ટ્રીય ન્યૂઝ એજન્સીના કહેવા પ્રમાણે યુક્રેનની જાસૂસી એજન્સી જીયુઆરના પ્રમુખ કિરિલો બુડાનોવના પત્ની મારિયાના બુડાનોવને ભોજનમાં ઝેર અપાયુ હતુ. યુક્રેનની જાસૂસી એજન્સી છેલ્લા 21 મહિનાથી રશિયા અને યુક્રેન વચ્ચેના યુધ્ધમાં મહત્વનો રોલ અદા કરી રહી છે.

બુડાનોવ યુક્રેનમાં ખાસા લોકપ્રિય છે. રશિયા પર હુમલા પાછળની યોજનાઓમાં તેમને માસ્ટર માઈન્ડ ગણાવવામાં આવી રહ્યા છે. બીજી તરફ રશિયન મીડિયા તેમને વિલન તરીકે ચીતરી રહ્યુ છે. તેમના પત્નીને જાણી જોઈને ઝેર આપવામાં આવ્યુ હોવાનો આરોપ સાબિત થશે તો એક હાઈ પ્રોફાઈલ યુક્રેની નાગરિકની હત્યાના પ્રયાસનો આ પહેલો અને ગંભીર મામલો હશે. બીજી તરફ આ સમગ્ર ઘટના અંગે યુક્રેનની સરકાર અને સુરક્ષા એજન્સીઓ મૌન ધારણ કરીને બેઠી છે.

# ભારતના કટ્ટર વિરોધી અમેરિકાના પૂર્વ વિદેશ મંત્રી કિસિન્જરનુ નિધન થયું

**વોશિંગ્ટન**

અમેરિકાની વિદેશ નીતિ પર સૌથી વધારે પ્રભાવ પાડનારા દેશના પૂર્વ વિદેશ મંત્રી હેનરી કિસિન્જરનુ 100 વર્ષની વયે નિધન થયુ છે. કિસિન્જરે અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપતિ રિચર્ડ નિક્સન તેમજ જિરાલ્ડ ફોર્ડના સમયમાં અમેરિકાની વિદેશ નીતિમાં મહત્વનો રોલ અદા કર્યો હતો. કોંગ્રેસના સિનિયર નેતા જયરામ રમેશે કહ્યુ છે કે, 1971માં અમેરિકન રાષ્ટ્રપતિ નિક્સન તેમજ કિસિન્જરે ભારત માટે માથાનો દુખાવો ઉભો કર્યો હતો પણ ભારતના વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અને તેમના સહયોગી અધિકારી પી એન હક્સરે નિક્સન અને કિસિન્જરને પછડાટ આપી હતી.

# ન્યુ ઝીલેન્ડમાં સરકારે શાળાઓમાં ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો

**ઓકલેન્ડ**

ન્યુઝીલેન્ડની નવી સરકારે ધૂમ્રપાન પર પ્રતિબંધ હટાવવાના ચોંકાવનારા નિર્ણય બાદ શાળાઓને લઈને નવો નિર્ણય લીધો છે. ન્યુઝીલેન્ડની નવી સરકાર દ્વારા હવે શાળાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવી શકે છે. આના એક દિવસ પહેલા, ભૂતપૂર્વ PM જેસિકા આર્ડર્ન દ્વારા ગયા વર્ષે મંજૂર કરાયેલ તમાકુ પ્રતિબંધને રદ કરીને નવી સરકાર અચાનક ચર્ચામાં આવી હતી. નવા PM ક્રિસ્ટોફર લક્સને સિગારેટ પરના આજીવન પ્રતિબંધને હટાવવા માટે 100 દિવસનો મહત્વાકાંક્ષી એજન્ડા જારી કર્યો છે.

ન્યુઝીલેન્ડના નવા વડા પ્રધાન ક્રિસ્ટોફર લક્સને બુધવારે તેમના કાર્યાલયના પ્રથમ 100 દિવસ માટે નવો એજન્ડો બહાર પાડ્યો છે. કન્ઝર્વેટિવ સરકાર આગામી ત્રણ મહિનામાં અમલમાં મૂકી શકે છે. આ યોજના જાહેર આરોગ્ય માટે ફટકો છે અને તમાકુ ઉદ્યોગની જીત છે. બે શિક્ષણ પહેલો અમલમાં મૂકવાની પણ યોજના છે, જેમાં શાળાઓને દરરોજ એક કલાક વાંચન, લેખન અને ગણિત શીખવવું જરૂરી છે.

# સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવનાર નેપાળ દક્ષિણ એશિયાનો પ્રથમ દેશ બન્યો

**કાઠમંડુ**

સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવનાર નેપાળ દક્ષિણ એશિયાનો પ્રથમ દેશ બન્યો છે. નેપાળમાં પ્રથમ ગે કપલે તેમના લગ્નની નોંધણી પણ કરાવી છે. નેપાળની સર્વોચ્ચ અદાલતે અગાઉ આ અંગે પોતાનો ચુકાદો આપ્યો હતો. નેપાળે તેના પ્રથમ સમલૈંગિક લગ્નને સર્વોચ્ચ અદાલત દ્વારા કાયદેસર બનાવવામાં આવ્યાના પાંચ મહિના પછી ૨૯ નવેમ્બરે સત્તાવાર રીતે તેની નોંધણી કરી હતી. ૩૫ વર્ષીય ટ્રાન્સ વુમન માયા ગુરૂંગ અને ૨૭ વર્ષીય ગે પુરૂષ સુરેન્દ્ર પાંડેએ પશ્ચિમ નેપાળના લામજુંગ જિલ્લાની દોર્ડી ગ્રામીણ નગરપાલિકામાં કાયદેસર રીતે લગ્ન કર્યા હતા.





# દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોનું દીવાળી સ્નેહમિલન

## ભક્તિગીત સંગીત, ડાન્સ, ગરબા સહિતના કાર્યક્રમોમાં જ્ઞાતિબંધુઓએ ઉત્સાહભેર ભાગ લીધો, ભારત અને કેનેડાના રાષ્ટ્રગીતનું ગાન કરાયું

બ્રામ્પ્ટન : દરજી સમાજ ઓફ ઓન્ટેરિયોનું 39મું દીવાળી સ્નેહમિલન તારીખ 25 નવેમ્બર 2023નાં રોજ ચાંદની કન્વેન્શન સેન્ટર, બ્રામ્પ્ટન ખાતે યોજાયું હતુ. જેમાં 230થી વધુ વ્યક્તિએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત હર્ષિકાબેન કાપડિયાએ પ્રાર્થનાથી કર્યા બાદ ત્યારબાદ બાળકોએ કેનેડિયન રાષ્ટ્રગીત અને વડીલોએ ભારતીય રાષ્ટ્રગીત ગાયું હતું. દરેક વડીલનું પુષ્પ આપી સન્માન કર્યા પછી ક્રિષ્ના અને ધ્રુવી ટેલરે ગણેશ સ્તુતિ સાથે નૃત્ય કર્યું હતું. આયોજક સમિતિના મનીષભાઈ તથા વૈશાલીબેન, વિનયભાઈ તથા મયુરીબેન,





સમરભાઈ તથા અંકિતાબેન, પીયુષભાઈ તથા રીનાબેન અને તેમનાં પરિવાર દ્વારા ભક્તિગીત સંગીત સાથે દીપ પ્રગટાવ્યા હતા.

મનોજભાઈ, ગીતાબેન, વિશાલભાઈ, વિનયભાઈ દ્વારા ફિલ્મી ગીતોની રમઝટ બોલાવાઈ હતી. અશોકભાઈ કાપડિયાએ ગુજરાતીમાં જોક્સ કહી બધાને હસાવ્યા હતા. નીશા, ક્રિષ્ના, મહેક, જય, ત્રિશલ, માધવ, વિનય તથા સ્મીતા, દીપેશ તથા દીપાલી શૈલેષ તથા દીવ્યા, સાગર તથા હરીષા, હેમંત તથા તૃપ્તી, આરતી દ્વારા ફિલ્મી ગીત પર સુંદર નૃત્ય રજુ કરવામાં આવ્યું હતુ. શોકભાઈ, દિપકભાઈ, મનોજભાઈ, જય, હિતેશભાઈ, જીજ્ઞેશભાઈએ ઝુમ ઝુમ બરાબર ઝુમ કવ્વાલી ગાઈ હતી. કવ્વાલીએ આખી પાર્ટીમાં ચાર ચાંદ લગાવ્યા હતા. આખા કાર્યક્રમ દરમિયાન વિવિધ વિષયો પર ઉપરના પર્ફોમન્સ રજૂ કરનારાઓને ઈનામ આપવામાં આવ્યા હતા. અને વિજેતાને ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં દરેક વ્યક્તિએ 360 Photobooth અને Still photoboothનો આનંદ માણ્યો હતો. આયોજકો દ્વારા ચંપકભાઈ ટેલરનો સમગ્ર કાર્યક્રમ દરમિયાન ફોટોગ્રાફી કરવા બદલ આભાર માન્યો હતો. આયોજકો દ્વારા સ્વાદીષ્ટ એપેટાઈઝર અને સૌને ભાવતી વાનગીઓની વ્યવસ્થા રાખવામાં આવી હતી. અમ્રતભાઈ ટેલર દ્વારા આયોજક સમિતિનો આભાર માનવામાં આવ્યા હતો. કાર્યક્રમના અંતમાં ગરબા અને ડાન્સનો આનંદ માણી બધા છૂટા પડ્યાં હતા.



CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

SHARP INTERNATIONAL IMMIGRATION

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

AUSTRALIA VISA FOR CANADIAN CITIZENS

CANADA IMMIGRATION
- Canada PR
- Canada LMIA Job Offer
- Canada Work Visa
- Canada Business/ Investor Visa
- Canada Visitor visa
- Canada Spousal visa
- Family Sponsorship
- Super Visa

AUSTRALIA IMMIGRATION
- Australia Skilled Regional Visa
- Skilled Nominated Visa
- Skilled Independent Visa
- Temporary Skilled Work visa
- Employer Nomination Scheme
- Business Investor Visa

STUDY ABROAD SERVICES:
- Study in Canada/ Australia/ UK USA/ Newzealand
- Study in Singapore/ Malta/ Latvia Finland/ Malta/ Poland
- Europe Work Visa

14+ YEARS EXPERIENCED & REFUSAL CASES SPECIALIST

CONTACT US



AMI MEHTA
CANADIAN AUTHORIZED IMMIGRATION PRACTITIONER
@sharpimmigration
Follow us

: NIGERIA :
Shop 22, Lobita Mall, 2 Lobita Crescent, Wuse 2, Abuja
+234-8146184869

: CANADA :
499 Main Street, Unit 94Brampton Ontario L6Y1N7
+1-416-745-2466

: INDIA :
101,102, Siddharth Complex, Alkapuri, Vadodara, Gujarat
+91-98255 56911